સળંગ અંક ૫૧૧

કુમાર

સંસ્થાપક : રવિશંકર રાવળ

તંત્રી : બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક · વર્ષ ૪૩મું · અંક ૭મો · માહે જુલાઈ ૧૯૬૬





ગૃધ્રકૂટ આગળ (ચિત્રકાર: અબુલ કલામ) બિહારમાં રાજગૃહ આગળ ગૃધ્રકૂટ નામનો પહાડ છે ત્યાં બુદ્ધ ભગવાને તપસ્યા કરી હતી. એ સ્થળનું પ્રકૃતિદર્શન એટલું રમ્ય છે કે કોઇને પણ ત્યાં ધ્યાનની ઇચ્છા થાય. ઉદેપુરના આ યુવાન કલાકારે પણ એવી જ પ્રેરણાથી પ્રેરાઈ આ રમણીય દૃશ્ય આલેખ્યું હતું. શ્રી કલામનો પરિચય અગાઉ 'કુમાર' અંક ૨૧૧માં આવી ગયો છે.

વાચકો લખે છે

જૂન અંકમાં શ્રી રવિશંકર રાવળનાં 'સ્મૃતિ-ચિત્રો'ની કણિકા '૨૪૮ સપ્લિમેન્ટરી ટર્મનો ફતવો' (પૃષ્ઠ ૧૮૫) વાંચતાં વિસંવાદ લાગ્યો. પૂર્વાપર સંબંધથી 'સપ્લિમેન્ટરી ટર્મ'નો ફતવો સને ૧૯૧૨માં અમલમાં આવ્યો એવો ભાસ થાય છે. જો આવું હોય તો મને લાગે છે કે એમાં શ્રી રાવળનો સ્મૃતિદોષ છે. 'સપ્લિમેન્ટરી ટર્મ' (અમે એને ઇન્ટર કૅલેરી ટર્મ કહેતા)નો સમય તા. ૨૧મી ડિસેમ્બર ૧૯૧૪ થી ૧૦મી માર્ચ ૧૯૧૫નો હતો. કૉલેજના પ્રથમ વર્ષમાં મારે ત્રણ ટર્મ ભણવું પડેલું એટલે આ મને બરોબર યાદ છે.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

'અમદાવાદના મિનારા કેમ હાલે છે' એ લેખના અંત ભાગમાં જણાવ્યું છે કે સમાંતરે આવેલો મિનારો હાલે તે એક આર્કિટેકચરલ ભ્રમ છે. કાળુપુર રેલવે સ્ટેશન પાસે આવેલા મિનારા વિષે આ વસ્તુ સાચી નથી. શંકા હોય તેમણે એક મિનારા ઉપર આંખે રૂમાલ બાંધી ઊભા રહીને બીજો મિનારો હલાવવાનું મિત્રને કહેવાથી શંકા દૂર થશે. આપણા શરીરને સ્પંદન મળવાથી પ્રતીતિ થશે કે આ આર્કિટેકચરલ 'ઈલ્યુસ્ઝન' નહિ પણ 'માર્વેલ' (અજાયબી) છે. ટ્રેઈનમાં મુસાફરી કરનાર પોતે ગતિ કરતો હોય ત્યારે ભ્રમ થાય છે, પરંતુ જો કોઈ દોડતી ટ્રેઈનને જોઇએ ત્યારે એવું થાય નહિ. બંનેમાંથી એક મિનારા ઉપર ઊભા રહ્યા પછી રૂમાલ બાંધીને પ્રયોગ ફરીથી કરવાની લેખકને મારી નમ્ર વિનંતી છે.

(મુંબાઇ) —જગદીશ અં. મહેતા

ઈ.સ. પૂર્વે બીજી સદીમાં તાશ્કંદનો ઈલાકો યૂ-ની yu-ni નામે ઓળખાતો અને ત્યાં ખાના-બ-દોશ (જિપ્સીઓ)ની વસાહત હતી. ઈસુની ત્રીજી સદીમાં એ ભૂમિનું નામ co-ci (કો-સી) પડ્યું. ચીની ભાષામાં શીનો અર્થ પથ્થર થાય છે. ઇ. સ. ૭૫૧માં શાશ કુળના રાજાને હરાવીને અરબોએ એ ભૂમિ ઉપર કબજો કર્યો અને તે તુર્ક જાતિને હવાલે કરીને ચાલ્યા ગયા. 'તાશકંત' તુર્કી ભાષાનો શબ્દ છે. તાશ =પથ્થર, કંત=ગામ =પથ્થરપુર.

અલ બયરૂનીએ (ઈ. સ. ૯૭૦-૧૦૩૦) સૌથી પહેલાં 'કિતાબુલ-હિંદ'માં તાશ્કંતનું અપભ્રંશ તાશ્કંદ લખ્યું છે. ચંગેઝખાન (જંગીઝખાન નહિ)નાં ધાડાં સમયે એનું નામ તાશ્કંત હતું. ઉઝબેકિસ્તાનનું પાટનગર તાશ્કંદ નહિ પણ સમરકંદ છે. જેમ 'અહમદાબાદ'નું 'અમદાવાદ' થયું, તેમ મૂળ તાશ્કંતનું બોલવામાં તાશ્કંદ થયું, પણ લખવામાં તાશ્કંત રહ્યું.

(કરાચી) —ગુલામહુસયન મુસ્તફા

શ્રી નંદલાલ બોઝ (આપે 'નંદલાલ વસુ' લખ્યું છે)ના અવસાનનું વાંચી દિલગીર થયો. ઇ. ૧૯૩૬માં 'વિશાલ ભારત'વાળા પં. બનારસીદાસ ચતુર્વેદી અને ભાઇ વ્રજલાલ વર્મા સાથે, શાંતિનિકેતનમાં એમની કલાશાળા જોઈ હતી. ૧૯૩૮માં હું બ્રહ્મદેશથી હરિપુરા કોંગ્રેસમાં ડેલીગેટ બનીને આવ્યો હતો ત્યારનો એક પ્રસંગ યાદ આવે છે. શ્રી નંદબાબુને બંગાળનું કોઈ કંદમૂળ ખાવાની ઈચ્છા થઈ. પોતે ગુજરાતી તો જાણે નહિ, એટલે એમણે એ વસ્તુનું ચિત્ર દોરી ત્યાંના માણસોને બતાવ્યું. ચિત્ર જોઇને કોઈ ગાજર, મૂળો, સક્કરિયાં, વેંગણ, એમ જેને જે સમજમાં આવ્યું તે લઈ આવ્યા; પણ શ્રી નંદબાબુને જે વસ્તુ ખાવાની ઈચ્છા હતી તે મળી નહિ. એટલે એમણે ચિત્ર ઉપર પીંછી ઠોકીને તોડી નાખી અને કહ્યું: 'મારી કલા આજે ઝંખવાઈ—લજવાઈ. ચિત્ર દ્વારા મારી ઇચ્છા પૂર્ણ થઈ નહિ.' અને તેઓ નિરાશ થઈને આખો દિવસ કુટિરમાં બેસી રહ્યા.

હું ભૂલતો ન હોઉં તો આ વાત શ્રી કનુ દેસાઈના મોંએ હરિપુરામાં જ સાંભળી હતી. હરિપુરાના શોભનકાર્યમાં શ્રી નંદલાલબાબુ સાથે શ્રી કનુભાઇનો પણ હાથ હતો.

(કરાચી) —ગુલામહુસયન મુસ્તફા

[*(૧) મૂળ બંગાળી 'વસુ' ઉપરથી જ બોઝ થયું છે: 'વસુ'-'બોશુ'-'બોઝ': જેમ 'ઠાકુર'-નું 'ટાગોર' અંગ્રેજીમાં થયું. એવાં બીજાં રૂપ પણ છે: 'વંદ્યોપાધ્યાય'નું 'બંદોપાધ્યાય' થઇને 'બૅનરજી', 'ચટ્ટોપાધ્યાય'નું 'ચૅટરજી', 'ગંગોપાધ્યાય'નું 'ગાંગુલી' વગેરે. (૨) હરિપુરામાં કનુ દેસાઇ શ્રી રવિશંકર રાવળની સાથે આવેલા, નંદબાબુ સાથે નહિ.]

પ્રવાસમાંથી આવતાં એક મિત્રને સહસા પૂછ્યું: 'નંદબાબુ અંગે શોકસભા થઈ ગઇ?' ઉત્તર મળ્યો: 'કોણ શોકસભા ભરે?' આથી શરમ અને ક્ષોભ અનુભવી રહ્યો'તો. એવામાં 'કુમાર'ના ઉપરણાથી માંડીને છેલ્લાં પાના

કલા-અંક

અગાઉ જાહેર કર્યા પ્રમાણે આગામી (ઑગસ્ટ) માસમાં આવતા શ્રી રવિશંકર રાવળના ૭૫મા વર્ષ-પ્રવેશ નિમિત્તે 'કુમાર'નો ખાસ 'કલા-અંક' પ્રકટ કરવાનો હતો, પરંતુ મોડા પડતા જતા અંકોને નિયમિત કરવાનું કર્તવ્ય પહેલું સમજીને એ અંક ઑક્ટોબર માસમાં કાઢવાનું ઠરાવ્યું છે. પાંચસોમા અંક કરતાં જુદી જ દિશામાં સમૃદ્ધ બનનારો એ અંક સંખ્યાબંધ રંગચિત્રો, નાનાવિધ પદ્ધતિ-પ્રકારનાં મબલખ સાદાં ચિત્રો, અને ગુજરાતની કલાનાં વિવિધ પાસાં ઉપસાવતી રૂપરેખા તથા બીજી અભ્યાસસામગ્રી સાથે આપણા કલા-સાહિત્યમાં અભૂતપૂર્વ સર્જન બની રહેશે. ઘણીખરી આર્ટપેપર ઉપર છપાનારી એ અંકની કલાસામગ્રી માટે આ કપરી મોંઘવારીમાં થનારા મોટા ખર્ચને પહોંચી વળવા સારુ જાહેરખબરોના ટેકાની જરૂર પડશે. અમને શ્રદ્ધા છે કે 'કુમાર' પ્રત્યેના સદ્ભાવ અને પ્રેમથી સૌએ ૫૦૦મા અંક વખતે અમને જે હૂંફ આપી હતી તેથી પણ અદકી રીતે ગુજરાતના કલાગુરુના અમૃતોત્સવ માટેના આ સાહસમાં સૌ પોતાની સહાનુભૂતિ વહેવડાવશે.

સુધી જે રીતે નંદબાબુને શ્રદ્ધાંજલિ અપાએલી જોઈ તેથી આનંદ થયો—ખૂબ આનંદ થયો. અમદાવાદની નામોશી ભૂંસવામાં 'કુમારે' સહૃદયતાપૂર્વક,ઉત્સાહપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પી એ આનંદની વાત છે!

(અમદાવાદ) —છગનલાલ જાદવ

કુછ દિન પૂર્વ શ્રી જગન્નાથજી અધિવાસી 'કુમાર' કા આચાર્ય નન્દલાલ બોસ કા વિશેષાંક લેકર મેરે પાસ આયે, જિસે દેખકર મન અત્યન્ત હી પ્રસન્ન હુઆ. આપને નંદલાલ બોસ કો, ઇતની દૂર બૈઠ કર જો શ્રદ્ધાંજલિ દી હૈ વહ સ્તુત્ય હૈ. ઇસ કે પ્રત્યેક પૃષ્ઠ પર આપ કા ગહરા અધ્યયન, સૂક્ષ્મ દૃષ્ટિ, સહૃદયતા ઔર વિવેક કા પરિચય મિલતા હૈ. આપને 'ગાગર મેં સાગર' ભર દિયા. મેરી સમઝ બંગલા કે અતિરિક્ત કિસી અન્ય ભાષા મેં ઇતના સમગ્ર પ્રકાશન નહીં હુઆ.ઇસહેતુ આપકો બધાઈ હૈ.

(વારાણસી) —રાય કૃષ્ણદાસ

જૂન અંક ખૂબ રસવત્તા ને કલાસામગ્રીથી ભરપૂર અને સમૃદ્ધ બન્યો છે. આટલી પ્રચુર કલાસામગ્રી તો કદાચિત્ કોઇ બંગાળી સામયિક પત્રમાં પણ એકસાથે ન પિરસાઇ હોય. ખૂબ નૈપુણ્ય ને ચીવટથી એનું સંપાદન થયું છે. આવો રસસમૃદ્ધ અંક કાઢવા બદલ પ્રેમપૂર્ણ અભિનંદન.

'પ્રશાંત શિવ' ચિત્રના પરિચયમાં 'પાર્વતી' શબ્દની જગ્યાએ 'સતી' લખ્યું હોત તો વધુ તાત્ત્વિક બની શકત.

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

'કુમાર'નો નન્દબાબુ અંક મળતાં શાન્તિનિકેતન, વાતાવરણ, ચિત્રો, સર્વ યાદ આવ્યું. અંક ખૂબ સુંદર અને અમૂલ્ય બન્યો છે. ઘણાં જ સારાં ચિત્રો નાનીમોટી સાઈઝમાં આનંદ અને ચેતના આપે છે! એમનાં ચિત્રોના વિષયો, એટલી અનોખી પદ્ધતિ, એટલાં અલગ કંપોઝીશન, આ બધી સામગ્રી જેટલી 'કુમારે' આપી છે તેવી બંગાળમાં યે કોઇએ નથી આપી. બીજે તો છે જ શું?

(મુંબાઇ) —કનુ દેસાઇ

કલાચાર્ય નન્દલાલ વસુનો આવો રસાળ જીવનપરિચય અને તેમની કલાકૃતિઓનાં આટલાં બધાં અને આવાં વૈવિધ્યપૂર્ણ ચિત્રો 'કુમાર' સિવાય ભાગ્યે જ જોવા મળે. આખા વર્ષના લવાજમના પૈસા જાણે આ એક જ અંકમાં વસૂલ થતા લાગ્યા.

૫૦૦મા અંકથી થએલી અનિયમિતતા તમે દૂર કરી શક્યા ખરા.

(દ્વારકા) —મૂળશંકર ભટ્ટ

અંક ૫૧૦માં શ્રી રસિક ઝવેરી કૃત વાર્તા 'જલમભોમકા' ખૂબ જ ગમી. એક અભણ ગામડિયાની નિખાલસ પ્રેમભાવના ખરે જ પ્રશંસનીય છે. કલાસૃષ્ટિના પ્રણેતા સ્વ. નંદલાલ વસુનો જીવનપરિચય તેમજ તેમની કલા પ્રત્યેની આગવી સિદ્ધિનો પણ ખયાલ થયો.

(જાફરાબાદ) —ઈશ્વરલાલ પરમાર

જૂન અંકમાં સ્વ. નંદલાલ વસુનું ચરિત્ર, ચિત્રો અને તેનું વિવેચન વગેરેથી મારા જેવા અલ્પ કલારસિકોને તો ખૂબ જ મઝા પડી. આ આસ્વાદ તો 'કુમાર' જ કરાવી શકે.

કલાકારો અને તેમનાં ચિત્રોની એક લેખમાળા શરૂ કરો તો? આયુર્વેદના લેખો થોડા વધારાય. 'કુમાર'ના આજીવન સભ્ય બનાવવાની શક્યતાઓ ઊભી કરવી જોઇએ.

(મુંબાઇ) —નટુભાઈ પટેલ

ઉર્દૂ શાયરીમાં 'ઝ'નો ઉપયોગ થયો હોય ત્યાં 'જ' લખાતાં મઝા મારી જાય છે.

(કલકત્તા) —ભાનુરાય લીલાધર પીપલિયા

[*'ઝ'ના ત્રણ ઉચ્ચાર(ઝાડ,ગઝલ,વિરઝન)-નું અલગપણું દર્શાવવા હિંદીમાં પણ 'જ઼' વાપરવો ઉચિત મનાયો છે, મુદ્રણમાં તેની નીચેની બિંદી ઊડી જતી હોઈ નછૂટકે 'ઝ' વાપરવો પડે તે જુદી વાત.]

આજે વિજ્ઞાનમાં દિનપ્રતિદિન ખગોળનું મહત્ત્વ વધતું જાય છે. આવા સમયે આપે તારા-પરિચય વિભાગ ચાલુ કર્યો તે ઘણું જ પ્રશંસાપાત્ર છે. પરંતુ આપ રાશિઓ, નક્ષત્રો, તારાઓ, તારકમંડળ, નિહારિકાઓ વગેરેનાં અંગ્રેજી નામ છાપતા નથી. હવે પછી અંગ્રેજી નામો છાપશો તો સોનામાં સુગંધ ભળી ગણાશે. બીજું એ કે તારા-પરિચય વધારે વિસ્તારપૂર્વક હોય તો સારું.

(રાજકોટ) —જાદવજી પરમાર

વાચકવર્ગમાં કોઇને કાનમાં રસી થતી હોય તો મફત દવા આપું છું. જે બે જ વાર ઉપયોગમાં લેવાથી રોગમુક્ત કરે છે. ઑપરેશન પછી પણ રસી આવતી હોય તેમને પણ મટી જાય છે. કોઇને પણ જોઈએ તો રિપ્લાઈ પોસ્ટકાર્ડ લખવા વિનંતી.

સુરેશ પારેખ, હાઉસ ૪૯/૧૧, ઈસ્માઈલ બાગ, આનંદરોડ, માલાડ, મુંબાઇ ૬૪ N.B.

'રસિક ઝવેરી'ની લઘુકથા 'પાછું ક્યારે?' જેવી વાર્તા થોડાં વર્ષ પહેલાં 'સમર્પણ'માં આવેલી. એ વાર્તામાં એક નાના બાળકનો પિતા મરી જાય છે, તેથી મહોલ્લાનાં માણસો એક સપ્તાહ તેને, તેની માને અને બીજા એક નાના બાળકને ખવડાવે-પીવડાવે છે. થોડા વખત પછી નાનું બાળક બીમાર પડે છે ત્યારે બીજો બાળક કહે છે 'મા,ભાઇ ક્યારે મરીજશે?'

(મોરબી) —બાબુલાલ વોરા

હજુ ચારપાંચ મહિનાથી જ 'કુમાર' વાંચવાનું શરૂ કર્યું છે. ખૂબ જ મઝા આવે છે. પણ એક વિભાગ બધાં જ ક્ષેત્રને લગતા પ્રશ્નોના જવાબ આપવા માટે રાખો તો? તેનાથી ઘણાની જિજ્ઞાસાવૃત્તિ સંતોષાશે.

(અમદાવાદ) —દિલીપ ચૂડાસમા

[* પ્રશ્નોત્તરીના આવા વિભાગ 'નવચેતન', 'જન્મભૂમિ-પ્રવાસી', 'અખંડ આનંદ' આદિમાં ચાલુ આવતા હોવાથી એ કરતાં અન્ય દિશાઓ પર લક્ષ આપવું ઉચિત લાગ્યું છે.]

I have just received the latest issue of 'Kumar' devoted mainly on Acharya Nandalal. I was really so pleased with the number! I have no language to congratulate you for this exquisite work.

'કુમાર'ના પાછલા અંકો તથા ફાઇલો

પાંચસો અંક પૂરા કર્યા બાદ પાછલો સમગ્ર સ્ટૉક તપાસીને જરૂરી ફાઇલો રાખી, બાકીનો જથ્થો અમે વેચવા કાઢ્યો છે, જેમાં છેક ઈ. ૧૯૪૫થી માંડીને આજ સુધીના—એટલે કે છેલ્લાં એકવીસ વર્ષના ગાળાના છૂટક અંકો, અને થોડીક તો આખાં વર્ષની ફાઇલો છે. પૂરી ફાઇલોની કિંમત વર્ષ દીઠ દરેકના પંદર રૂપિયા છે અને છૂટક અંકો નંગદીઠ આઠ આના લેખે કાઢી નાખવાના છે. સંપૂર્ણ યાદી આવતા અંકમાં બહાર પડશે. ઉત્સુકોએ અગાઉથી ઑર્ડર નોંધાવવા. પરદેશના ગ્રાહકોની અનુકૂળતા ખાતર અમે ૧૫મી ઑગસ્ટ પછી વિતરણ શરૂ કરીશું અને તેમના ઑર્ડરોને અગ્રતાક્રમ આપીશું. ઈચ્છુકોએ એરમેઈલથી તરત ખબર આપવા. તે પછી દેશના ગ્રાહકોને પણ અગ્રતાક્રમ જ અપાશે.

It is high time to propagate his ideas and paintings through good publications in this so-called 'modern' tendencies in Art. The attachment and love for our tradition, heritage, culture in every sphere of life is fast vanishing and we are blindly following the west. Even talented artists who come back after foreign training are producing the same old stuff of the west. How do they forget their Motherland so quickly? So many talented artist friends of mine who have come back after foreign training have all become unintelligible.

(Calcutta) —Indra Dugar

જૂન અંક એના સર્વે સમાવેશથી નહિ તેટલો તેના એક જ ચિત્રને કારણે ખૂબ મૂલ્યવાન સમજાવો ઘટે. એ ચિત્ર તે કલાસ્વામી નંદલાલ બસુનું 'ક્લાન્ત શિવ'. એ અનુપમ સર્જન જોતાં જ પ્રશંસાનો ઉદ્‌ગાર નીસરી ગયો—એ ચિત્રમાં સમાવિષ્ટ કળાનાં સર્વ સુતત્ત્વો ઉપરાંત તેની ભવ્યતાને ખાતર!

અત્યારે મારી નજર સમક્ષ પાશ્ચાત્ય કલાસ્વામી લીઓનાર્દો દ વિંચીના 'ધ લાસ્ટ સપર'માંના ભગવાન ઈશુનું મુખ તરવરે છે. આ અગાઉ મેં દેવાધિદેવો ને પયગંબરોનાં અનેક ચિત્રો જોયાં છે, પરંતુ નંદબાબુના 'ક્લાન્ત શિવ' અને વિંચીના પ્રભુ જીસસના શોકસભર ચહેરાવાળાં ચિત્રોની કક્ષાએ પહોંચતું એક પણ સર્જન લાગ્યું નથી.

(કરાચી) —ફિરોઝશાહ રુ. મહેતા

બે અગત્યના સુધારા

જૂન અંકના આ વિભાગમાં પૃ. ૧૭૯ ઉપર છપાએલી મેસર્સ વોરા ઍન્ડ કંપનીની જાહેર ખબરમાં 'સમૃદ્ધ સમાજ' પુસ્તકના લેખકનું નામ મુદ્રણદોષને લીધે અટપટું છપાઈ ગયું છે તે 'રોહિત દવે' જોઈએ.

જૂન અંક પૃ. ૧૯૫ ઉપરનો જમણી બાજુનો ફોટોગ્રાફ શ્રી વિનોદ કોઠારીનો પાડેલો નહિ પણ એમની તરફથી મળેલો ને શ્રી યોગેન્દ્રસુન્દર પ્રિયદર્શીનો પાડેલો છે.



તમારી સેવામાં

સતત અને સર્વત્ર હાજર રહેતી

શક્તિ:

બત્તી અને પંખા, ટેલિફોન અને ટેલિગ્રાફ, રેડિયો અને રેફ્રિજરેટર સિનેમા અને ટેલિવિઝન જેવાં સુખસગવડ અને મનોરંજનનાં સાધનો ચલાવી આપનારી માનવીની આજ્ઞાંકિત ને પ્રામાણિક દાસી

વીજળીની સચિત્ર કથા

આર્નોલ્ડ મૅન્ડલબમના મૂળ અંગ્રેજી પરથી

અનુવાદક:

બિહારીલાલ ટાંક ('કુમાર'ના ઉપસંપાદક)

કુમાર કાર્યાલય લિ. અમ૦-૧

કિં.રૂ.૨-૦, પો. ૦-૪૫, રજિ.સાથે ૦-૫૫

કુમાર

જુલાઈ ૧૯૬૬ · અંક ૫૧૧

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૫; પરદેશમાં રૂ. ૧૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦

વ્યક્તિઘડતર · ૧૩

ઘેર

રેવ. ફાધર વાલેસ

જૂનમાં કૉલેજ ખૂલે અને વર્ગમાં નવા વિદ્યાર્થીઓ આવે ત્યારે સૌ સરખા લાગે છે. પણ ધીરેધીરે ફેર જણાવા માંડે છે, ને કોણ ક્યાંથી આવ્યું હશે, દરેકનું ઘર કેવું હશે એનું સહજ અનુમાન થોડા દિવસમાં કાઢી શકાય છે. કપડાંલત્તાં કે સાઈકલ-સ્કૂટર-મોટર ઉપરથી પિતાની આવકનો ખયાલ આવે એ ગૌણ વસ્તુ છે, પણ બોલવાચાલવાની રીત ઉપરથી, વિવેકસભ્યતા (કે તેના અભાવ) ઉપરથી, નિખાલસતા કે અવિશ્વાસ, ખાનદાની કે હીણી રીતભાત ઉપરથી, કોણ કોની સાથે જાય ને ક્યા જૂથમાં ભળે એ ઉપરથી દરેકના ઉછેરના સંસ્કારો તરત છતા થઈ જાય છે.

તમે દુનિયાની આગળ તમારા ઘરના પ્રતિનિધિ છો; અને એ દુનિયા તમારી વર્તણૂક ઉપરથી જ તમારા કુટુંબ વિષે અભિપ્રાય બાંધશે. એલચીને પરદેશમાં સાચવીને ચાલવાનું હોય છે, કારણ કે દેશની આબરૂ તેના હલનચલનમાં જ હોય છે. રાજદૂતનો બોલ એટલે રાજાનો બોલ. કુલની પ્રતિષ્ઠા પણ વંશજના હાથમાં છે. આટલી જવાબદારી તમારે માથે અત્યારથી આવી ચૂકી છે.

બીજા દૃષ્ટિકોણથી વાત લઈએ, તો તમારું ઘર એ તમારા ઘડતરની પહેલી શાળા અને છેલ્લી વિદ્યાપીઠ હોય છે. તમે એના સ્નાતક છો, માટે તમારી ખરી 'માતૃસંસ્થા' દીપાવવી એ તમારો કુલધર્મ છે. સ્કૂલ-કૉલેજ તમે બદલી શકો છો, પણ ઘરની જીવન-શાળા તમે બદલી શકતા નથી; એટલે એ કુલધર્મનો પહેલો નિયમ તેનો દિલથી સ્વીકાર કરવાનો છે.આત્મસ્વીકારનો મૂળ સિદ્ધાંત અહીં પણ લાગુ પડે છે. તમારાં માબાપને તમે પસંદ કર્યાં નથી, ને એમના-માં માનવસહજ ખામીઓ તો હશે જ, પરંતુ તમારા હૃદયમાં એમને માટે અપૂર્વ પ્રેમ રાખવો, વ્યવહારમાં એમને માન આપવું, અને સમાજમાં એમને માટે ગૌરવ અનુભવવું એ તમારું પરમ કર્તવ્ય છે.

એક યુદ્ધ-મોરચાની નજીક આરામની પળોમાં જવાનો ને ઑફિસરોનું ટોળું જામ્યું હતું. લડાઈની વાતો ચાલતી હતી: કોની મરદાઈ ચડે, કોનાં પરાક્રમ મોટાં. એટલામાં એક વૃદ્ધ ગરીબ સ્ત્રી હાથમાં એક પડીકું લઈને એ તરફ આવતી દેખાઈ. ટોળામાંથી કોઈએ મજાક પણ કરી: 'ડોશીમા, આ મહાદેવનું મંદિર નથી, લશ્કરનું થાણું છે! બોલો, યમદેવને કંઈ ચડાવવું છે?' પણ ડોશી શાંત પ્રેમાળ વદને નજીક આવી, ને ટોળાના એક ઑફિસરની સામે ઊભી રહી–તે એનો દીકરો હતો. સહજ ભાવે એ બોલી: 'જાણ્યું કે તું આ બાજુ છે, એટલે નીકળી આવી આશીર્વાદ આપવા. મા-ભોમ માટે બહાદુરીથી લડજે, બેટા. અને લે, તને સુખડી ને તીખી પૂરી ભાવે છે તે મેં આ ખાસ બનાવી છે તારા માટે. તારા મિત્રોને પણ ચખાડજે.' બધા જોઈ રહ્યા. આ તો શરમાશે ને કંઈક સંભળાવશે ય ખરો એમ સૌને લાગ્યું. પણ ઑફિસર સો ટચનો નીકળ્યો. તે આગળ આવીને બધાના દેખતાં માને પગે લાગ્યો, ને પડીકું હર્ષથી લઈ ત્યાં ને ત્યાં પૂરીઓ વહેંચવા લાગ્યો: 'લો સૌ, બાનો પ્રસાદ છે; એ લઈને કાલે જરૂર જીતીશું!' હા, પણ કોઈ વાર દુશ્મનોનો હુમલો સામી છાતીએ ઝીલવા કરતાં માબાપનો સમાજ-ની આગળ આદર-સ્વીકાર કરવો એ વધુ બહાદુરીની વાત છે.

તમારી ને તમારાં વડીલોની દુનિયા વચ્ચે કંઈ નહિ તો વીસ-ત્રીસ વર્ષની ખાઈ પડેલી છે એનો ખયાલ કરશો તો અનેક ગેર-સમજ ને અણબનાવ આપોઆપ ટળી જશે. નિસાસો મૂકીને પિતા બબડ્યા: 'મને મોટર ચલાવતાં આવડતું નથી, અને આ મારો છોકરો વગર લાઈસન્સે સ્કૂટર દોડાવે છે.' છોકરો સ્કૂટર ચલાવે એનું દુઃખ પિતાને ન હોવું જોઇએ; અને લાઈસન્સ આવતાં પહેલાં સ્કૂટર ચલાવવાની ઉતાવળ છોકરાએ ન કરવી જોઇએ. સંઘર્ષણમાં હમેશાં બે જ વસ્તુ હોય છે. ક્લેશમાં બે વ્યક્તિ જોઇએ. અને એક જો બીજાનો ખયાલ કરે તો ઘર્ષણ ઓછું થઈ જાય.

'એ લોકો મને સમજતા નથી' એ તમારી કાયમ ફરિયાદ છે, પણ તમે એમને સમજો છો એનો દાવો તમે કરી શકો છો ખરા? આખરે એમની તરફેણમાં આટલું કહી શકાય કે એમણે એક વાર યુવાનીનો અનુભવ કરેલો, જ્યારે તમે તો પ્રૌઢાવસ્થા વિષે ફક્ત સાંભળેલી વાતો જ જાણો છો. તમને એનો પ્રત્યક્ષ અનુભવ થશે ત્યારે બીજી પેઢીએ તમારું આજનું સ્થાન લઇને તમારી જ ફરિયાદ કરવાનું માથે લીધું હશે! એ દરમ્યાન યુવાનો-વડીલો વચ્ચેનો ભેદ સમજવા નીચેની બાબતો નજર સામે રાખો: યુવાનની પાસે અખૂટ શક્તિ ને સ્ફૂર્તિનો ભંડાર છે, વડીલ જલદી થાકે છે;યુવાનના હૃદયનાં ભાવ ચોમાસાના આકાશની જેમ જોતજોતાંમાં બદલાય છે, વડીલના મનોભાવ સ્થિર હોય છે; યુવાન હમેશાં ઉતાવળમાં હોય છે, વડીલનું ઘડિયાળ ધીમું ચાલે છે; યુવાન પ્રયોગશીલ છે, વડીલ રૂઢિપ્રિય છે; યુવાન પોતાની ચિંતા કરે છે, વડીલ યુવાનોની જ ચિંતા કરે છે:...અને, અલબત્ત, યુવાનો વડીલોની ટીકા કરે છે, અને વડીલો યુવાનોની જ પ્રતિટીકા કરે છે! વડીલનાં ચશ્મા લઇને કોઇ કોઈ વાર દુનિયા નિહાળવાનો પ્રયોગ કરશો તો બે પેઢી વચ્ચેનું અંતર તમારે માટે ઘટી જશે.

રાજકુમાર એક દિવસ જરૂર ગાદીએ બેસશે; પણ એની ઉતાવળ કરવી એને માટે શોભાસ્પદ નથી. બીજી તરફ રાજકારણ ને શાસનતંત્રનો કશો અનુભવ લીધા વિના જો રાજદંડ તેના હાથમાં આવે તો પ્રજા માટે દુઃખના દિવસ આવ્યા સમજો.

ઘેર પણ યુવાનના સામાજિક વિકાસ માટે અનુકૂળ વાતાવરણ સર્જાવું જોઇએ. પચીસ વર્ષના તરુણને સૌ હજી ઘેર 'બાબો' કહીને સંબોધે એ વહાલનું પ્રમાણ હશે, પણ વ્યક્તિવિકાસની દૃષ્ટિએ તે આત્મ-સ્વાતંત્ર્યને ચિમળાવનાર પ્રયોગ છે. છોકરાને ક્યાં સુધી પારણામાં સુવાડી રાખી શકાય? ચીન દેશમાં એવી રૂઢિ-માન્યતા હતી કે સ્ત્રીના પગ નાના જ શોભે; એટલે નાનપણથી જ છોકરીના પગ સખત લાકડાના જોડામાં જકડી રાખીને તેને મોટા થતા

અટકાવતા. પગ કરતાં આત્માને જ જ્યારે રૂઢિના ચોકઠામાં ગૂંગળાવવા કોશિશ કરવામાં આવે ત્યારે યુવાન માણસનું તેજ હણાઈ જ જાય. એથી ઊલટું, માબાપની પ્રેમાળ દેખરેખ હેઠળ ઊગતા યુવાનને ક્રમે ક્રમે વધારે છૂટ મળતી રહે, પૈસાની જવાબદારી, કપડાંની પસંદગી, ફરવાની મોકળાશ ધીરેધીરે એના હાથમાં આવે, અને આજ્ઞાપાલન સાથે સ્વતંત્રતા, સલાહ સાથે જાતઅનુભવ, ભૂલ કરવાની શક્યતા સાથે ભૂલ કબૂલ કરવાની ને શિક્ષા સ્વીકારવાની ખાનદાની, સ્વાવલંબનની સાથે માર્ગદર્શન માગવાની તૈયારી એનામાં આવી જાય, તો જેમ શિખાઉ તરવૈયો પોતે જ હાથપગ હલાવે છે પણ સાથેસાથે પાસે ઊભેલા શીખવનાર તરફ જુએ છે અને જરૂર પડ્યે તેનો હાથ પકડે છે, તેમ ઘરનો યુવાન માબાપનો આધાર લઈને સંસારસાગરમાં તરવાની કલા હસ્તક કરી શકે.

કુટુંબ માટે અડગ વફાદારી એ પણ કુલધર્મનો સિદ્ધાંત છે. ઘરની વાત ઘરની બહાર ન જ જાય; ઘરનાં મેલાં કપડાં ઘરમાં જ ધોવાય. ભાઈની નિંદા ભાઈનું મોં લજાવે; માબાપની ટીકા દીકરાની જીભને અભડાવે. પહેલું લૂણ તો ઘરનું જ ચાખ્યું, માટે પહેલી નિમકહલાલી પણ ઘર પ્રત્યે જ જોઈએ.

અને ઘેર દુઃખ હોય, બહાર કહી ન શકાય એવું દુઃખ હોય, ત્યારે શું કરવું? જેમની વચ્ચે ગાઢમાં ગાઢ આત્મીયતા જામવી જોઈતી હતી તેઓ જો ઝગડા, અણબનાવ અને વિયોગ સુદ્ધાંના ભોગ બન્યા હોય ત્યારે શું કરવું? ઘરના દુઃખ જેવું દુઃખ નથી. માબાપનો ક્લેશ એટલે દીકરા માટે મર્મનો ઘા.

ઘેર એક મહેમાન આવ્યા અને મજાકમાં નાના છોકરા પર લાકડી ઉગામીને તેને મારવાનો અભિનય કર્યો, ત્યારે છોકરો દયામણું મોં કરીને આજીજી કરવા લાગ્યો: 'ભાઈસા'બ ના મારો, ના મારો! લાકડી લઈ ને પપ્પા મમ્મીને મારે છે, મને મારે છે, બધાને મારે છે...નહિ, નહિ!' મહેમાન બીચારો હેબતાઈ ગયો! અણુધ છોકરાએ કેટલું બધું કહી દીધું હતું!

નાજુક મન ને હૃદય પર જે ઘા આજે પડે છે એ કદી રુઝાવાનો નહિ. પરંતુ એમાં પણ પહેલો સિદ્ધાંત 'સ્વીકાર'નો છે. નાસી જવાથી દુઃખમાં દુઃખનો ઉમેરો જ થાય. જો તમે એવું દુઃખ જોયું હોય તો તમારી જવાબદારી વધી અને જીવનમાં સફળતા મેળવવાની તમારી આવશ્યકતા પણ વધી એમ સમજો. ઘરના પ્રતિકૂળ સંજોગો છતાં તમે પ્રાપ્ત કરેલી જીવનસિદ્ધિ ઘરનું દુઃખ ભુલાવશે, સમાધાન કરાવશે અને કુટુંબની આબરૂ પુનઃ સ્થાપિત કરશે.

છેલ્લી વાત: એક દિવસ તમારે પણ તમારું પોતાનું ઘર બાંધવાનું છે, તમારા પોતાના કુટુંબનું નિર્માણ કરવાનું છે, તો અત્યારથી સંકલ્પ કરો કે એ બધી રીતે આદર્શ ઘર હશે. સાસુવ્રત ('મારા ઉપર આટલું વીત્યું; તો મારે ઘેર વહુ આવે ત્યારે એના પર બમણું ન વિતાડું તો મારું નામ લાજે.') નહિ, પણ ઊલટું, 'મેં ઘેર દુઃખ જોયું છે એટલે હવે મારે ઘેર એવું દુઃખ કદી આવવા દઈશ નહિ,' અને 'મેં જે સુખ જોયું છે એથી સોગણું સુખ મારે ઘેર ખિલાવી દઈશ' એ જ ખરી પ્રતિજ્ઞા છે. એવું કુલવ્રત તમારું આજનું અને આવતી કાલનું ઘર દીપાવશે.

એવું જો કંઈ થાય / ચંદ્રકાન્ત શેઠ

·સવૈયાનો કટાવ·

આમ આમ રે ક્યાં લગ વ્હેવું?
ક્યાં લગ કલકલ કરતા રે'વું?
કદી જ એવું થાય?—
જરા હું થોભુ ને
મુજ જલપટ પરથી ગગન સરકતું
વેગે તોડી ક્ષિતિજ તથા સૌ બંધ
ક્ષિતિજની પાર રહેલા
રૂપનો પારાવાર બધો બહેકાવે!

કલકલ મારી શમી શકે તો,—
ખરતા તુષારકણનો રવ હું સુણું,
કિરણ કિરણથી આંખ ખોલતા
ધરતી પરના ઉઘાડને
મુજ ઉરમાં ઊંડે વિસ્તરતો અવલોકું!

કદાચ હું થંભું ને તેથી,—
તટને મળે વિહરવાનો અવકાશ;
ચંચળ મારી ભીતરનાં જે મીન
એમનામાં પણ જાગે
તારક જ્યમ થૈ સ્થિર
ગગનમાં ઝળહળવાની આશ;
પહાડ પણ મુજને થંભેલું જોઈ
કુશળ પૂછવા આવે મારી પાસ.

કદાચ મારાં
ધરા મહીંનાં કમળ ઊડવા ચ્હાય!
કદાચ થંભી નૌકા જોઈ
ચાંદો મહીં ભરાય!
હું થંભું તો,—
હું ના જાણું એવું રે કૈં થાય!
મને બસ, એવું જો કંઈ થાય...!

પોતાની સતત રમણાની જંજાળમાં જકડાએલા ઝરણા (માણસજાત)-ની, સચરાચરની સૂક્ષ્મ ચેતનાનાં સૌંદર્યો પામવાની ઝંખના.

ડહોળાએલી રાત / હરિકૃષ્ણ પાઠક

·સવૈયા·

એક એક કરતાં તારાનાં ફૂલ લઇને ખરતી,
ઘુવડ કેરી ઘૂક થઇને અંધિયેરમાં તરતી.

શિયાળની સૂની લાળીમાં સીમ બધી સોરાય,
મસાણની છાપરીએ ઠરતી ચેહ મહીં ઓરાય.

આંગણમાં આવીને ખસિયલ શ્વાન થઇને રૂવે,
પોશ પોશ આંસુ થઈ ઘરમાં ટપટપ કરતી સૂવે.

ટગમગતા દીવાના તેજે પડછાયામાં ધ્રૂજે,
ભીતરમાં તો સાવ ધૂંધળી, ક્યાંય કશું ના સૂઝે.

ઉજાગરાની રાતી આંખે ફરજળી ઊભી ફાટ,
પરોઢનાં અજવાળાં ઝંખે ડહોળાએલી રાત.

આ અંકમાંના 'વગડા' પેઠે એના કવિને અહીં ખુદ 'રાત' જ એનાં વિવિધ દર્શનોમાં સદેહે જૂજવાં રૂપે—ભયંકર, બીભત્સ, કરુણ, મૂંઝાએલી, દુઃખી...દેખાય છે.

અજનબી / હેમન્ત દેસાઈ

· શિખરિણી ·

તમારું શીળું ને મધુર કુમળું નામ, નમણાં
તમારાં સ્વપ્નાંના રસ છલકતાં લોચન, ભર્યાં
તમારા હૈયેથી સુરભિ સમ ધીમે પ્રસરતા
તમારા હોઠોના કલ ઇજનમાં ભાવ, નવલી
તમારી વાસંતી દૃઢ રૂપછટાનો અનુભવી
અઠંગી આજે તે કયહીં ભટકતો ચાહક કવિ!

હવે તે ખોવાયો પરિચિત જગે, ભીડથી ભર્યા
બજારે લોકો જ્યાં ગડમથલ રોજિંદી કરતા;
અહો કાંટાળાં ઝાંખરમહીં ભરાયું જિવિત ને
અજાણ્યા વ્હેવારે અટવાઈ ગયું અંતર, દગો—
વનોમાં સોણાંનાં સ્મિતઝરણમાં ને ઝલમલાં
થતી જ્યોત્સ્નામાંહે રૂપની—અવ ભૂલ્યાં ફરકવું!

જશે ચાલ્યો ઢાળી વદન વદના પાંડુર શશી
સમો માર્ગે સામો યદિ મળી ગયો એ અજનબી!

અસંખ્ય રાત્રિઓને અંતે / રાવજી પટેલ

· સવૈયાનો કટાવ ·

શિયાળની લાળીમાં સરકે સીમ,
રાત્રિઓ પીપળની ડાળી પર થથરે;
લબડે શુષ્ક ચંદ્રનું પાંદ.

અરે, મારે કયાં જોવું તારું ઘાસલ પગલું
ફરફરતું...?
વંટોળ થઇને ચરણ ચડયા ચકરાવે,
પથના લીરા ચકરવકર કંઈ ચડતા એની સાથે.
કયાં છે ભમ્મરીઆળા કેશ તમારા?
દોડું – શોધું...

ઘાસ તણી નસમાં સૂતેલો સૂર્ય
કયાંક કયાં હડફેટાયો,
બળદ તણી તસતસતી મેઘલ ખાંધ સરીખો
પ્હાડ દબાયો,
વીંછણના અંકોડા જેવાં બિલ્ડિંગોથી
હરચક ભરચક શ્હેર દબાયાં,
જૂના જેવું ગામ નદીને તટ ચોંટેલું, એ ચગદાયું.

હગડગ હગડગ ગર્ભ વિશ્વનો કંપે.
મારી આંગળીઓમાં સ્વાદ હજી સીસોટા મારે!
કયાં છે સ્પર્શ-ફણાળો
હજી સ્તનોના ચરુ સાચવી બેઠેલો
કેવડિયો કયાં છે?

કરોડ લાખ વર્ષોથી
ગ્હેરો પથ્થરના ઘૂંઘટની પાછળ છૂપવી બેઠાં
માનવતી, ઓ કયાં છો?
કયાં છો?
નવા ચંદ્રની કૂંપળ જેવી નજર કરો.

અહીંની ગઝલ તો ચોટદાર એટલી જ વિશદ છે. એને છોવી નથી. નાયકની ઉક્તિવાળાં બાકીનાં ત્રણે કાવ્યો પાછળ વિવિધ વેદનાનું સૌન્દર્ય છે: ૧) પ્રેયસીની રૂપછટાના ચાહક એક કવિનું હવે 'ભીડથી ભરેલી દુનિયાનાં કાંટાળાં ઝાંખરાંમાં જીવન ભરાઈ ગયું છે...અને આંખો પણ સ્વપ્નાંનાં સ્મિતઝરણ અને રૂપની ઝલમલ થતી જ્યોત્સ્નામાં ફરકવાનું ભૂલી ગઈ છે': હવે તો, કદાચ સામો મળે તો, 'એ અજનબી કૃષ્ણપક્ષના ચંદ્ર જેવું ઉદાસ મોં ઢાળીને ચાલ્યો જશે.' ૨) નવાં રૂપ પ્રતીકો અને મીઠી બરછટવાળી વેધક બાનીમાં વેદના ઠાલવતા બીજા કવિ 'પથ્થરના ઘૂંઘટની પાછળ છુપાઈ બેઠેલી માનવતીની ચંદ્રની કૂંપળ જેવી એ નજર' માટે આજીજી કરે છે. ૩) તો ત્રીજાને, જરા શા અછડતા મિલનથી પણ 'લોહીના કપૂરને તતડતું કરી મૂકનાર' રોમાંચને અંતે 'ઉરના ઝીલમાં ખારસીલ વળી' ગયાનું દુ:ખ છે.

સાથે રહી / 'સુકિત'

· વસંત-મૃદંગ ·

સાથે રહી રખડતાં–મળતાં અજાણ્યાં
પંથી થઈ પથ પરે ફરતાં...અડી જતી
કાયા પરસ્પર, હલી ઊઠતી ત્વચા, ને
આંખોમહીં થરથરી મૃદુ પોપચાંમાં
લજાતણું રૂપ લઈ અમળાતી દૃષ્ટિ.

વાચા અબોલ, કરી ઓષ્ઠ તણાં જ બારણાં
બે બંધ ભીતર લપાઈ જતી...કપોલના
રાતા બિછાવી પડદા...ડગ માર્ગમાં જ
ચોંટી જતાં, ન ખસતાં શિશુ શાં હઠીલાં.

ઉષ્મા ઘડીભર નસેનસ છિદ્રછિદ્રે
વ્યાપી જતી...તતડતું રુધિરે કપૂર.
કંપી જરા શ્વસન સાથ ઉલેચાઇ જતું
પાતાળમાંનું જળ–જ્યાં વહતું અનર્ગળ.

થંભી ઠરી ફરી પથે ફરતાં...અમૂં ઝણે
લૈને છલોછલ ભરી ઉરનાં જ ઝીલ;
–સ્વપ્નેય ખ્યાલ ન–જશે વળી ખારસીલ.

થાય છે / મનહર 'દિલદાર'

· ગઝલ ·

વાત વર્ષોથી પતંગા ને શમાની થાય છે,
કેમ કે એમાં નિરાળી કૈં કહાણી થાય છે.

યાદ આવી ગઈ છે નક્કી કોઇને હા, કોઈની!
અમથી દોડાદોડી આ શું વાદળાંની થાય છે?

દિલ ભરાતું જાય મુજ દાગોથી, ને કંપો તમે?
આ તો મઘમઘતી અનોખી ફૂલદાની થાય છે!

થાય છે સુરભિ દીવાની આવતો જાણી પવન,
ફૂલમાં રહી ફૂલથી ઊડી જવાની થાય છે.

થાય કે ના થાય મારી વેદના છો કોઇને,
વેદનાઓ પણ બધી મુજને બધાંની થાય છે.

મોત પર આવીને જ્યારે મોતને લલકારું છું,
જોવા જેવી તે સમે હાલત કઝાની થાય છે.

કોની કોની યાદના દીવા જલે છે આભમાં?
કોની કોની આ વળી જલતી નિશાની થાય છે?

ઝાંઝવાંઓ પાણીપાણી તે સમે થઈ જાય છે,
પાણીપાણી મુજ તૃષા જ્યારે થવાની થાય છે.

આજ તો 'દિલદાર' બેસી આ સભામાં જોવું છે
કે તમારી કોના ઉપર મ્હેરબાની થાય છે!

ડૉ. હોમી જે. ભાભા



અગ્રગણ્ય અણુવિજ્ઞાની, કલાકાર, સંગીતપ્રેમી, ઉમદા સજ્જન

રાજકારણ, સાહિત્ય, સંગીત કે અન્ય લલિતકળાના ક્ષેત્રમાં માણસ જનસમુદાયની સામે આવતો હોવાથી એને એમાં જે સહજ પ્રસિદ્ધિ મળી શકે છે તેવી જાહેરાત સંશોધનકાર્યમાં રત રહેતા વિજ્ઞાનીને લભ્ય નથી. વધુમાં વધુ શ્રમ કર્યા પછી અને બુઝુર્ગીને આરે પહોંચ્યા પછી યે કદાચ કીર્તિની ચશકલગીથી તે વંચિત જ રહી જાય—અથવા ક્યારેક એમનું મરણોત્તર કીર્તિશ્રાદ્ધ થાય અને એ સ્વાભાવિક છે. વિજ્ઞાનીના કાર્યનું સ્વરૂપ ગહન હોઈ એના મહત્ત્વનું યથાયોગ્ય આકલન સામાન્ય માણસને હોવું કઠિન છે. ડૉ. ભાભાના મૃત્યુથી દેશને ખરેખર કેવી મોટી ખોટ પડી છે એનું મૂલ્યાંકન સર્વ-સાધારણ માણસને માટે મુશ્કેલ છે.

આપણને તો માત્ર એટલી જ ખબર છે કે ડૉ. ભાભા એટલે ભારતની અણુશક્તિ. જ્યારે અણુવિષયક વાત છેડાય ત્યારે આપણી નજર સામે ડૉ. ભાભાનું જ નામ આવે, પણ માત્ર અઠ્ઠાવીસ વર્ષની વયે ધૂમકેતુ પ્રમાણે જગતમાં એકાએક ચમકી જનાર ડૉ. ભાભાની ખરી ઓળખ બહુ ઓછા જાણે છે. પંડિત જવાહરલાલજીની પેઠે ડૉ. ભાભાને પણ ઉચ્ચ ખાનદાન કુટુંબનું ગૌરવ મળ્યું હતું. બે દાયકા સુધી મ્હૈસુર રાજ્યના શિક્ષણખાતાના ડિરેક્ટર રહેલા ડૉ. હોરમસજી જહાંગીરજી ભાભા (સીનિયર) એમ.એ.,ડી.લિટ.,જે.પી.,સી.આઈ.ઈ. એમના દાદા થાય. તેમના પુત્ર અને મુંબાઇના વિખ્યાત બૅરિસ્ટર ડૉ. જે. એચ. ભાભા તથા સર દિનશા પીટિટનાં પુત્રી મેહરા એ હોમીનાં પિતા માતા. ૩૦મી ઑક્ટોબર ૧૯૦૯માં મુંબાઇ મુકામે એમનો જન્મ.

તેમનાં ફોઈનાં લગ્ન વિખ્યાત ઉદ્યોગપતિ દોરાબજી તાતા સાથે થયાં હતાં. એ લેડી તાતાને ભત્રીજા હોમી પ્રત્યે અપાર સ્નેહ હતો. હોમીના શિક્ષણની તે બહુ રસપૂર્વક કાળજી રાખતાં. 'કૅથેડ્રલ ઍન્ડ જૉન કૅનલ' જેવી માત્ર અંગ્રેજ બાળકો માટેની જ શાળામાં બેવડી ફી આપીને હોમીને દાખલ કરવામાં આવેલા. બપોરે રીસેસમાં હોમી નજીકમાં ફોઈબાને ત્યાં જ જમવા જતા. શાળાના અભ્યાસમાં એમની બુદ્ધિ તેજસ્વિતા દાખવતી. વળી નાનપણથી જ અનેક અગ્રગણ્ય ને વિદ્વાન માણસોના સંસર્ગમાં આવવાની એમને સારી તકો હોઈ એમનું ઘડતર ઉચ્ચ વાતાવરણમાં થયું. પંદર વર્ષની ઉંમરે તો એમણે સીનિયર કેમ્બ્રિજની પરીક્ષા પસાર કરી હતી. પછી એલ્ફિન્સ્ટન કૉલેજ રૉયલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ સાયન્સમાં અભ્યાસ કરી મુંબાઈ યુનિવર્સિટીની આઈ.એ.એસ.ની પરીક્ષા એમણે પ્રથમ વર્ગમાં પસાર કરી.

હોમીના પિતાએ ઑક્સફર્ડની ન્યૂ કૉલેજમાં શિક્ષણ લીધું હતું. ભારતના પ્રાચીન સંસ્કારો અને પાશ્ચાત્ય સંસ્કૃતિનું એમને સારું જ્ઞાન હતું. બંનેના સારા ગુણોને એમણે અપનાવ્યા હતા. વધુ અભ્યાસાર્થે પુત્ર વિલાયત જાય એ પહેલાં કુટુંબની રીતરસમો અને દેશની આગવી ઉજ્જ્વળતાનો પણ એના પર પૂરતો અને યોગ્ય પ્રભાવ પડી રહે એવું માતાપિતા બંને ઈચ્છતાં.

વળી હોમીના ઘડતર પર કુટુંબના બીજા પણ કેટલાક ઊંડા સુસંસ્કારો પડ્યા. એમનાં ભાભી સંગીતરસિક હોઇ ઉત્તમોત્તમ સંગીતની રેકૉર્ડનો ખજાનો એમની પાસે હતો. આથી હોમી સંગીત પ્રત્યે આકર્ષાયા, એટલું જ નહિ પણ એ અંગે એમણે ઊંડી સૂઝ પણ કેળવી. ઘરના કલાસંગ્રહના પરિશીલનથી એમને ચિત્રકળા પ્રત્યે પણ ચાહના જાગી. એટલે પંદર વર્ષની વયે હોમીએ આઈન્સ્ટાઇનના સાપેક્ષવાદનો અભ્યાસ કરેલો તેમ સંગીતના સ્વરસંવાદ વિષે એક નિબંધ પણ લખેલો।

ઇંગ્લંડમાં કેમ્બ્રિજની ગૉનવિલે ઍન્ડ કેઅસ કૉલેજમાં અભ્યાસ કરી પહેલા વર્ષમાં મૅથેમેટિક્સ ટ્રાઇપૉસ ખંડ ૧, તથા ૧૯૩૦માં મિકૅનિકલ ટ્રાઇપૉસ ખંડ ૨ લઈ તેઓ પહેલા વર્ગમાં ઉત્તીર્ણ થયા. વળી ઈ. ૧૯૨૯માં રજાઓના સમયમાં રૂબી મુકામે બ્રિટિશ થૉમ્પ્સન હાઉસ્ટન વર્ક્સમાં એન્જિનીઅરિંગના ઉમેદવાર તરીકે પ્રત્યક્ષ કામનો અનુભવ લીધો. સ્નાતક થયા પછી પોતાના ખાસ રસના વિષય 'ગાણિતિક ભૌતિકશાસ્ત્ર'નો એમણે પ્રો. ડિરાક તથા મૉટ પાસે ગંભીર અભ્યાસ શરૂ કર્યો; સાથોસાથ ઉચ્ચ સંગીતનો અભ્યાસ પણ કરવા માંડ્યો.

વિદ્યાર્થી તરીકેની એમની ઉજ્જ્વલ કારકિર્દીને લીધે એમને અનેક ઉચ્ચ શિષ્યવૃત્તિઓ પણ મળતી રહી હતી. તેની કલગીરૂપ ૧૯૩૨માં રાઉઝ બૉલ પ્રવાસી અભ્યાસી તરીકે તે લેવાયા. ૧૯૩૪માં તે પી એચ.ડી. થયા. એમણે ઝૂરિચમાં પ્રો. પાઉલી, રોમમાં પ્રો. ફર્મી યુટ્રેક્ટમાં પ્રો. ક્રેમર્સ '૩૬-'૩૭માં કોપનહાગનમાં પ્રો. નીલ્સ બોર જેવાના હાથ નીચે કામ કરવાની તક મળી. આ અગાઉ ઇ. ૧૯૩૪માં આઈઝૅક ન્યૂટન શિષ્યવૃત્તિ તો એમણે મેળવી જ હતી, પણ ઇ. ૧૯-૩૭માં 'ગ્રેઇટ બ્રિટન ઑવ ધી એક્ઝિબિશન ઑવ ૧૮૫૧'ની પણ સીનિયર સ્ટુડન્ટશિપ એમણે પ્રાપ્ત કરી હતી, જે મેળવનાર તે પહેલા જ હિંદી હતા. ૧૯૩૯માં રૉયલ સોસાએટીએ એમને પ્રો. બ્લૅકેટની માંચેસ્ટરમાંની સંસ્થામાં વૈશ્વકિરણ અંગેના સંશોધન માટે મૉન્ડ ફંડમાંથી નાણાં આપી ખાસ રોક્યા હતા, પરંતુ '૩૯માં તેઓ હિન્દ આવ્યા ત્યાં પાછળથી બીજું મહાયુદ્ધ જાગતાં તેઓ અહીં બેંગલોરની હિંદી વિજ્ઞાનસંસ્થામાં પોતાનુ સંશોધનકાર્ય આગળ ચલાવી રહ્યા.

વૈશ્વકિરણો અંગેનાં પોતાનાં આગવાં સંશોધનોથી તો માત્ર અઠ્ઠાવીસ વર્ષની વયે વિજ્ઞાનજગતમાં એમણે આશ્ચર્ય પમાડ્યું હતું. આઇન્સ્ટાઇને પ્રકાશ અંગે કરેલી એક નવી કલ્પના પણ આ અરસામાં પ્રસરી રહી હતી. આપણે ધારીએ છીએ એ મુજબ પ્રકાશ એક સળંગસૂત્ર પ્રવાહ નહિ, પણ રજેરજમાં વહેંચાએલા તૂટક સ્વરૂપનો હોવાનું એણે જણાવેલું. કિરણના એ કણને ફોટોન'–પ્રકાશકણ–કહે છે. મિલિકને વૈશ્વકિરણમાં એ પ્રકાશકણ હોવાનું શોધી કાઢ્યું. પણ આ વૈશ્વકિરણના ઉદ્ભવ અંગે કોઇ નિશ્ચિત માહિતી નહોતી અને હજી યે

નથી. ડૉ. ભાભા એ વખતે ઇંગ્લંડમાં હતા. આઈન્સ્ટાઈનના સિદ્ધાંતનું એમણે મનન કરેલું. વૈશ્વકિરણો વિષે પણ એમણે ઘણું વિચાર્યું અને એ અંગે આગળ સંશોધન કરવા નિશ્ચય કર્યો.

ઇ ૧૯૩૨માં અણુશાસ્ત્રમાં એક ક્રાંતિ આવી. અત્યાર સુધી મનાતું કે આણુમાં ઇલેક્ટ્રોન (વીજાણુ-ઋણવીજક), પ્રોટોન (પ્રોતાણુ-ધનવીજક) અને ન્યૂટ્રોન (અવિદ્યુતકણ) એમ માત્ર ત્રણ જ મૂળભૂત કણો છે, પરંતુ ઍન્ડરસને ઇલેક્ટ્રોનને સદશ્ય પણ ભિન્ન ચેતનાવાળો કણ ઠેરવ્યો એ પછી અણુ પ્રત્યેનો દૃષ્ટિકોણ જ બદલાઈ ગયો. ડૉ. ભાભાને આ દિશામાં પોતાને કંઇ નવું જ જડી આવવાની શ્રદ્ધા જાગી.

આ દરમિયાન રૉસીએ વળી વૈશ્વકિરણોના વર્ષાવ (શાવર)ની શોધ કરી હતી: વૈશ્વકિરણ જ્યારે કોઈ પદાર્થના થરમાંથી પસાર થાય ત્યારે ઇલેક્ટ્રોન, પૉઝિટ્રોન અને ફોટોનમાં એ વિછિન્ન થઈ જાય છે એવું એણે જણાવ્યું. વૈશ્વકિરણમાં ઇલેક્ટ્રોન અને ફોટોનની તો જાણ હતી, પણ આ નવા કણ પૉઝિટ્રોન ક્યાંથી આવ્યાં? વિજ્ઞાનીઓ સામે આ એક નવો ગહન પ્રશ્ન આવ્યો. ડૉ. ભાભાએ વૈશ્વકિરણના એ વર્ષાવમાંનાં તાત્ત્વિક અણુકણોની પ્રકૃતિ પર પ્રકાશ પાડયો. 'વૈશ્વકિરણોની આવર્ત પ્રપત્તિ' (કાસ્કેઇડ થીઅરી)ની એમની એ શોધથી વિજ્ઞાનમંચના મોખરા પર, જગતવિજ્ઞાનીઓની આગલી હરોળમાં આવી ગયા. આગળ જતાં વૈશ્વકિરણોમાં ઇલેક્ટ્રોન, પૉઝિટ્રોન અને ફોટોન ઉપરાંત એક નવો કણ 'મેસોન' પણ શોધાયો.

ડૉ. ભાભાએ આ મેસોન પર કેટલોક વધુ પ્રકાશ પાડયો. ઇલેક્ટ્રોન અણુ પર આવી અથડાય છે ત્યારે તે પોતે લુપ્ત થઈ પ્રકાશકણ-ફોટોનનું નિર્માણ થાય છે. આ ફોટોન એકાદ અણુકેન્દ્રમાં પ્રવેશતાં તેમાં વિદ્યુત-ક્ષેત્રનાં મૂળભૂત કણો પૉઝિટ્રોન પુનઃ આગળ મુજબ અણુ અને અણુ-કેન્દ્રનો સંયોગ પામતાં ફરી નવા કણોની જોડી રચાય છે. આ નવા કણોની શક્તિ મૂળ કણોની સરખામણીમાં ઓછી હોય છે. વિચ્છેદ પામતા કણોનો આ વર્ષાવ, નવા રચાતા કણોની તદ્દન મંદતાએ પહોંચે ત્યાં સુધી ચાલે છે. ડૉ. ભાભાએ પ્રથમ ગાણિતિક રીતે અને પછી પ્રયોગો દ્વારા પોતાના સિદ્ધાંતનો નિષ્કર્ષ કાઢયો. એમના સિદ્ધાંતે -પ્રકાશકણો (એટલે કે પ્રકાશશક્તિ)નું ઇલેક્ટ્રોન(એટલે કે વસ્તુમાન)-માં કેવું રૂપાંતર થાય છે એ દર્શાવ્યું.

આઈન્સ્ટાઇને શક્તિ (એનર્જી) અને વસ્તુમાન (માસ) વચ્ચેના સામ્યને સાપેક્ષવાદના સિદ્ધાંતમાં દર્શાવી આપેલું. ડૉ. ભાભાના સિદ્ધાંતમાં એના સિદ્ધાંતનો પુરાવો મળ્યો. અણુવિજ્ઞાનીઓની આગલી હરોળમાં આ હિંદી વિજ્ઞાનીએ માનભર્યું સ્થાન મેળવી લીધું. અનેક સ્થળોએથી એમના પર માન-અકરામ વરસવા લાગ્યાં.

હિંદમાં તેઓ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ સાયન્સમાં સૈદ્ધાંતિક પદાર્થવિજ્ઞાનના ખાસ રીડર ને 'કૉસ્મિક રે રીસર્ચ યુનિટ'માં પ્રોફેસર બન્યા. ઈ. ૧૯૪૨માં એમને 'ઍડમ્સ પ્રાઈઝ' અને 'હૉપકિન્સ પ્રાઈઝ' મળ્યાં. ૧૯૪૫થી તેઓ મુંબાઈમાં 'તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑવ ફન્ડામેન્ટલ રીસર્ચ'માં ડિરેક્ટર અને સૈદ્ધાંતિક ભૌતિક વિજ્ઞાનના પ્રાધ્યાપક નીમાયા. '૪૮થી તે ભારત સરકારના અણુશક્તિ પંચના અધ્યક્ષ થયા. '૫૭માં કેમ્બ્રિજની એમની માતૃસંસ્થા 'ગૉનવિલે ઍન્ડ કેઅસ કૉલેજે' એમને માનાર્હ ફેલોશિપ આપી.

વિજ્ઞાની તરીકેની પોતાની મુખ્ય સિદ્ધિઓ ડૉ. ભાભાએ આમ પોતાની કારકિર્દીના આરંભમાં મેળવી લીધી હતી. વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રમાં રહ્યા છતાં એમનો અસલનો શોખ તો ચિત્રકળાનો જ હતો. એમનાં આરંભનાં ચિત્રો પર એલ-ગ્રેકોની અસર વરતાતી, જે પાછળથી ચાલી ગઈ હતી અને એમની મૌલિકતા વધુ વિકસી હતી. નાનપણમાં એમની ઇચ્છા કેવળ કલાક્ષેત્રે જ કારકિર્દી ઘડવાની હતી, છતાં પિતાની ઇચ્છાને માન આપી એમણે એન્જિનીઅર થવાનું સ્વીકાર્યું, પણ આગળ જતાં અણુવિજ્ઞાન તરફ વળ્યા અને એ ક્ષેત્રમાં એમની કારકિર્દી નિશ્ચિત થઈ ચૂકી.

ભારતમાં કામ કરતાં એમણે જોયું કે વિજ્ઞાનક્ષેત્રે વિકાસ પામવા માટે પરદેશી સહાયો પર અવલંબન રાખવાને બદલે દેશનાં માણસો અને સાધનોનો વિકાસ કરવો એ જ સ્વાવલંબનનો ગૌરવભર્યો અને ખરો માર્ગ છે, એટલે પોતાની સમગ્ર કામગીરી આ જ દૃષ્ટિબિંદુને સામે રાખીને એમણે યોજી હતી. સ્વતંત્ર ભારતને વિજ્ઞાનદૃષ્ટિ આપવાનો ભગીરથ પ્રયત્ન કરનારાઓમાં ડૉ. શાંતિસ્વરૂપ ભટનાગર અને ડૉ. ભાભા જ મુખ્ય ગણાવી શકાય. ડૉ. ભાભાની વૈજ્ઞાનિક પ્રતિભા, સંગઠનચાતુર્ય અને દૂરંદેશીને કારણે સ્વતંત્ર ભારતનો વૈજ્ઞાનિક વિકાસ બહુ સ્થિર પાયા પર રચી શકાયો. વડા પ્રધાન નેહરુએ નક્કી કરેલી નીતિને માર્ગે ચાલી ડૉ. ભાભા એમનો કાર્યક્રમ ઘડતા. દેશમાં યુરેનિયમ-થોરિયમ ધાતુમિશ્રિત રેતીમાંથી શુદ્ધ દ્રવ્ય મેળવવાનાં કારખાનાં ચલાવવાની, અણુની આંતરરચના અને વૈશ્વકિરણોનાં મૂળભૂત સંશોધન કરવાની તથા અણુશક્તિનો શાંતિમય વિનિયોગ કરવાની દૃષ્ટિએ કાર્યક્રમ ગોઠવી તેની અમલ-બજવણી કરવાની જવાબદારી ડૉ. ભાભાના નેતૃત્વ તળે પાર પડી હતી. અણુશક્તિના શાંતિમય ઉપયોગ સંબંધી યોજના વિચારવા મળેલી આંતરરાષ્ટ્રીય પરિષદના ડૉ. ભાભા પ્રથમ પ્રમુખ ચૂંટાયા એ એમણે આ ક્ષેત્રે કરેલી કામગીરીને જગતે આપેલી માન્યતાનું દ્યોતક છે. દેશમાં અણુશક્તિ પ્રસરાવતા ભૂમિગત દ્રવ્યોના સંશોધન અંગે એમણે મુખ્યત્વે કામ કર્યું. દેશની પ્રથમ અણુભઠ્ઠી 'અપ્સરા'ની રચના પણ એમના જ નેતૃત્વમાં થઈ.

ઍટમિક એનર્જી કમિશનના પ્રમુખ તરીકે એ સંસ્થાની સ્થાપના કરીને જ ન અટકતાં ડૉ. ભાભાએ ત્યાં ભારતના ઊગતા તેજસ્વી અણુવિજ્ઞાનીઓનું સુંદર વર્તુળ ઊભું કર્યું. અસામાન્ય તેજસ્વી વિજ્ઞાનીઓનું એક બીજું વર્તુળ એમણે તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑવ ફન્ડામેન્ટલ રીસર્ચમાં પણ રચ્યું. આજે ડૉ. ભાભા જતાં અણુવિજ્ઞાનના ક્ષેત્રમાં દેશની આશા હવે એ બે સંસ્થાઓમાં રોપાએલી રહેશે.

'અપ્સરા'માં ડૉ. ભાભાના નેતૃત્વ નીચે અણુશક્તિના રચનાત્મક ક્ષેત્રમાં ઘણું સંશોધન થયું છે. ખેતીવાડી અને બીમારીઓમાં વાપરવા માટેનાં રેડિયો-આઇસોટોપ્સનું ઉત્પાદન એટલું ઉચ્ચ કક્ષાનું છે કે તેની નિકાસ દ્વારા ભારતને સારું એવું વિદેશી ચલણ પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત, રીઍક્ટરો અને અણુવિદ્યુત મથકો બાંધવા અંગે પણ ત્યાં તાલીમ અને સંશોધન થાય છે. ટ્રૉમ્બે ખાતેનું આપણું અણુમથક આજે જાપાનને બાદ કરતાં સમસ્ત એશિયા અને આફ્રિકામાં અદ્વિતીય તેમજ સમૃદ્ધ હોવાથી અનેક પરદેશી વિદ્યાર્થીઓ માટે જ્ઞાનપીઠ બની રહ્યુ છે. આ સંસ્થાએ દોઢેક દાયકામાં સાધેલી પ્રગતિને પરિણામે ભારત આજે સ્વતંત્ર રીતે અણુ રીઍક્ટરો બાંધી શકે તેમ છે. છેલ્લે છેલ્લે ટ્રૉમ્બેમાં નાજુક પ્રકારનાં ઇલેક્ટ્રોનિક સાધનો પણ બનાવવાની શરૂઆત થઈ છે. ભાભાનું આ સર્જન એમના એક કીર્તિસ્તંભ સમું રહેશે.

અણુશક્તિ પંચના રાહબર તરીકે ડૉ. ભાભાની બીજી મોટી કામગીરી તારાપોર અને રાજસ્થાનમાં અણુવિદ્યુત મથકો સ્થાપવા માટેની હતી. આમાં ભારતનું પ્રથમ અણુવિદ્યુત મથક તારાપોરમાં ૧૯૬૭માં કામ કરતું થઈ જવાની આશા છે. ડૉ. ભાભાની શ્રદ્ધા હતી કે તારાપોરમાં ભલે વિદેશી સહાય લેવાય, પણ તે પછી રાજસ્થાન અને

દક્ષિણ ભારતમાં એવાં અન્ય મથકો તો ભારતના જ વિજ્ઞાનીઓ અને ઈજનેરો સ્વતંત્રરીતે બાંધી શકશે.

અણુશક્તિના રૌદ્ર અને ભદ્ર એ બંને પાસાંનું ડૉ. ભાભાને પૂરતું જ્ઞાન હતું. અને એમાં ભદ્ર સ્વરૂપની ઉપાસના પ્રત્યે એમનો આગ્રહ હતો. દુનિયાના બધા અણુવિજ્ઞાનીઓ પણ પોતાના આ મતમાં ભળે એ માટે તેઓ પ્રયત્ન કરતા. જગતના વૈજ્ઞાનિક નકશા પર ડૉ. ભાભાની કામગીરીથી જ ભારતનું નામ રોશન થઈ ગયું એમ કહી શકાય.

જગતમાં ઉપલબ્ધ થનાર જ્ઞાનનો લાભ ભારતને મળશે તો ખરો જ, પણ માત્ર એ શ્રદ્ધા પર આધાર ન રાખતાં અણુશક્તિ અંગે સ્વતંત્ર માર્ગે સંશોધનો કરવા તરફ એમણે ખાસ ભાર મૂકેલો. વિકસતા દેશોમાં જનતાને લભ્ય એવા વ્યાપારી વિજ્ઞાનને પ્રાધાન્ય મળે છે અને મૂળભૂત સંશોધનોની થોડી ઉપેક્ષા પણ થાય છે. આપણા દેશમાં રાષ્ટ્રીય પ્રયોગશાળામાં થતાં સંશોધનોમાંનાં ઘણાંખરાં આવા વ્યાપારી (ઍપ્લાઈડ) પ્રકારનાં છે, પણ મૂળભૂત સંશોધનો વિના તો વિજ્ઞાનના વિશાળ ક્ષિતિજના માત્ર કિનારા પર જ આંટા મારવા જેવું છે. આવાં સંશોધનો ભલે તરત ફળદાયી ન જણાય, પણ અંતે તો એનાથી જ અધિક લાભ થાય છે. આ દષ્ટિએ ડૉ. ભાભાએ મૂળભૂત સંશોધન વિભાગ પર જ વિશેષ લક્ષ આપ્યું. હવે તો ગણિત અને પદાર્થવિજ્ઞાનના ક્ષેત્રમાં પણ મૂળભૂત સંશોધનોની વિશેષ જરૂર છે, પણ તે ક્ષેત્રમાં શોધ કરી યશ મેળવવો એ એટલું જ કષ્ટસાધ્ય અને વિશેષ પ્રતિભાનું કાર્ય છે. એટલે દેશમાંથી એવી વૈજ્ઞાનિક પ્રતિભાઓ શોધીને તેને અણુસંશોધનના ક્ષેત્રમાં એકત્રિત કરવાના એમના પ્રયત્નો હતા. આમ, ડૉ. ભાભાએ અણુઆયોજન તળે જે વિજ્ઞાનીઓને એકઠા કરેલા છે તે એમની કામગીરીનું એક મહત્ત્વનું અંગ સમજવું જોઈએ. ડૉ. જગદીશચંદ્રે જે પ્રમાણે અનેક ઉપકરણો સ્વયં તૈયાર કરેલાં, એ જ રીતે ડૉ. ભાભાના નેતૃત્વમાં પણ અનેક ઉપકરણો ભારતીય વિજ્ઞાનીઓએ તૈયાર કર્યાં છે એ હકીકત દેશને માટે ગૌરવપ્રદ છે. આ રીતે એમણે આપણી આત્મશ્રદ્ધાને પૂર્ણતઃ પ્રજ્વલિત કરી છે અને દેશની જ શક્તિઓનો વિકાસ સાધી ભારતને એમણે અણુશક્તિના શાંતિમય ઉપયોગના ક્ષેત્રે આગલી હરોળમાં મૂકી દીધો છે.

વિજ્ઞાનક્ષેત્રે એમણે કરેલી આ દેણગીની સાથોસાથ તે એક અચ્છા કલારસિક અને કલાના પુરસ્કર્તા હતા. આજે ગણ્યાગાંઠ્યા કલાસંગ્રાહકોમાં ડૉ. ભાભાનું સ્થાન ઘણી રીતે ઊંચું છે. પોતાના અત્યંત કામગરા કાર્યક્રમોમાંથી યે વખત કાઢી તેઓ કલા-પ્રદર્શનોમાં અચૂક જતા, એટલું જ નહિ ત્યાં પૂરતો વખત ગાળી રજૂ થયેલી કૃતિઓ ઊંડી સમજ અને રસથી જોતા. જરૂર લાગે તો ફરી વાર પણ જોવા જવાનું તેઓ ચૂકતા નહિ. જૂના અને 'મૉડર્ન' બંને પ્રકારના કલાપ્રવાહોની એમને સમજ હતી અને તેની સારી કૃતિઓ તેઓ છૂટે હાથે પૈસા આપી ખરીદી લેતા. આ રીતે એમણે સંઘરેલાં ચિત્રો અને શિલ્પોમાંની કેટલીક કૃતિઓ તો દેશભરમાં ઉત્તમ ગણાએલી છે.

આજના 'સ્પેશ્યલાઇઝેશન'ના યુગમાં વિવિધ વિષયોનું સારું જ્ઞાન ધરાવતી વ્યક્તિઓ મળવી મુશ્કેલ છે ત્યારે આવી વિરલ સર્વગ્રાહી પ્રતિભાઓમાં ડૉ. ભાભાની ગણના થઇ શકે. કલા, વિજ્ઞાન, રાજકારણ, રાચરચીલું, સિનેમા કે સારો ખોરાક એ કોઈ પણ વિષયમાં બુદ્ધિપૂર્વક અને હેતુલક્ષી અભિપ્રાય તેઓ દર્શાવી શકતા. સંગીત, સ્થાપત્ય, બાગાયતની વગેરેમાં પણ એમને એટલો જ રસ ને સમજ હતાં. એમના હાથ તળેની સંસ્થાઓનાં મકાનોની બાંધણી, એનાં શણગાર-શોભન, એની આસપાસના મનોહર બગીચા વગેરે બધી બાબતોમાં એમની આગવી પ્રતિભા પ્રદર્શિત થતી.

ડૉ. ભાભા એવી કારકિર્દી પસંદ કરી શક્યા હોત કે જેમાં એમને ધન, વૈભવ અને સત્તાથી સંતૃપ્ત ઝળહળાટભર્યું જીવન મળી રહે. એમને માટે એ સહજ પણ હતું. બબ્બે વખત એવી તકો સામે ચાલીને આવેલી, છતાં એમના આત્માને એ પ્રત્યે અભિરુચિ નહોતી. એવી તકોને એમણે નમ્રતાથી નકારેલી. એમને તો આપણા દેશના અબુધ કરોડો લોકોને વિજ્ઞાનના લાભ આપી એમનું જીવન સુધારવા માટે તપશ્ચર્યા જ કરવાનું પસંદ હતું. ભાંગફોડ અને સિનેમા-તારકો પાછળ ગાંડી થતી આ દેશની થનગનતી યુવાનીને ઉદાહરણરૂપ બને એવી, તેજસ્વી તરુણોને સુમાર્ગે સુયોગ્ય રીતે પ્રયોજીને ભારતમાં એમણે વિજ્ઞાનીઓની એક નવી ફોજ રચવા માંડી હતી. ચૂંટી ચૂંટીને એકઠા કરેલા એવા યુવાન મેધાવી વિજ્ઞાનીઓને બતાવતાં અણુશક્તિ તંત્રના એક અધિકારીએ યોગ્ય જ કહેલું કે, 'આ તરુણ વૈજ્ઞાનિકો આજે તમે એમના શોકમાં જે રડતા જુઓ છો ને, તેઓ બધા જો ડૉ. ભાભા આજથી દસ વરસ પહેલાં મૃત્યુ પામ્યા હોત તો, ક્યાંક કારકુનો તરીકે રવડતા હોત. ડૉ. ભાભાએ તેમનામાં રહેલા વૈજ્ઞાનિકને પારખ્યો અને પોષ્યો...' ડૉ. ભાભાનું આ એક અતિ મહત્ત્વનું અર્પણ છે; વૈજ્ઞાનિક સંશોધનો કરતાં પણ વધુ જરૂરી એવી દેશને આપેલી આ એક મોટી દેણગી છે.

અણુક્ષેત્રે આ દેશની ભવિષ્યની કોઈ પણ માગને પહોંચી વળવા માટે દૂંગ્રેની અણુદુનિયાને સજ્જ કરવામાં રત રહેલા ડૉ. ભાભા અહીંના સંજોગોને કારણે 'યુનો'ના આંતરરાષ્ટ્રીય અણુપંચની કારોબારીની બેઠકમાં પણ જવાના નહોતા. પણ જો તેઓ એ બેઠકમાં હાજર રહે તો અણુક્ષેત્રમાં દેશનું એક હિત સાધી શકાય તેવી તક છે એવી છેલ્લી ઘડીએ એમને જાણ મળી, અને એમણે પોતાનો નિર્ણય ફેરવ્યો. જતાં જતાં યે રવિવારની રજાનો લાભ લઈ વધુ કામ પતાવતા જવાની લાલચે એમણે પોતાની સફરની ટિકિટ ફેરવીને શનિવારને બદલે રવિવારે રાત્રે જવાનું નક્કી કર્યું. અને મુંબાઈથી જીનીવા જતા એ વિમાનને આલ્પ્સ પર્વતમાળામાં મોં બ્લાં (માઉન્ટ બ્લૅંક) ખાતે અકસ્માત થયો. એમાંની ૧૧૬ વ્યક્તિઓ સાથે ભારતના એ રત્ન પણ હોમાઇ ગયા ને ગયા જાન્યુઆરીની ૨૫મી તારીખે એમના અવસાનના દુઃખદ સમાચારથી ભારતરત્ન લાલબહાદુરના અવસાનથી હતઃપ્રભ થએલા દેશને આબીજી ન પૂરી શકાયએવી ખોટનો ભારે આંચકો લાગ્યો.

મૃદુભાષી, દીર્ઘદષ્ટા ને સદા સુઘડ વેષભૂષ માં સજ્જ રહેતા સોહામણા આ અપરિણિત મેધાવી વિજ્ઞાનીના અકાળ અવસાને ભારતના અણુવિજ્ઞાન-વિકાસમાં હાલ તુરત તો એક મોટી રૂકાવટ આણી છે; તેને દૂર કરવામાં એમને સ્થાને નીમાએલા ડૉ. વિક્રમ સારાભાઇની પ્રતિભા યશસ્વી નીવડે તેની આ દેશ આતુરતાથી પ્રતીક્ષા કરશે.

લેખક અને આલેખક
રવિશંકર રાવળ

જીવનપટનાં સ્મૃતિચિત્રો

૨૫૧ ભારતવર્ષીય ઔદીચ્ય બ્રહ્મસમાજ

આ વખતે ખીલખામાં શ્રી નથુરામ શર્માજીના આનંદાશ્રમ ખાતે અખિલ ભારતવર્ષીય ઔદીચ્ય બ્રહ્મસમાજનું નવમું સંમેલન થવાનું હતું. આજ સુધી અહીંની જ્ઞાતિઓનાં વિવિધ ઔદીચ્ય જૂથોમાં તેઓ એક જ સમુદાયના બ્રાહ્મણો છે તેવી ભાવના જગાડનાર કોઈ મોવડી નીકળ્યો નહોતો. પરંતુ એ દરેક જૂથમાં શ્રી નથુરામ શર્માના અનેક શિષ્યો સારા અધિકારો પર હતા, એટલે ગુરુશ્રીએ જ્યારે જ્ઞાતિની એકતાનો આદેશ આપ્યો ત્યારે દરેક જૂથના અગ્રણીઓએ ખીલખા જઈ આ પ્રસંગમાં સેવા કરવા ખૂબ ઉત્સાહ બતાવ્યો.

શ્રી નથુરામ શર્મા લીમડી પાસેના મોજીદડ ગામના ઔદીચ્ય કુટુંબમાં જ જન્મ્યા હતા. તેમણે આગલે વર્ષે ઉપદેશ નિમિત્તે શિષ્યવૃન્દના આમંત્રણથી વડોદરા સૂરત ને મુંબાઇનો પ્રવાસ કરી પોતાનાં પ્રવચનોથી સવિશેષ પ્રસિદ્ધિ મેળવી હતી. ત્યાંથી પાછા ફરતાં અમદાવાદમાં પણ ઘણાં પ્રવચનો આપ્યાં ત્યારે ત્યાંની જ્ઞાતિએ પ્રભાવિત થઈ અમદાવાદમાં આઠમું ઔદીચ્ય સંમેલન ભરી તેમને પ્રમુખપદ આપી આદર કર્યો, અને તેમની સદ્‌ભાવનાપૂર્ણ ધાર્મિક દોરવણી નીચે જ્ઞાતિની એકતા અને સમુદ્ધાર સાધવા તેમને વિનંતી કરી. તે વખતે તેમણે અમદાવાદમાં વિદ્યાર્થીભવન સ્થાપવા રૂ. ૧૦,૦૦૦ની રકમ આપવાનું જાહેર કર્યું.

આટલી મોટી રકમ બ્રહ્મસમાજને અગાઉ કોઇએ આપી નહોતી. સમાજનું નાણાં-પ્રકરણ અનિશ્ચિત હતું અને સમાજનું કોઈ ચોક્કસ બંધારણ નહોતું એટલે દાન આપનારાઓનાં નાણાં સ્વીકારવામાં વાંધો આવતો હતો. આથી સમાજનું રજિસ્ટર્ડ બંધારણ થયા બાદ આ રકમ આપવી એમ ઠરેલું, તે પરથી રીતસર સભ્યપદ, પ્રતિનિધિપદ અને ચૂંટણીના નિયમોવાળું બંધારણ ખીલખાના જાહેર સંમેલનમાં પસાર કરવાનું હતું. આ બંધારણનો ખરડો શ્રી શર્માજીના પરમ શિષ્ય સૂરતના પ્રસિદ્ધ વકીલ જમિયતરામ ત્રિવેદીએ ઘડયો હતો.



વલોણું કરતી સ્ત્રીને ડુંગર પરના ચોરાના બ્રાહ્મણોએ જોઈ

૨૫૨ ગુજરાતમાં ઔદીચ્ય બ્રાહ્મણો

સિદ્ધપુર અને રુદ્રમાળ ગુજરાતના ઈતિહાસનાં સ્થળ-નામ છે, પણ ઔદીચ્ય બ્રાહ્મણોનું ગુજરાતમાં આગમન એમને જ કારણે થયું છે એ વાત ઘણાના લક્ષ બહાર છે. કનોજના સામંત તરીકે મૂળરાજ સોલંકીએ ગુજરાતનો રાજ્યાધિકાર મેળવ્યો હતો. ઈ. ૯૯૫માં મુંજ પરમારને માન્યખેટના તૈલપ બીજાએ હરાવ્યો ત્યારે તેણે સ્વતંત્ર થઈ 'પરમ ભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર શ્રી મૂળરાજદેવ'નું બિરુદ ધારણ કર્યું અને પોતાની કીર્તિ અમર કરવા કનોજના પાશુપત શિવસંપ્રદાયના ઈષ્ટદેવતા રુદ્રનું મહાન દેવાલય બાંધવા નિશ્ચય કર્યો. એ કાળે ગુજરાતના ઈષ્ટ દેવતા સોમનાથ હતા, એટલે તેણે મહારુદ્ર યજ્ઞ માટે ચારે વેદોના જ્ઞાતા એક સહસ્ર (હજાર) બ્રાહ્મણોને ગંગાયમુનાની આંતરવેદીનાં કનોજ, કાશી, કુરુક્ષેત્ર, ગંગાદ્વાર અને અન્ય સ્થાનોમાંથી તેડાવ્યા, ને સરસ્વતી-તીરે શ્રીસ્થળ નામે તીર્થસ્થળમાં તેમની પાસે મહારુદ્ર યજ્ઞ કરાવી 'રુદ્રમહાલય મંદિર'નો પાયો નાખ્યો. અને બ્રાહ્મણોને ગુજરાતમાં વસાવી ગામેગામે તેમને જમીનગરાસ આપ્યાં. એ બ્રાહ્મણોએ પોતાનું જૂથ 'ઔદીચ્ય બ્રાહ્મણો' તરીકે ઓળખાવ્યું.

રુદ્રમહાલયનું બાર માળનું એ વિરાટ મંદિર મૂળરાજના જીવનકાળમાં પૂરું થઈ શક્યું નહોતું. તેની ત્રીજી પેઢીએ થએલા પ્રતાપી જયસિંહદેવે પોતાનો રાજ્યવિસ્તાર વધારી, અપાર સમૃદ્ધિ મેળવી, તે મંદિર પૂર્ણ કરાવ્યું તેમજ તેની સ્થાપના માટે બીજું બ્રાહ્મણ-જૂથ આંતરવેદીમાંથી બોલાવી મંદિરમાં શિવપ્રતિષ્ઠા કરાવી યજ્ઞ કર્યો અને એ બ્રાહ્મણોને પણ સોરાષ્ટ્રમાં સિહોરની આસપાસમાં જમીનો આપી. તેઓ પણ ઔદીચ્ય બ્રાહ્મણો તરીકે ઓળખાયા, પણ પાછળથી આવેલા તે સિહોર સંપ્રદાયના અને પહેલાં આવેલા તે સિદ્ધપુર સંપ્રદાયના ગણાયા. આમ છતાં તેઓ એક જ પરિપાટી અને શાસ્ત્રોના અનુયાયી હોવાથી ઘણા સૈકાઓ સુધી શાસ્ત્રીય પરંપરા પ્રમાણે તેમનાં જનોઈ, લગ્ન અને ઉત્તરક્રિયામાં એકતા અને સમાનતા હતી એમ કેટલાક કુટુંબોના પરસ્પર થએલા ભૂતકાળના સંબંધો સૂચવે છે.

ભૂતકાળ ભુલાઇ ગયો અને કાળાંતરે ૧૬મી સદીમાં આ બ્રાહ્મણોમાં અનેક નાનામોટા જ્ઞાતિખંડો બની ગયા તેમજ પરસ્પરના લગ્નસંબંધોના તેમજ કેટલાકમાં તો એક પંક્તિએ જમવાના વ્યવહારો પણ બંધ થઈ ગયા. ગુજરાતની ઔદીચ્ય જ્ઞાતિનું મથાળું સિંહપુર (સિહોર) રહ્યું. મૂળ સ્થાનમાં કે પાસેપાસે રહેનારા ઉચ્ચ કુળના ગણાયા, અને દૂરદૂર વસ્યા તે ઊતરતા પદના ગણાયા. વખત જતાં ઉચ્ચ કુળનાં અભિમાન પોષાયાં. તેમને ત્યાં કન્યા આપવામાં મોભો ગણાયો. એથી ઉચ્ચ કુળવાળાનાં માન અને કિંમત વધ્યાં અને કન્યા દેનારાની સ્પર્ધા વધી. તેમાંથી વરનો 'આંકડો' જન્મ્યો. કુળવાળાના છોકરા બીજા કોઈ ગુણ વિનાના હોય તો પણ કુળની છાપથી વરાવા લાગ્યા અને કેટલાંક કુટુંબો તો પાંચસો, હજાર, બે હજાર કે વધુ આંકડા માગતા થઈ ગયા. વળી તેમની દીકરીઓ કન્યા આપનારના કુળમાં તો ન જ અપાય, એટલે સમાન કુળમાં એક ઉપર બીજી પરણવા-પરણાવવાનો રિવાજ થયો. આ કારણે છેક બ્રહ્મસમાજના દિવસો



મૂળરાજ સોલંકીએ એક હજાર શુદ્ધ બ્રાહ્મણોને બોલાવ્યા

સુધી કેટલાક સભ્યો અને પ્રમુખો પણ બે પત્ની ધરાવતા હતા!

૨૫૩ સિહોર વિભાગના ઔદીચ્યો

સિહોર વિભાગના બ્રાહ્મણોમાં પણ જે 'ચાંદલે (વિના વિક્રય) કન્યા આપનારા' અને 'ધર્મઘોળિયા' કહેવાયા તે ઉચ્ચ ગણાયા અને કન્યાની સામસામી લેવડદેવડ કરનાર 'લેવડદેવડિયા' અને 'રોકડિયા' પૈસા ગણી કન્યા લેનારાનો વર્ગ પણ થયો. છેક ગરીબ અને દૂર પડેલા બ્રાહ્મણોને તો પરનાતમાંથી કન્યા લાવવી પડતી. બ્રાહ્મણ સિવાયની જ્ઞાતિઓનું ગોરપદું કરનારા પણ 'ઊતરતા' ગણાતા. તેમાં રાજગોર, મોચીગોર, ખડકગોર, કોળીગોળ વગેરે ઉપનામો જાણીતાં થયાં. જેઓ ઔદીચ્ય જ્ઞાતિની બહારથી કન્યા લાવતા તેમને પોતાને ન્યાતની પંક્તિમાં જમવાનો હક્ક મળતો, પણ તેમનાં સગાંનું તો કોઈ પાણી પણ ન પીએ તેની ચીવટ રખાતી. સિહોર જ્ઞાતિના મોટા વિભાગો જે 'દવેનું વળાંણું' અને 'જાનીનું વળાંણું' કહેવાય છે તેની કથા જાણીતી છે અને સૌરાષ્ટ્રના રાજકારણમાં તે એક પ્રકરણ સમી બની છે.

અણહિલવાડ પાટણના સોલંકી અને વાઘેલા રાજાઓના આશ્રયે સિહોરના બ્રાહ્મણો ઈ. ૯૯૫ થી ૧૨૯૭ સુધી—ગુજરાત પર થએલા ઉલુઘખાનના આક્રમણ સુધી—સમૃદ્ધિપૂર્ણ હતા. મુસલમાન સમયમાં તેમણે કેવો ત્રાસ અનુભવ્યો તેનો ઇતિહાસ મળતો નથી, પણ તેઓ આસપાસનાં રજપૂત રાજ્યોથી રક્ષાએલા રહ્યા હતા. છતાં તેઓમાં જાની અને દવે બ્રાહ્મણો જે સિંહપુર(સિહોર)માં સત્તા ધરાવતા હતા અને શહેરમાં બે ભાગમાં જુદાજુદા વસવાટો કરી રહેતા તેઓ વારંવાર રણમેદાન ખેલતા. આજે પુરાણા ખંડિયેર સિહોરની વચ્ચે એક ટેકરી છે તે 'સાત શેરીનો ડુંગર' કહેવાય છે. તેના ઉપર બ્રાહ્મણોનું પંચ બેસતું ને ત્યાં ભેગા મળી ચર્ચાઓ ને ઈન્સાફ કરતા.

૨૫૪ ઔદીચ્ય બ્રાહ્મણોમાં આંતરકલહ

સોળમા સૈકાના અંતભાગમાં સિહોરમાં રણા (દવે) બ્રાહ્મણો દક્ષિણ ભાગમાં અને જાની ઉત્તર ભાગમાં વસતા હતા. રણા (દવે) કુટુંબમાં પરણાવેલી એક રૂપસુંદર યુવતી પોતાના પતિના ઘરની ઓસરીમાં ઓઢણું ઓઢ્યા વિના વલોણું કરતી હતી. તેને ભાન નહોતું કે તેને ડુંગર પરના ચોરાના બ્રાહ્મણો જોઈ શકે છે. એ જોનારાઓમાં બાઇનો પતિ પણ હતો. એવામાં એક જણે ટીકા કરી કે 'આપણે અહીં બેઠા છીએ તેનું ધ્યાન રાખીને આ બાઇ ઈરાદાપૂર્વક માથે ઓઢતી નથી! એનો ધણી બાયલો હોય તો જ આમ છૂટ લેવાય.' આ સાંભળી બાઇનો ધણી ગુસ્સે થઈ એકદમ ઘેર પહોંચ્યો અને બાઇનો ચોટલો અને નાક-કાન કાપી નાખ્યાં. બાઈ રડતી પીઅર પહોંચી અને ધા નાખી. તે પરથી જાનીઓ રણા પર હલ્લો લઈ ગયા અને મોટું યુદ્ધ થયું. બ્રાહ્મણોના લોહીથી જમીન ગોઝારી બની અને તે સ્થળ ઉજ્જડ બન્યું. તે પછી નવું સિહોર વસ્યું, પણ બંને પક્ષોની વેરભાવના ગઈ નહિ. દરેક પક્ષ આસપાસની કોઈ બીજી સત્તાનો આધાર શોધવા લાગ્યો.

જાનીઓ ગારિયાધારના રાણજી ગોહિલના વંશજો પાસે ગયા ને તેઓ રણાને સિહોરમાંથી હાંકી કાઢે તો સિહોર ઉપરાંત જાનીઓનાં બાર ગામ આપવાની લાલચ આપી. બીજી બાજુ રણાએ ઉમરાળામાં વીસોજી ગોહેલ પાસે એવી જ લાલચ મૂકી. બંને ઠાકોરો સૈન્ય લઈ સિહોર પર ચડી આવ્યા. તેમાં વીસોજી ફાવ્યા ને સિહોર ગોહિલોની રાજધાની બન્યું, તે ઈ. ૧૬૧૯માં પહેલા ભાવસિંહજીએ ભાવનગર વસાવ્યું ત્યાં સુધી રહ્યું. હજી પણ સિહોરના જૂના રાજમહેલની ભીંતો પર અંગ્રેજ સમયના એક યુદ્ધનો ચિત્રપટ છે.

૨૫૫ નવા યુગમાં

એક વખત ઋષિ ગણાતા—उदीच्या ऋषयः सर्वे એવી જેમણે ગુજરાતમાં છાપ પાડેલી તેના પરિવારોમાં સૈકાઓ પછી અનેક પત્નીનો રિવાજ, મિથ્યા કુલાભિમાન, પોતાના જ સમાજમાં અસમાનતાઓ અને તડ, સમવાય આદિ ટુકડા તેમજ લગ્ન તથા વિધિને દબાવી રૂઢિ, વહેમો, દાપાં અને બહિષ્કારની ભીતિ વગેરે જે પેઠાં અને પાંગર્યા તેણે ઔદીચ્યોને પામર પ્રાણી બનાવી દીધા હતા. કન્યાકેળવણી તો નહોતી જ, પરંતુ પુરુષવર્ગ પણ મોટે ભાગે યજમાનો અને દાનદક્ષિણા શોધનારો બની ગયો હતો. કુળવાનોમાં બાળવિવાહની પ્રથા પેઠી હતી. વૃદ્ધવિવાહ પણ થતા અને બાળવિધવાઓનાં પ્રમાણ વધ્યાં હતાં. રિવાજ રૂઢિગ્રસ્ત હતો. બાળક-બટુઆ-ને કાશી ભણવા મોકલવાના નાટક રૂપી ઢોંગ દંભી ગોર અને પટેલિયાઓએ પકડી રાખ્યો હતો, પણ કોઇ બાળકના સાચા ભણતરનાં ઠેકાણાં નહોતાં. જ્ઞાતિમાં દારિદ્ર, કુસંપ અને મિથ્યા ઘમંડ પેઠાં હતાં. ગરીબી છતાં ઉત્તરકાર્યનાં ભોજનો અને બીજા પ્રસંગોનાં ખર્ચ ફરજિયાત બન્યાં હતાં. તેમાં ઘણાં કુટુંબોની સંપત્તિ ખલાસ થતી.

બીજી જ્ઞાતિઓ સમય ઓળખી કેળવણી લેતી થઈ અને કામધંધાથી સમૃદ્ધિ મેળવતી થઈ ત્યારે ઔદીચ્યોમાં જૂજ ઠેકાણે જ યુવાનો મૅટ્રિક સુધી પહોંચી કારકુની કરતા હતા. એક-બે ભડ વિદ્યાર્થીઓ મુંબાઈમાં અંગ્રેજી ભણી વિલાયત જઈ બૅરિસ્ટર થઈ આવેલા. પણ તેમને અને તેમના કુટુંબને આજીવન જ્ઞાતિ-બહિષ્કાર ભોગવવો પડેલો.

બ્રિટિશ જમાનામાં અંગ્રેજી ભણતર આવ્યું તેનો જેવોતેવો લાભ પામી ગણ્યાગાંઠ્યા ઔદીચ્યો સારા અધિકાર પર પહોંચ્યા. તેમણે જ્ઞાતિમાં એકતા લાવવા, કુરિવાજો (અનુસંધાન જુઓ પૃ. ૨૪૩મે)

જ્યોતિ દીક્ષા લઈ રહી હતી. રવિ એને અટકાવી શકત
પણ એના મનનું

વલોણું……………

લેખક
નાનાલાલ જોષી

મંડપની એક ઉવાડેની, લીમડાના ઝાડની નજીકની બે ખુરશીઓમાં, હજી આગલે દિવસે જ કલકત્તાથી આવેલાં રવિ અને સુનંદાએ બેઠક જમાવી ત્યારે ગામને પાદર બંધાએલા એ મોટા મંડપમાં ગામનાં ને પરગામનાં લોકો ખીચોખીચ બેસી ગયાં હતાં. એક તરફ વિધવાઓના કિનારી વિનાના કથ્થાઇ સાડલા ને મોટેરાઓની લાલ પાઘડી એકરૂપ બની જતી હતી, તો બીજી તરફ વિવિધરંગી પટોળાં દેખાતાં હતાં. અને તેમની વચ્ચે અવરજવર કરતાં છોકરાંના રંગબેરંગી પોશાકો છૂટાંછવાયાં રંગછાંટણાં રચી પહેલી નજરે ન સમજાય તેવી, મૉડર્ન આર્ટના જેવી, છાપ સરજતાં હતાં

મંડપમાં એક બાજુ શ્વેત વસ્ત્રધારી સાધ્વીઓનું વૃંદ અલગ પડી જતું હતું, તો ગુરુજનો અને તેમના શિષ્યો મ ટેના ઊંચા લાંબા બાજઠનો ખાલી વિભાગ તેથી ય જરા નોખો તરી આવતો હતો. મંડપમાં ક્યાંક લીલાં પાનનાં, તો ક્યાંક સુવાક્યો કે આશીર્વચનોનાં ઝીકભરેલાં તોરણ લટકતાં હતાં.

પોતાની આજુબાજુ નજર દોડાવતાં સુનંદાને ખયાલ આવ્યો કે થોડીઘણી જે ખુરશીઓ હતી તે ત્યાં જ હતી, ન તે પણ આડીઅવળી ને અવ્યવસ્થિત પડી હતી. એના પર પડેલા પગના ડાઘ જોતાં તોરણ વગેરે બાંધવા જ એનો ઉપયોગ થયો લાગતો હતો. એમાંની યે ત્રણેક તો હવે ફોટોગ્રાફરોએ પચાવી પાડી હતી ને એકાદ-બે પર ટાઇ પૅન્ટવાળા નાના છોકરા રૉફથી કબજો જમાવી બેઠા હતા.

પોતે આમ સાવ અલગ પડી ગયાં એ ઠીક ન થયું એવું સુનંદાને મનમાં લાગ્યું તો ખરું, પણ રવિ તરફ જોતાં એ જરા વધુ ગંભીર લાગ્યો એટલે તે કંઇ બોલી નહિ. રવિના સફેદ ઝભ્ભા, પાયજામા ને સફેદ જોધપુરી મોજડી પરથી તેની નજર ફરી જઈને પોતાના ઑર્ગેન્ડીના બ્લાઉઝ ને સફેદ દોરાની ભાતથી ઉપસાવેલા પહોળા પટાવાળી શ્વેત સાડી તથા પગમાંની સફેદ પટ્ટીની ચંપલ પર સંતોષથી સ્થિર બની ગઈ.

'આ સાધ્વીજીઓની વચ્ચે જે બેઠી છે તે જ જ્યોતિ, કેમ?' સુનંદાએ થોડી વારે રવિને પૂછ્યું.

'હં, એ જ.'

'તે પેલી જે જિપમાં ઘરેણાં પહેરીને બેઠી હતી ને ચારે બાજુ ચોખા ને પૈસા ઉડાડતી હતી તે આ જ છોકરી?'

'હા, એ જ.'

'તું કહે ન કહે રવિ, પણ આજે કંઈક ઊંડા વિચારમાં તો છે જ.' માત્ર એકાક્ષરી જવાબ આપતા રવિ તરફ જોતાં સુનંદા બોલી.

'વિચારમાં તો ખરો, પણ ઊંડા નહિ.' રવિએ તો યે ટૂંકો જવાબ વાળ્યો. પછી સહેજ ઉમેર્યું: 'મેં સવારે જ કહ્યું હતું કે મારું મન આજે મજામાં નથી…તું જ પરાણે મને અહીં ખેંચી લાવી છે.'

આવા જવાબથી સુનંદાએ એ વાત પડતી મૂકી ને જોવામાં મન પરોવવા ખુરશીમાં સરખી અઢેલીને બેઠી. પરંતુ તેમ કરતાં મંડપના ખુલ્લા ભાગમાંથી દેખાતી એક ઊંચી ટેકરી પર તેની નજર પડી.

'આહા! શી સુંદર છે પેલી ટેકરી!' આશ્ચર્ય ને આનંદથી સુનંદા બોલી ઊઠી: વાહ વાહ! કાલે જઈશું આપણે ત્યાં? કેમ, જઇશું ને?'

રવિએ સુનંદા તરફ જોયું. પણ તેનું મન ઘોડી દડમજલ કરી ગયું હતું……'હાલો ઓલી ટેકરી પર… એઇ ખુકુરાજ, હું તમને કહું છું.' જ્યોતિનો રમતિયાળ સાદ, વર્ષોનો પટ ચીરતો પડઘો પાડી ઊઠ્યો હતો. રવિને યાદ આવ્યું. ત્યારે પણ પોતે નહોતો ગયો. જ્યોતિથી પોતે થોડો મોટો, એટલે એમ એટલે દૂર જ્યો તે સાથે એકલા ન જવાય એવી સમજનો અંતરાય ત્યારે વાડ બની ગયો હતો. એક ચોરસ ઇંચ ધરતી પરની હવાનું દબાણ માપ્યું છે વિજ્ઞાને, મનભોમની ચોરસ ઇંચ ધરતી પરનાં દબાણોનાં માપ કાઢ્યાં છે કોઈએ?—તેના મનમાંથી પ્રશ્ન પસાર થઈ ગયો.

'મને તો ચડવું બહુ ગમે. ભારદ્વાજ કે ફ્રૅન્ક સ્માઇથે લીધેલાં હિમાલયનાં ચિત્રો જોઈ એવું થાય, જાણે આખો હિમાલય ખૂંદવો. પર્વતારોહક સંસ્થામાં નામ પણ નોંધાવેલું મેં તો.' સુનંદા બોલતી હતી.

'તારું તો બધું એવું જ. ફોટા જોઇને પર્વત ચડવાના કોડ થાય! ને ઇન્દ્ર દુગડનાં દશ્યચિત્રો જોઈ નદીપટમાં રખડવાનું સૂઝે! પણ તું સાચેસાચ એ પટમાં જો રખડે તો પગે ફોલ્લા પડે.'

'પડ્યા હવે. કેમ જાણે અમે રખડ્યાં જ નહિ હોઇએ. ખૂબ રખડ્યાં છીએ મહાનદીના પટમાં અમે તો……પણ હા, આ ટેકરીનું શું કહે છે? જઇશું કાલે? કે આજે જ સાંજે?'

ત્યાં તો બૅન્ડવાળાઓએ કંઈક ગીત મોટા અવાજ સાથે ઉપાડ્યું એટલે રવિની દૃષ્ટિ ત્યાં ગઈ. પણ સૂર કંઈ બરાબર પકડાયો નહિ ને એ ફરી સુનંદા તરફ ફર્યો: 'પણ તું થાકી જઇશ સુનુ, કેમ સમજતી નથી?'

'આહાહાઆ…આ…થાકી જઇશ! ને થાકી જઈશ તો થોડો તું મારા થાક પર દયા ખાવાનો કે પછી વારી જઇને ગીતો યે લખવાનો?'

'અચ્છા, તો એના પર પણ પાછાં ગીત લખવાનાં? કોઇએ લખ્યાં છે કે પછી……'

'લખ્યાં છે સ્તો…'

'કોણે? કોણ છે એવું નવરું?' 'તું જ ધાર ને?'

'કોણ, રાજેન્દ્ર?' 'ઊહું.'

'બાલમુકુન્દ?' 'ઊહું.'

'સુન્દરમ્, ઉમાશંકર, ઉશનસ્, પ્રિયકાન્ત, કોણ?'

'એ તો છે મહાકવિ.' હાથ પહોળા કરતાં મજાકથી સુનંદા હસી.

'ટાગોર કે નાનાલાલ?'

'હા, નાનાલાલ.'

'એ મહાકવિને માનવીની થકાવટનાં ગીત પણ સૂઝ્યાં? કમાલ છે તારા એ કવિઓ પણ. શું લખ્યું છે, કહે તો ખરી!'

'તે શું અહીં જ સંભળાવું?'

'તો શું એ માટે ટેકરી પાસે જવું પડશે? કે પછી ઘરનું એકાંત શોધવું પડશે? તું તારે તારી રીતે ધીમા સાદે સંભળાવને. ઑફિસમાં કામમાં બેઠો હોઉં ત્યારે ફોન પર પણ તું ક્યાં નથી ગણગણતી.' કહેતાં રવિએ બાજુમાં નમી કાન માંડ્યા.

'સાગરતટે થાકેલી પ્રિયાને કવિ કહે છે.' એમ કહેતાં સુનંદા ધીરા અવાજે ગણગણી: 'ધીમે પ્રિયે! હજી ધીમે પગલે પધારો… ગમ્યું?'

'હં, પણ આગળ તો પધારો!'

'લે, મજાક નહિ પાછી.'

'ભલે ચાલ, હવે આગળ.' અને ફરીથી સુનંદાએ શરૂ કર્યું:

> 'ધીમે પ્રિયે! હજી ધીમે પગલે પધારો;
> લાંબું નથી કર્યું પ્રયાણ તથાપિ, બાલે!
> થાક્યાં હશે ચરણ કોમળ પદ્મ જેવાં
> આવો અહીંથી નીરખો જલ સિન્ધુનાં આ.'

થોડી વાર શાંતિ છવાઈ ગઈ. ગીરદીનો ઘોંઘાટ, દૂર બૅન્ડનો શોર કે પાસે રમતાં છોકરાંનો કલબલાટ જાણે ગળાઈ ચગાઈ વિલીન થઇ ગયો.

'કેમ, ન ગમ્યું?' સુનંદાનો અવાજ આવ્યો.

'ગમ્યું તો ખરું, પણ...'

'પણ પેલા તારા પેટ્રો-કેમિકલ્સના ધુમાડા જેવું નહિ, કેમ?'

'જો પાછી તું નંદા! તું કહે તો એ કંપનીનું મૅનેજરપદ મૂકી હું યે ગીત રચવા માંડું.'

'ના, ના, મહાશય. એવી કૃપા કરવાની જરૂર નથી.' સુનંદાએ હાથ જોડવાની ચેષ્ટા કરતાં હસતાંહસતાં કહ્યુ: 'પણ થોડીથોડી કાવ્ય-પંક્તિઓ જો આપ સાહેબને કર્ણદ્વારે ક્યારેક અથડાતી રહે ને, તો આપણાં બાળકો માટે એ સારું રહેશે.એકલું વિજ્ઞાન તોધુમાડોકરીદેશે.'

'તે સવારે તું ઇશાવાસ્યની પ્રાર્થના કરે છે ત્યારે ગમે જ છે ને? કેવું પેલું-'પૂર્ણ મેં સે પૂર્ણ કો યદિ લે નિકાલ, શેષ તબ ભી પૂર્ણ હી રહતા સદા'. ને હમણાં પણ તેં સંભળાવ્યું તેની લઢણ મિઠ્ઠી હતી. શ્લોક પણ. પરંતુ એ ય બાળકોની મા! હજી તો આપણે બે જ જણ છીએ ત્યાં તો તેં લેક્ચર આપવાં શરૂ કરી દીધાં!'

'કેમ, ડૉ. પૂર્ણિમાએ શું કહ્યુ છે?—જોડિયાં બાળકોની મા બનવાની છું.'

'બડાશ તો હાંકે છે, પણ સમાલવાં પડશે ત્યારે ખબર પડશે.'

'એ તો જોઇ લેવાશે. તને બધું દ્વંદ્વ—જોડિયું જ ગમે ત્યાં પછી મારે શું કરવું?—પેટ્રો-કેમિકલ્સ, સુનુ-નંદા વગેરે વગેરે.'

'હવે તું શાંત રહીશ... આ જો મહાસાધ્વીજી આવ્યાં. હવે કામ-કાજ આગળ વધશે.' બંનેની દૃષ્ટિ એ તરફ ગઇ. સુનંદા શાંત બની, પણ રવિનું મન પોતાનાં કિરણો સંકેલી ન શક્યું...સામે બેઠી હતી શ્વેત વસ્ત્રધારી સાધ્વીઓથી વીંટળાએલી જ્યોતિ. ચહેરો તેનો ખુલ્લો, પણ નિસ્તેજ લ ગતો હતો. ઉપવાસ, થકાવટ કે પ્રસંગનો ભાર, જે હોય તે, પણ ચહેરા પર તાઝગી ન હતી. રવિની નજર ત્યાંથી ખસી નહિ. એને લાગ્યું, હમણાં જ જ્યોતિની નીચી ઢળેલી પાંપણો ઊંચી થશે ને એની ટેવ મુજબ એની તરફ જોઇ રહી જ્યોતિ શાંત સ્વરે કહી બેસશે: 'એક વાત પૂછું, રવિ?'

'**એ**ક વાત પૂછું રવિ?...વાત પૂછું રવિ?'...શાંત, શીળો, મનની કંદરાઓમાં ધ્વનિત થઈ ઊઠતો એ મીઠો અવાજ! એ અવાજની મીઠાશના અનુસંધાને, પગલે પગલે, જ્યોતિની કેટકેટલી વાતો એની પાસે આવી હતી! નાની છતાં જ્યોતિ ક્યારેક કેવી ગંભીર બની વાતો કરતી! ને એકલાં બેઠાં હોય ત્યારે તેના ઊંચા કરીને વાળેલા ઘૂંટણ પર બંને હાથની હથેળી એક બીજી પર ઊંધી ટેકવી, તે પર હડપચી મૂકી એ વાતો કરતી તે રીત!...'એક વાત પૂછું રવિ?' ઝણઝણાટ કરતી એક આછી ધ્રુજારી તેના હૃદય પાસેથી ફૂટી, ઉદરપટલને ઝણ-ઝણાવતી, ડૂંટી નીચેના પેટાળમાં ગુમ થઈ ગઈ.

ને પોતાનો જવાબ સાંભળ્યા વગર કે તેની અપેક્ષા વગર પણ તે કેવી પોતાનાં સોણલાંની સજાવટમાં લાગી જતી! આંગણામાં નાચતી, તોફાન કરી ઊઠતી ને તેને ચીડવવાની એકે તક જવા ન દેતી જ્યોતિ તે આ જ કે બીજી, એવું તેને ત્યારે થઈ જતું! કે એ જ્યોતિનાં બે રૂપ હતાં? કોઇની પણ હાજરી હોય ત્યારે તેની વાતચીત, વાત કરવાની રીત વગેરે જાણે અલગ રહેતાં. પણ એકલાં હોય ત્યારે બધું, બધું જ, અવાજ સુદ્ધાં યે જાણે બદલાઈ જતો. બે પાસાં...તો શું આ સુનુ-નંદાને પણ બે પાસાં છે? તે બાજુમાં જ બેઠેલી સુનંદા તરફ જોઈ રહ્યો. ને સુનંદાએ તેની તરફ જોયું. તેનાથી મલકી જવાયું.

'કેમ, શું છે વળી?' સુનંદાએ મીઠાશથી પૂછ્યું.

'કંઇ જ નહિ; એ તો મને વિચાર આવ્યો કે ઘણા કહે છે કે સ્ત્રીઓનું મોટું હથિયાર અશ્રુ છે, એ કંઇ સાચું નથી. મોટામાં મોટું એમનું હથિયાર તો સ્મિત છે, મુસ્કરાહટ. દાખલા તરીકે તું...'

'છોડ હવે મસ્કો. મૂળ તો તારે વાત બદલવી છે. ખેર, તારી એ શોધ માટે નોબેલ કે પછી મૅગસેસે પ્રાઇઝ જેવું જરૂર કંઇક વિચારીશું. પણ ચાલ હવે, આ તરફ તો જો. આચાર્ય મહારાજ પધારતા લાગે છે. પાઠ ભણવા શરૂ થઈ ગયા છે.'

રવિએ દૃષ્ટિ એ તરફ વાળી. પણ ફરીફરીને એ જ્યોતિ તરફ જ દોરાઇ જતી હતી. તેને દેખાઇ એક પરસાળ, તે પછીની પગથી, ને તે પછીનો મોટા આંગણાનો ડેલીબંધ વિસ્તાર તે દિવસે પહેલે પગથિયે જ્યોતિ સફેદ સાડી પહેરી બેઠી હતી. પોતે ત્યારે દીવાલ પરથી જોતાં મજાકમાં કહેલું: 'નમસ્કાર મીરાંબાઈ, આજે કંઇ મૌનવાર છે?'

ચમકી જઈને ત્યારે જ્યોતિએ ઉપર જોએલું તેની સ્વચ્છ મોટી આંખોમાં ચમકતું ઓજસ કેવું મીઠું લાગ્યું હતું! ને તે વેળા, બંને જ્યારે એકલાં હોય ત્યારે જે સ્વરમાં બોલતી તેમ ને તે રીતે તેણે ગંભીરતાથી કહ્યુ હતું: 'હા, આજે મૌન જેવું જ છે રવિ. વિચારું છું. માણસનું મન પણ કેવુંક છે! કોઇ વાર તેને માત્ર આ પરસાળમાં જ ઘૂમરાવું ગમે છે, તો ક્યારેક તેને આ વિશાળ ચોક પણ પૂરો પડતો નથી. તેની આવી ગતિ કેમ હશે!'

રવિને બરાબર યાદ આવ્યું કે આમ ગંભીર બની જ્યોતિ બોલતી ત્યારે પોતે કાં તો સ્તબ્ધ થઈ જતો તેથી, કે પછી પોતાની સમજ-શક્તિનો ચોપાડ ત્યારે સીમિત હતો તેથી, હમેશાં એવા સમયે બનતું તેમ, તરત જવાબ નહોતો દઇ શકતો.

'માણસનું મન તો નાના ફલકમાં ગૂંગળાય, નહિ રવિ?' સુનંદા બોલી ઊઠી.

'હં.' અસમંજસમાં જ રવિ તેના તરફ જોતાં બોલ્યો. મનઘોડા-ની તરંગી ચાલ તરત તે પલટી ન શક્યો, પણ અચાનક તેનાથી હોંકારો દેવાઈ ગયો. સુનંદા પણ એ બોલી હતી એટલું જ, બાકી ખાસ તેનું પણ આ તરફ ધ્યાન ન હતું. પણ રવિના હોંકારાથી એ તરફ જોતાં તેણે કહ્યુ: 'નાના સરખા આંગણામાં તો મન મૂંઝાય, ખરું કે નહિ? આ જ્યોતિ જો તો, મને તો લાગે છે જાણે એ પોતાના માટે એક નાનું ફલક જ શોધી રહી છે.'

'જેને જેમાં સુખ, સુનુ. મુખ્ય વાત આંગણાની નથી; કદાચ મનની છે.'

સુનંદા જોવામાં પરોવાઈ ને તેથી કૈં બોલી નહિ. કદાચ તે રવિના કહેવા પર વિચારતી પણ હોય. રવિએ પણ જોવામાં ધ્યાન કેન્દ્રિત કર્યું. **પ**ણ જ્યોતિ તરફ એની દૃષ્ટિ જતાં જ જ્યોતિની આજુબાજુનાં ધોળાં વસ્ત્રો જાણે પરદો બની જતાં હતાં ને તે પર સ્મૃતિનો સાથ લઇ દશ્યો ખડાં થઈ જતાં હતાં...તેને ખયાલ આવ્યો; બહારથી આવીને એક વાર લાગલો જ એ જમવા બેસી ગએલો—બહાર, પર-

સાળમાં જ. બે ઘર વચ્ચેની ભીંત પરથી ડોકાઇને ત્યારે જ્યોતિ બોલી હતી: 'લ્યો, આવીને લાગલા જ ભાઇસા'બ બેસી ગયા જમવા.'

રવિને બરાબર યાદ આવ્યું કે તેનો કોળિયો ત્યારે હાથમાં જ રહી ગએલો. અધ્યાહારમાં રહેલું બધું ત્યારે ઓથાર બની ગએલું. પોતે કશું બોલી શક્યો ન હતો. પળનું પગલું પણ ક્યારેક કેવું થંભી જતું હોય છે! જ્યોતિ ચાલાક હતી. હા, ચાલાક હતી જ્યોતિ; બાજુમાં જ બેસી જમાડતી મા પણ ત્યારે પોતાના મોં સામે જોઈ રહેલી: જાણે કંઈક ચબરાક જવાબ પોતે આપી શકે છે કે નહિ તે જોવા. પણ પોતે બોલી શક્યો ન હતો.

'લ્યો, વળી કેવા વિચારમાં ખોવાઈ ગયો તું?' સુનંદા બોલી: પણ તે ઠપકામાં નહિ, મીઠાશથી. ને પછી મોટેથી વિચારતી હોય તેમ તેના શબ્દો બહાર પડ્યા: 'આ દીક્ષા, આ બધાથી અલગ થવાનું—જેમની સાથે ઊછર્યાં, જેમને મનઘાટે સ્થાપ્યાં એ સૌથી! ...ભય નહિ લાગતો હોય?'

રવિની નજર જ્યોતિ તરફ હતી સ્મરણુનો સાથ પ્રસંગને પ્રકાશ આપી ગયો: 'ઘરમાં એકલી પડું છું તો શૂન્યમન બની જાઉં છું, રવિ! મોટું આંગણું જાણે ખાવા ધાય છે; પરસાળ જાણે ધક્કો દઇ હમણાં મને નીચે, પગથિયાં પરથી નીચે ગબડાવી દેશે એવું લાગે છે એટલે તો દીવાલ પર બેસી તારી સાથે વાતો કરું છું.' કંઇક ઘેરા ઊંડા ભાવથી શરૂ કરી, પોતાને સંબોધતાં જ્યોતિ ત્યારે છેલ્લે હળવું બોલી બેઠેલી. પેલા ઊંડા ભાવ સમજવા પોતે અધિકારી ન હતો એવું ત્યારે જ શું જ્યોતિને લાગેલું?... એવું જ તો. નહિ તો પોતે આમ કેમ બોલે કે 'દીવાલ પર બેસીને ભલે વાતો કર, પણ આહીં ટપકી ન પડતી તું. તારી બાજુ ઓટલો છે એટલે તો સહેલું છે, અહીં તો ગબડી પડીશ ને પગ ભાંગી બેસીશ.'

રવિને એ યાદ આવતાં ત્યારની પોતાની મૂર્ખાઈ તેને અત્યારે પણ અસહ્ય ભાસી, ને તેનાં આંગળાં ને હોઠ સજ્જડ બીડાઇ ગયાં. જ્યોતિના તે વેળાના શબ્દો તરી ઊઠ્યા: 'પગ તો શું ભાંગવાની? ને તું મને ઝીલી લેશે એવી આશા યે શા કામની મારે?' જ્યોતિએ ત્યારે ટોણો માર્યો હતો; ને ઉમેર્યું હતું: 'પણ મરજી થઈ તો ધુબાકો પણ લગાવીશ. તે વખતે દીવાલની ઊંચાઈ માપવા નહિ બેસું. તારી જેમ.'

રવિનું અંતર ચમચમી ઊઠ્યું. શાંત બની તે બેસી રહ્યો.

મેદની શાંત હતી, ને ધર્મગીતોના અવાજ સાથે જ્યોતિનો અવાજ પણ જાણે કે ભળી જતો લાગ્યો રવિને... શરદપૂનમની રાત હતી ત્યારે. દીવાલ પર બેસી પોતે જ્યોતિના ચોકમાં ગવાતા રાસ સાંભળતો હતો. જ્યોતિએ ત્યારે ગાયું હતું:

'હાલું ચાલું ને વાગે ઘૂઘરી,
બોલું તો ટહુકે ઝીણા મોર જો
મોતી વેરાણાં મોટા ચોકમાં.'

પડોશની પાનુ સાથે ત્યારે તેની હોડ હતી. વેરાએલાં મોતીને વીણવાની જાણે તાલાવેલી! હા, મોતી બધાં—બધાં જ વેરાઇ ગયાં હતાં એનાં. મોટા એવા એ ચોકમાં એકે ય હાથ ન આવ્યું એને.

બીજે દિવસે તેણે જ્યોતિને ચીડવી હતી. કહ્યું હતું: 'તને ગાતાં આવડતું નથી જ્યોતિ; નકામા રાગડા ન તાણતી હો તો?'

જ્યોતિએ ત્યારે કહ્યું હતું—તેના તરફ હાથ લહેકાથી લંબાવીને: 'તો પછી પેલી પાળ પર બિરાજમાન થવાની તકલીફ શા માટે લીધી હતી રાજમાન રાજેશ્રીએ?'

'એ તો પાનુને સાંભળવા.'

'પા...નુને સાં...ભળવા!' ચાળા પાડતાં જ્યોતિ બોલેલી 'ભાઇસા'બ પોતે કાગડા જેમ કા કા કરી જાણે તે બીજાનાં મૂલ ક્યાંથી જાણે?'

'અરે, આ લોકો હવે જ્યોતિને ક્યાં દોરી જાય છે?' સુનંદાનો અવાજ આવ્યો. રવિએ ચમકીને જોયું તો બે સાધ્વીઓ જ્યોતિને દોરીને લઇ જતી હતી.

'વસ્ત્રો બદલાવવા, ઘરેણાં કાઢી નાખવા અને વાળનો લોચ કરવા.' તેણે શાંતિથી કહ્યું.

'ઓય મા! વાળ ઉતરાવવાના!...હું તો ત્યાંથી ભાગી જાઉં!' સુનંદાએ પોતાના માથે હાથ દીધો: 'દીક્ષા લઉં તો ય વાળ તો ન જ ઉતરાવું' રવિ એની અસંગતતા પર હસી પડ્યો. ત્યાં તો બૅન્ડ લહેકી ઊઠ્યું: 'પંખ આયે તો ઊડ જાતી રે, સૈયાં ઓ બાલમા!' બૅન્ડવાળા હવે નજીક આવ્યા હતા ને ગીતના સ્વર પકડી શકાતા હતા.

'વાળ તો મારે છૂટા જ રાખવા છે માંસીબા,—એમ જ લહેરાતા. કેવા મજાના લાગે છે!' જ્યોતિ એક વાર બોલી હતી. તેની બા કામમાં હોવાથી તે પોતાને ઘેર વાળ ઓળાવવા આવી હતી તે રવિને યાદ આવ્યું. ને પોતે ત્યારે કહેલું: 'હા બા, છૂટા જ મેલ. રમતમાં એ ખેંચવાની પછી મજા પડશે. આમ તો એ માનતી જ નથી, પણ વાળ ખેંચાતાં તરત જ ઠેકાણે આવી જશે, ને ઊંટ જેમ ગાંગરતી બેસી જશે નીચે.' કેવો ગ્રામ્ય લહેકો હતો ત્યારે પોતાની બોલીમાં! રવિના મનમાંથી ખયાલ પસાર થઇ ગયો. પણ જવાબમાં જ્યોતિએ ત્યારે અંગૂઠો બતાવેલો, જીભડો કાઢેલો ને એક આંખ મિચકારી મશ્કરી કરેલી.

ગીરદી વચ્ચે ઊઠબેસ વધી હતી હવાની લેરખી તોરણનાં પાનને ઝૂલણાં ઝુલાવતી હતી.

થોડી વારે બધો અવાજ એકદમ શાંત થઈ ગયો. રવિએ જોયું તો પેલી બે સાધ્વીઓ જ્યોતિને ધીરેધીરે દોરતી પાછી લાવતી હતી. માથા પરનો છેડો હવે જ્યોતિના અરધા કપાળને પણ ઢાંકી દેતો હતો.

જ્યોતિ ને સાધ્વીઓ બેઠી કે તરત જ પાછો ગણગણાટ શરૂ થઈ ગયો. પેલા બૅન્ડવાળા પણ ઉત્સાહમાં આવી ગયા. 'પેલો બૅન્ડના સૂર ઉપડાવનારો કોણ છે?–પેલો, કાળો બમ્મ...' સુનંદા બોલી.

'કોની, પેલા લૂઈ આર્મસ્ટ્રૉન્ગની વાત કરે છે?'

'આર્મસ્ટ્રૉન્ગ હોય કે ડ્યૂક હોય, મને તો એનામાં વૉલ્ટેર કે જોનાથન સ્વિફ્ટનો આત્મા વિરાજતો લાગે છે.'

'કેમ એમ?'

'ત્યારે શું? આ બીચારી વાળ ઉતરાવીને માથે ઓઢીને આવે છે તો વગાડે છે: "ચલી દુલ્હનિયાં પિયાકો મિલને, છોટાસા ઘૂંઘટ નિકાલ કે!"—આવું તે હોય?'

રવિએ ધ્યાન દઈને સાંભળ્યું તો એ જ ગીત વગતું હતું. તે પણ હસ્યો: 'એ તો એવું છે ને સુનુ, તું એ સાંભળે છે, ને ધ્યાનમાં લે છે, એ તારો જ દોષ. જો આ બધા લોકો બેઠા છે, કોઈક દોડધામ કરે છે, એમને કંઈ છે? એમને કદાચ ખબર જ નથી કે શું વાગી રહ્યું છે.'

'આ જોયું પંખી! કેવું અચાનકનું લહેકી ઊઠ્યું!' પંખીનો મધુર અવાજ સાંભળતાં ઉપરના ઝાડ તરફ જોતાં સુનંદા બોલી ઊઠી ને નાના બાળકના જેવા આનંદથી પંખી તરફ જોઈ રહી. ડાળ પર એક પંખી યુગલ ચાંચમાં ચાંચ પરોવવા મથતું હતું. પણ તેમનો ઉદ્રેક તેમને સ્થિરતા નહોતો આપતો. ઊડ ઊડ કરતી પાંખ જાણે તેમની ચેતનાને ચંચલ બનાવતી હતી. થોડી વારે તે ઊડી ગયાં ને સુનંદાએ પોતાની દૃષ્ટિ મંડપ તરફ વાળી.

દીક્ષાના વ્રતોચ્ચાર થયા બાદ જ્યોતિ હવે સૂચના અનુસાર સર્વ

સાધુઓને લળીલળીને નમન કરતી હતી. સુનંદા બોલી ઊઠી: 'આ આપણને ન ગમ્યું ભૈ. બીચારીને કેટલી ઊઠબેસ કરાવશે. એક તો ઉપવાસી ..થાકી જશે... મારો તો જીવ દુભાય છે. એને અટકાવાય નહિ?'

'ન અટકાવાય. અત્યારે તે સર્વ અપેક્ષા, મોહ, સ્નેહ વગેરે છોડી રહી છે...'

સુનંદાએ હાથ દઈ દીધો રવિને મોઢે ને બીજો હાથ હૈયે. એ જાણે અકથ્ય મૂંઝવણ નીચે પડેલા ઊઠવું હતું, જાણે એનાથી સહ્યુ જતું ન હતું.

'મને નથી ગમતું આ.' સુનંદા ફરી બોલી: 'એવું લાગે છે, જાણે! આ તરફ એ નમન કરે છે એ ઠીક નથી. આપણે એવાં લાયક ક્યાંથી?' બોલી સુનંદાએ ખુરશીના હાથા પર રાખેલા હાથ પર માથું ઢાળી દીધું.

રવિ જોઈ રહ્યો સુનંદાનું ઢાળેલું માથું. ઢીલો અંબોડો સુરેખ સોનલ ગરદન પર સીએસ્ટા લેવાની અદામાં પડ્યો હતો. ચોરસ કાપના બ્લાઉઝની કિનારી ને અંબોડાની વચ્ચેના ઘાટીલા પ્રદેશ પર સોનાની ઝીણી સેર આત્મીયતાથી એકરૂપ બની ગઈ હતી. રવિના મનમાં એ સેર સાથે રમવાની અદમ્ય ઇચ્છા થઈ આવી. મહા પ્રયત્ને તેણે એ ટાળી. પણ તેની નજર ત્યાંથી ન ટળી. સોનેરી તડકાની વ્યાપકતાની તેને અદેખાઇ આવી.

એક ખૂણે અચાનક હલચલ થતાં અનેક જણ ઊભાં થઈ ગયાં. શોરબકોર થઈ રહ્યો. રવિએ ત્યાં જોયું સુનંદાએ પણ માથું ઊંચું કરી ત્યાં જોયું. રસ્તે પસાર થતા ઊંટે આસોપાલવનાં તોરણનાં પાન સાથે સૌંદરીને પણ ચાવવા માંડતાં તે તરફનો મંડપ જરા ડોલવા માંડ્યો હતો. કોઇકે ઊંટને હાંક્યું ને ભય પછીનો આનંદ સૌને ચહેરે પાછો રમતો થઈ ગયો. દૂર પેલા આર્મસ્ટ્રૉન્ગે પાછું નવું ગીત ઉપાડ્યુ હતું: 'રોકે ખુદાઈ તો રે, રોકે જમાના તોહે, જાના પડેગા...' સુનંદા રવિ સામે જોતાં હસી પડી. મંડપમાં બૅન્ડવાજાંથી વાતાવરણ ગોરંભી ઊઠ્યું ને રવિએ બગાસું ખાતાં સુનંદાએ કહ્યું: 'ચાલીશું? ચાલ ઘેર જઇએ.'

વિના બોલ્યે જ રવિએ ચંપલ પગમાં પરોવ્યાં ને ગીરદીમાંથી નીકળી જઇને ટૂંકે રસ્તે તેઓ એક નિર્જન લાગતી ગલી તરફ વળ્યાં.

સામેથી એક યુવતી ચાલી આવતી હતી. કેડે હતું છોકરું. એ પાસે આવતાં રવિ બોલી ઊઠ્યો: 'કેમ પાનુ?'

'કેમ, રવિભાઈ!' કહેતાં પાનુ જરા થંભી, ને 'નમસ્તે બહેન' કહીને સુનંદાને હાથ જોડ્યા. હાથમાં રમતી દોરી જોડાએલા હાથમાં ઝૂલી રહી.

'કેમ પાનુ, આજે હાથમાં દોર લીધો? ગામ આખું ઊજવે છે ને તું આજે કામે ચાલી, શું!' રવિ બોલ્યો.

'હા ભૈ, આપણે જઇએ છીએ વાડીએ.'

'કેમ કંઈ? જ્યોતિને ભૂલી જ ગઈ? કે ઝગડી છો?'

'એને તો કેમ ભુલાય, કે કોણ કરે ઝગડો ય એની સાથે!' પાનુ બોલી. ને પછી બોલવા ન બોલવાની ભાંજગડમાં પળ એકાદને વચ્ચે થોડી અટકાવીને ઉમેર્યું: 'આ સમજાયું નહિ તમારા લોકનું.'

રવિ ખમચાઈ ગયો. થયું કે વાત આગળ ન ખેંચાય તો સારું. પણ બોલાઈ ગયું: 'શું વળી?'

'આ જ તમારું...એ કોયલ જેવી છોડીને વળી દીક્ષા!'

ઘડીભર તો કંઈ જ ન સૂઝ્યું રવિને. સુનંદા એના સ્વભાવ મુજબ વચ્ચે ટપકી પડે તો સારું એમ એને થયું, પણ એ ય ચૂપ જ રહી.

બોલવું જ પડ્યું રવિને: 'એમાં તો એવું છે ને, કે જેવી જેની મરજી.'

'મરજી કે ફરજી મારા ભૈ. થોડા વખત પહેલાં જ મારે ત્યાં આવી'તી ત્યારે આ છૈયાને કંઈ ઉલાળ્યો છે, કંઈ ઉલાળ્યો છે! ..' પાનુ એના છૈયાને છાતી સરસો ચાંપતાં આંખ મીંચી ગઈ—આનંદની ખેંચમાં.

ને પછી સુનંદા તરફ જોતાં એ હસતાંહસતાં બોલી: 'ને ગીત પણ ગાઇ બેઠી હોં બૅન.' ને રવિ તરફ જોતાં ઉમેર્યું: 'પેલું—બોલું તો ટહુકે ઝીણા મોરવાળું.'

'ને મેં તો કહી પણ દીધું—' પાનુના છૂટા હાથમાં રમવા માંડેલા પેલા દોર પેઠે સહેજ જીભ પણ જાણે રમવા મંડી: 'ને હા, તે કહું જ ને, છેક બચપણથી સાથે રમેલાં, ને પડોશી ય ખરાં, તે કહી દીધું કે, તું ય સંસારી થઈ જા જ્યોતિ. છોડ બધી અવળ વાતું. પણ ત્યાં તો એનું મન એવું ભારે થઈ ગ્યું!'

'હા પાનુ, એનું અગાઉથી મનવલણ જ...'

'એ તો ભૈ મનવલણ કે વલોણું, જાણે મારો દે!' પાનુએ કપાળે હાથ દઇ કહ્યું, ને ઉમેર્યું: 'એક દિ' એવી એ શું પૂછે છે, ખબર છે!' ને આનંદથી હસતાં એણે એના છૈયાના બંને ગાલ દબાવ્યા: 'પૂછે છે કે આનું નામ શું રાખ્યું છે?'

'હવે અમારા વરણમાં નામ થોડાં તમ જેમ ઝટ પડે? મેં કહ્યું હજી નથી રાખ્યું; બોલ શું રાખશું? ને એણે ફટ કરતુંક ને કીધું "રવિ!" ...બોલો હવે? મને તો હસવું આવ્યું, કંઈ હસવું આવ્યું.' ને બોલતાં બોલતાં જ છૈયાને હૈયે દબાવતી પાનુ ચાલી. કહેતી ગઈ સુનંદાને: 'હવે આવજો ત્યારે, બૅન.' ઢાળમાં કંઈક ગતિથી જતી પાનુને બંને જોઈ રહ્યાં.

પહેલો પગ ઉપાડ્યો રવિએ આગળ શેરીનો ચડાવ હોતાં સાડીની પાટલી સમાલતાં પગ ઉપાડ્યો સુનંદાએ.

ઢાળ ચડ્યા બાદ સુનંદા જ બોલી: 'તારે કલકત્તામાં જ કહેવું જોઇતું હતું રવિ. મને શી ખબર કે અહીં આ વેળા નહિ આવવાની તારી મરજી પાછળ કે આ પ્રસંગે અહીં હાજર ન રહેવાના તારા વલણ પાછળ આવું કંઇક હશે.'

'તારું કહેવું ખરું છે, સુનુ.'

થોડી વારે સુનંદા બોલી, ચાલતાં ચાલતાં જ: 'મને લાગે છે કે તું ધારત તો જ્યોતિને અટકાવી શકત.'

'હં, ધારત તો. પણ કદાચ એ યોગ્ય નહિ હતું સુનુ,– એ અટકાવવાનું. એ માત્ર મારી પડોશી ન હતી. ખરી રીતે એ મારી બહેન હતી, એ બહુ ઓછાં જાણે છે. એ પોતે તો નહિ જ. જ્યોતિના જન્મ વખતે જ તેના પિતાએ આપઘાત કર્યો તે પાછળ પણ એ જ કારણ હતું તેની એને જાણ નથી... મને ય બહુ મોડી ખબર પડેલી.'

વળી રવિ બોલ્યો: 'ઉપરાંત, ફોડ પાડ્યા પછી પણ કદાચ તે આ જ માર્ગ લેત. પિતાના મૃત્યુ બાદ તદ્દન ભક્તિ તરફ વળેલી મા માટે એને એટલું બધું માન છે. યા તો પછી એના પિતાનો રસ્તો...'

પળભર શાંતિ છવાઈ ગઈ. બોજલભર, નીરવ શાંતિ. ને એકાએક દૂરથી બૅન્ડ ગાજી ઊઠ્યું: 'પંખ આયે તો ઊડ જાતી રે...'

ગુજરાતી સાહિત્ય પરિષદનું ચોથું જ્ઞાનસત્ર

ગુજરાતી સાહિત્ય પરિષદનું ચોથું જ્ઞાનસત્ર આગામી ઑક્ટોબર માસની તા. ૨૯ તથા ૩૦–શનિ અને રવિવારે દ્વારકામાં મળશે અને તે સભ્યો પૂરતું મર્યાદિત રહેશે. પરિષદના જે સભ્યોએ પોતાનું વાર્ષિક લવાજમ ન ભર્યું હોય તેમણે બનતી ઉતાવળે તે ભરી દેવાની વિનંતી છે.

આ માટે રેલવે કનસેશન ફૉર્મ્સ યથાસમય સભ્યોને પહોંચતાં કરાશે. જ્ઞાનસત્રની બેઠકોની ચર્ચાના વિષયો હવે પછી જાહેર થશે.

કલાયાત્રા

આર. કે. માલવણકર

છાપાંની કાપલીઓ, કપડાંના લીરા, સૂતળી ને તાપડાં, કાટ ખાધેલાં પતરાં-ખીલા



લાકડાના છોલ એવાં એવાં અનેક અમરંગી માધ્યમો દ્વારા ચિત્રવિચિત્ર શૈલીએ મૉડર્ન કલાકારો આજે અભિવ્યક્તિના ઊભરા દાખવે છે. એ બધાંમાં શ્રી આર કે. માલવણકરની અભિનવતા આંખ-મનને કંઈક જચે છે. ચિત્રાલેખન માટે એમણે અપનાવેલી આંગળાં-છાપની રીત સરળ છતાં અસરકારક લાગે છે. પીંછી કે કલમનો ઉપયોગ અનિવાર્યરીતે જ તેઓ કરે છે; બાકીના બધા આકારોને હાથના અંગૂઠા કે હથેળી પર રંગ ચડાવી એની છાપ વડે ઉપસાવે છે. અલબત્ત, આમાં સ્ટેન્સિલની મદદ પણ લે છે. આ સાથેના થોડા નમૂના ધ્યાનથી જોતાં આ પદ્ધતિ સમજાશે.

શ્રી. માલવણકર માત્ર આ જ પ્રકારે ચિત્રો કરે છે એવું નથી. ચિત્રકળાનો એમણે લાંબો અભ્યાસ કર્યો છે, અને સિદ્ધિ પ્રાપ્ત કરવા એમને કપરો જીવનપથ ખેડવો પડ્યો છે. વસ્તુતઃ એમની કથા મુસીબતો સામે નિશ્ચયાત્મક પ્રગતિની કથા છે. મહારાષ્ટ્રમાં માલવણ મુકામે ઈ. ૧૯૨૯માં એમનો જન્મ. સાત વર્ષની ઉંમરે માતા ને પંદર વર્ષની વયે પિતાની છાયા એમણે ખોઈ. 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા'-માં એક અદના પટાવાળા તરીકે નોકરી કરતાં કરતાં મુંબાઈમાં પ્રથમ 'કેતકર આર્ટ ઇન્સ્ટિટ્યૂટ'માં અને ત્રણ વર્ષ પછી 'નૂતન કલામંદિર'માં સાંજના વર્ગો ભરી એમણે ચિત્રકળાનો પ્રાથમિક અભ્યાસ કર્યો. દિવસે અવકાશ મળે ત્યારે જૂનાં છાપાંનાં પાનાં પર સ્કેચો કરીકરીને એમણે હાથ જમાવ્યો.

ઈ. ૧૯૫૩માં એમને સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં સ્કૉલરશિપ મળી ત્યાંના દિવસના વર્ગો ભરી શકાય એ માટે એમણે એક મિલની કૅન્ટીનમાં રાતની નોકરી લીધી. આમ બેવડી મહેનત છતાં એમણે ડિપ્લોમાની પરીક્ષામાં માન સાથે પહેલો વર્ગ મેળવ્યો. પરિણામે જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં ફેલો-







સ્ટેન્સિલ પર રંગવાળાં આંગળાંની છાપ પાડી કલાકાર માલવણકરે બનાવેલી ચિત્રકૃતિ. આવી બીજી બે કૃતિઓ આગળના પાના પર આપી છે.

શિપ મળી. ૧૯૫૫માં વર્ષના ઉત્તમોત્તમ વિદ્યાર્થી તરીકે એમને દયા સુવર્ણચંદ્રક મળ્યો.

૧૯૫૮માં આર્ટ સોસાએટી ઑાવ ઇંડિયાના વાર્ષિક પ્રદર્શનમાં પટેલ ટ્રૉફી અને '૫૯માં 'ટાઈમ્સ ઍન્ડ ટૅલન્ટ્સ ક્લબ'ના રૌપ્ય મહોત્સવ પ્રદર્શનમાં ત્રીજું ઇનામ એ જીત્યા. તાકિયો ને નૈરોબીમાં પણ એમનાં ચિત્રો પ્રદર્શિત થયાં છે. 'ઇલસ્ટ્રેટેડ વીકલી ઑાવ ઇન્ડિયા'માં અવારનવાર એમની કૃતિઓ પ્રકટ થઈ છે.

૧૯૫૭થી તેઓ ભારત સરકારના ફિલ્મ્સ ડિવિઝનમાં મદદનીશ લેઆઉટ આર્ટિસ્ટ તરીકે કામ કરે છે. અહીં એમને ડિઝની સ્ટૂડિયોના એક નિષ્ણાત મિ. વિક્સ પાસે ખાસ તાલીમ મળી છે. ત્રણેક વાર એમણે પોતાનાં ચિત્રોનાં વૈયક્તિક પ્રદર્શનો પણ કરેલાં છે.

પીંછી કે કલમનો ઓછામાં ઓછો ઉપયોગ કરી માત્ર સ્ટેન્સિલ અને આંગળાંની રંગરંગીન છાપોથી જ નિપજાવેલાં એમનાં ચિત્રો રાજસ્થાની ને કાંગડા કલમનાં ચિત્રો જેવી રંગદર્શિતા બતાવે છે. ૧૯૬૪માં આ જ રીતે કરેલા એમના એક ચિત્ર 'રૉયલ રાઈડર' (શાહી સવાર)ને 'બૉમ્બે આર્ટ સોસાએટી'ના વાર્ષિક પ્રદર્શનમાં પ્રથમ ઇનામ મળેલું.



ટિકિટસંગ્રહ

પંજાબ કેસરી મહારાજા રણજિતસિંહની યાદમાં ભારતના તાર-ટપાલખાતાએ ર૮મી જૂને ૧૫ પૈસાની એક ખાસ ટિકિટ બહાર પાડી છે. આ ઉપરાંત, પહેલી જુલાઈથી કોણાર્કના હાથીના વિખ્યાત શિલ્પની છાપવાળી ૬ પૈસાની; વીજળીક રેલવે એન્જિનના ચિત્રવાળી ૧૦ પૈસાની અને ભુવનેશ્વરના એક સુંદર નારીશિલ્પના આલેખનવાળી એક રૂપિયાની બેરંગી, એમ ત્રણ નવી ચાલુ ટિકિટો બહાર પડી છે.

ઝાંઝિબાર અને પેમ્બા ટાપુના પ્રજાજીવનનાં કેટલાંક પાસાં રજૂ કરતી જે નવી ચૌદ ચાલુ ટિકિટો ગઈ પાંચમી જૂને બહાર પાડી છે એમાંની સાત નીચે આપી છે. બાકીની સાત ઉપર પણ આ જ આલેખનો છે. દરેક પર સ્વાહિલી ભાષામાં એનાં આલેખનો વિષે પરિચયાત્મક શબ્દો લખેલા છે એ મુજબ કિંમત પ્રમાણે અનુક્રમે: સહકાર, લવિંગનાં ઝાડ, સ્થાનિક ઉદ્યોગ, લુમુમ્બા કૉલેજ, ખેતી, સ્વૈચ્છિક સેવા અને ઝાંઝિબારમાં સ્વાગતમ્, એ મતલબનું લખાણ છે.

(પ્રેષક: મનસુખ આર. મહેતા, પો. બો. ૯૯૩, ઝાંઝિબાર, ટાન્ઝાનિયા)



સાહિત્યસંપર્ક

નવી નવલકથાઓ

અવલોકન · બહાદુરશાહ પંડિત

આંધી આષાઢની: આષાઢની એક આંધી વખતે પાડોશી પ્રવીણ ચૌધરીના મકાનની અગાશીમાં લટકતા ખાટલાને રૂમમાં મૂકવા જતાં, કોઈ અજાણ્યા યુવાનને પોતાનો દેહ સોંપી દેતી ને કૌમાર્યાવસ્થામાં માતા બનતી તારાના જીવનની સમસ્યા અને નવીન હવેલીવાળાની ઉદારતાથી આવતો એનો સુખદ અંત, તેમજ અંતે 'વૈશાખી વંટોળ' દ્વારા એ અજાણ્યા યુવાન સાથે તારાનું થતું મિલન, એ શ્રી પન્નાલાલ પટેલની પુરસ્કારપ્રાપ્ત અને વિસ્તારી આ નવલકથાના મુખ્ય બનાવો છે. કુંવારી માતા તારાની અત્યંત જટિલ સમસ્યાનો લેખકે આણેલો સરળ ને સુખદ ઉકેલ, શરૂઆતના સાતેક પ્રકરણો સુધી આલેખાએલો તારાના કુટુંબનો ઇતિહાસ, એકબીજા સાથે સુગ્રથિત ન થતી અનેક ઘટનાઓનું નિરૂપણ, વર્તમાન રાજકારણ ને સમાજજીવનમાં પ્રવેશેલાં અનિષ્ટો ને 'અંગ્રેજી પાંચમાથી કે આઠમાથી' જેવા પ્રશ્નોની, કૃતિના હાર્દમાંથી નહિ પ્રગટતી ને તેથી આગંતુક લાગતી ચર્ચાઓ, વગેરે આ કૃતિના બંધને શિથિલ બનાવતી મર્યાદાઓ ગણાવી શકાય.

વાર્તાના કેન્દ્રમાં રહેલી ઘટના (નાયિકા તારા અજાણ્યા યુવાનને પોતાનો દેહ સોંપે અને એની શોધ કરવાનો પ્રયાસ કરે છતાં શોધી ન શકે) તદ્દન અપ્રતીતિકર લાગે છે. ટૂંકમાં એમ કહેવાનું મન થાય કે આ કૃતિમાં નવલકથાકાર પન્નાલાલની સર્જકશક્તિ સોળે કળાએ ખીલવાને બદલે એમની કેટલીક મર્યાદાઓ ઊપસી આવી છે. (પ્ર૦ હરિહર—સૂરત, પૃ૦ ૨૮૬ તથા ૨૬૪; બંનેના રૂા. ૧૮-૫૦).

સઢ અને સુકાન (ભાગ ૧-૨): ખારવા કોમના યુવાન ગોવિંદ અને યુવતી મુરલીના કરુણ વૈફલ્યમાં પરિણમતા પ્રણયને કેન્દ્રમાં રાખી લખાએલી શ્રી વનુ પાંધીની આ દરિયાઈ નવલકથામાં ગોવિંદના કૌશલ્ય અને પરાક્રમોનું, અબુ હસનની અમાનુષી ક્રૂરતાભરી સૃષ્ટિનું ને લધાભા તથા એમની વસાહતના માનવેનાં ખમીર અને ગ્રિહાદિલીનું દિલચસ્પ આલેખન થયું છે.

પત્ની પર વેર લેવા જીવતો ગીધુ સુખાણી, સાગરખેડુ દામો માલમ, દરિયાનો ઓલિયો લધાભા, સાગરનો શેતાન ને ચાંચિયાનો સરદાર, ક્રૂરતાની સાક્ષાત્ પ્રતિમા જેવો અબુ હસન, માથે કફની બાંધી જીવતા મોરાર ને માધુ, કોમની ખાતર હસતે મુખે મૃત્યુને ભેટનાર ઓસુ ભડાલો જેવાં આ સાગરની સૃષ્ટિનાં પુરુષપાત્રો જેટલાં જીવંત, તેજસ્વી ને આકર્ષક બન્યાં છે એટલાં, પ્રેમીની વર્ષો સુધી રાહ જોઈ અંતે અન્ય ખારવા સાથે પરણતી અને પ્રણયી પર અવિશ્વાસ રાખતી મુરલી, બેવફા લક્ષ્મી, શેઠાણી રંભાનાં સ્ત્રીપાત્રો ખીલતાં નથી

મધ્યયુગના વાતાવરણવાળી આ કથામાં લેખકે ખારવાઓની વર્તમાન સમયની કફોડી આર્થિક સ્થિતિનું આલેખન કરવાનો પ્રયાસ કરી બિનજરૂરી ઠુંકર ઊભો કર્યો છે. દરિયા પરના ને દરિયાપારના પ્રસંગો જેટલા આકર્ષક લાગે છે એટલા રંભા અને નાના શેઠવાળા પ્રસંગો આકર્ષક બન્યા નથી અને નવલકથાના પ્રેમ, ખુમારી અને મધ્યયુગીન વીરતાભર્યા વાતાવરણમાં થીગડા જેવા બની ગયા છે. (પ્ર૦ સુમન પ્રકાશન-મુંબાઈ; પૃ૦ ૨૮૬ અને ૨૭૭; દરેકના રૂ. ૬-૭૫.)

આભ રૂએ એની નવલખ ધારે (બે ભાગમાં): બંગાળની પાર્શ્વભૂમિમાં અને ઈ. ૧૯૪૧થી '૫૦ના સમયગાળામાં બનેલા અનેક રાજકીય બનાવોના પરિવેષ્ટનમાં આલેખાએલી આ કથા તત્ત્વતઃ તો અશેષ ને કાજલના પ્રેમલગ્નના કજોડાની કરુણ કથા છે.

બુદ્ધિશાળી, ગાંધીભક્ત દેશસેવિકા જયમનનો પુત્ર અશેષ બી.એ. થઈ મામાનો ધંધામાં પલોટાવા કલકત્તા જતો હોય છે, ત્યાં ગાડીમાં એને સામાન્ય દેખાવની પણ ચબરાક, ઉદાર ને કલાકાર બંગાળી યુવતી કાજલનો પરિચય થાય છે, અને એ પરિચય લાંબા સહવાસ બાદ પ્રણયમાં પરિણમે છે. કાજલના ભાઈ ઉત્પલના સામ્યવાદી વલણને લીધે અને કાજલને પામવા જેટલી અશેષની ઉદારતાના અભાવે બને ઘણા સમય સુધી છૂટાં રહે છે ને અંતે પોતાના વર્તન માટે પસ્તાતો અશેષ યુરોપથી પાછી આવેલી કાજલ સાથે પ્રણયાતુર બની કોણાર્કના મંદિરે ગયો હોય છે ત્યાં વહેલી સવારે મંદિરના ઘૂમટ પર પ્રકૃતિના સૌંદર્ય સાથે સંગીતની મોજ માણી રહેલાં આ પ્રણયીઓ પર–ખાસ કરી અશેષ પર કાજલના વેરભૂખ્યો ભાઈ ઉત્પલ ઘા કરે છે જે કાજલને વાગતાં એનું કરુણ મૃત્યુ થાય છે.

અત્યંત ધીમા વસ્તુપ્રવાહવાળા કિસ્સા વાણાટના તથા અનેક આડકથાઓ આપતી ને વાર્તા ... ૫ પકડની ઢીલાશ દર્શાવતી આ નવલકથામાં પાત્રોનું વૈવિધ્ય, એમનું સુરેખ નિરૂપણ અને એમના માનસનું રુચિર દર્શન આકર્ષક છે; તેમ છતાં કાજલ, સુતપા, જયમનબેન આદિ તેજસ્વી સ્ત્રીપાત્રોની અપેક્ષાએ અશેષ નટવરલાલ, ઉત્પલ આદિ પુરુષપાત્રો ફિક્કાં લાગે છે. કથાથી સ્વતંત્રરીતે માણી શકાય એવાં રુચિર વર્ણનો, આસ્વાદ્ય ગીતયોજના, 'ફ્લૅશ બૅક'નો પ્રયોગ,. તેજસ્વી ને જીવંત સ્ત્રીપાત્રોનું આલેખન વગેરે વિશેષતાઓવાળી આ લાંબી નવલકથામાં શિથિલ વસ્તુસંકલના ઉપરાંત અપ્રતીતિજનકરીતે આવતો આઘાતજનક પણ આયાસસિદ્ધ અંત પણ એક મોટી મર્યાદા બની રહે છે. મુદ્રણ પ્રત્યે અપાએલા દુર્લક્ષથી રહી ગએલી ભૂલો અક્ષમ્ય હદે પહોંચી છે. (પ્ર૦ સ્વાતિ પ્રકાશન-મુંબાઈ; પૃ૦ ૪૬૮ ને ૩૪૭. બંને ભાગના રૂ. ૧૪).

એકલની પગદંડી: અમેરિકન લેખિકા માર્જરી કે રૅાલિંગ્સની 'ઈઅરલિંગ' નામની આ નવલકથામાં કથાવસ્તુ, પાત્રો ને પ્રસંગો તદ્દન સામાન્ય હોવા છતાં (હરીન્દ્ર દવેએ કરેલા અનુવાદને લીધે) નવલકથા, ટૂંકી વાર્તા ને કાવ્યનો સુંદર સમન્વય જોવા મળે છે. અઢારમી અને ઓગણીસમી સદીમાં (ચલો આથમણે)ના નારાના પરિણામે જે અનેક સાહસિક અમેરિકન કુટુંબો અમેરિકાની વિશાળ અને કુંવારી પશ્ચિમ ભોમકામાં વસાહત કરવા માટે પ્રસતાં હતાં એમાંના એકની આ કથા છે. પુરુષાર્થી, ધીર, પણ એકલવાયો બની ગએલો કુટુંબનો વડો પેની, જીવનના યુદ્ધમા હારી ગએલી એની પત્ની ઓરી અને મૈત્રીભૂખ્યો પુત્ર જૉડી, એ ત્રણ પાત્રોની આ કથામાં પુત્ર જૉડીને શિકાર કરવા જતાં મળેલું હરણનું બચ્ચું કુટુંબને બચાવવા માટે માતાના હાથે જ વધેરાઈ જાય છે. એથી વ્યથિત થએલો પુત્ર ગૃહત્યાગ કરે છે, પણ અંતે ચીંથરેહાલ દશામાં પાછો ફરે છે. પિતા એને છાતી સાથે જડી દઈ જાણે એમ સૂચવે છે કે અંતે તો એકલતા જ માનવીનો સાચો સાથી છે.

એક પણ અસામાન્ય પ્રસંગ વિનાની છતાં દરેક પ્રસંગ રસપ્રદ બનાવતી આ નવલકથાનો કાવ્યાત્મક ને રસાળ અનુવાદ કરવા માટે હરીન્દ્ર દવે અભિનંદનને પાત્ર છે, (પ્ર૦ વોરા ઍન્ડ કંપની–મુંબાઈ; પૃ૦ ૪૪૭, રૂ. ૫.)

ઝૂલા: સરકસની દુનિયાના પ્રમાલિયા વાતાવરણનો તથા એના આનંદ-પ્રમોદયુક્ત

શબ્દકથા: મનેખ · મનખો

કેટલીક બોલીઓમાં 'માણસ'ને બદલે 'મનેખ' છે.

પ્રાકૃતમાં 'મનુષ્ય' ઉપરથી 'મણૂસ' અને 'માનુષ' ઉપરથી 'માણુસ', તથા 'પુરુષ' ઉપરથી 'પુરિસ' થયા. પછી 'મણૂસ' ઉપર 'પુરિસ'નો પ્રભાવ પડતાં અપભ્રંશમાં આપણને 'મુણીસ' એમ સેળભેળિયો શબ્દ મળે છે. શબ્દોના અરસપરસ પડતા પ્રભાવનું એ સારું ઉદાહરણ પૂરું પાડે છે. 'માણુસ' ઉપરથી આપણને સીધો 'માણસ' મળ્યો છે.

પણ જૂની ગુજરાતીમાં કથાવાર્તામાંથી 'મનુષ્ય' શબ્દ સાંભળીને તેના 'મનખ્ય' ને 'મનેખ' એવાં નવાં ઉચ્ચારણ સધાયાં. એમ 'મનુષ્યાવતાર' પરથી 'મનખાવતાર' અને 'મનુષ્યદેહ' પરથી 'મનખાદેહ'. આ ઉપરથી 'મનખો' શબ્દ 'માણસ તરીકેનું જીવન' એવા અર્થમાં ઘડાયો. 'મનખો એળે ગયો' એટલે 'મનુષ્યભવ નકામો ગયો.'

'ભલમનસાઈ' શબ્દ આપણને હિન્દી 'ભલ-મનસી', 'ભલ-મનસત', 'ભલ-મનસાહત'ની યાદ આપે છે. અહીં 'ણ' કારને બદલે 'ન'કાર, એ તેના હિન્દી મૂળનો સૂચક છે આમ 'માણસ', 'મનેખ', 'મનખો' અને 'મનસ' એમ મૂળનો એક શબ્દ જુદેજુદે સ્તરે ચાર રૂપે જળવાયો છે; જોકે વ્યાપક વ્યવહારમાં માત્ર 'માણસ' જ છે.

હરિવલ્લભ ભાયાણી

સંસારનાં અનેકવિધ પાસાંઓનો પરિચય કરાવવા સાથે નિર્દોષ મનોરંજન પૂરું પાડતી આ કૃતિમાં સુશીલાબેન દેસાઇએ સરકસ-જગતનાં માનવીઓ અને પ્રાણીઓ વચ્ચેનાં પ્રેમ અને તિરસ્કાર, તથા આદર ને અસૂયાનાં લાગણીદ્વંદ્વોથી ઊભો થતો સંઘર્ષ અને અંતે થતો સત્ય અને સૌજન્યનો વિજય આલેખી માનવીની મંગલવૃત્તિ ને મંગળકાર્યો પરની શ્રદ્ધાને દઢીભૂત કરી છે. શ્રીરંગ ને તોરલની બંધુ-બહેનની બેલડીનાં કાર્યો કિશોર-કિશોરીઓને આનંદપ્રદ વાચન પૂરું પાડે એવાં છે. (પ્ર. કલ્કી પ્રકાશન-મુંબાઈ; પૃ૦ ૨૭૨, રૂ. ૪-૪૦.)

પુણ્ય કિયો સતવાર: તુરકાણોના આક્રમણ સમયે ધર્મ જ્યારે મહંતોને પંડિતોની કમાણીનું સાધન બની ગયો હતો ત્યારે ધર્મને લોકસમૂહમાં પ્રસરાવી ચેતનવંતો રાખવા પ્રયાસ કરનાર સ્વામી રામાનંદ અને એમનાં ગુજરાત ખાતેનાં બે શિષ્યો પીપાજી ને પદ્માવતીનાં જીવનના પ્રસંગોને વણી લઈ લખાએલી સ્વ. ગુણવંતરાય આચાર્યની આ નવલકથા એ સમયના ધાર્મિક જીવનનો સારો ચિતાર આપી રહે છે. પ્રસંગો ને પાત્રોના આલેખનમાં લેખકની સારી હથોટી તેમ અતિશયોક્તિભર્યાં વર્ણનોની એમની કાયમી મર્યાદા બંને, એમની અન્ય નવલકથાઓની જેમ જ આ નવલકથા પણ દાખવે છે. (પ્ર૦ હરિહર પુસ્તકાલય-સૂરત; પૃ૦ ૨૪૪, રૂ. ૫-૫૦.)

વીજળી વેરણ થઈ: 'કોલક'ની આ કહેવાતી નવલકથામાં સૂરત પાસેના એક ગામની અનાથ યુવતી કલ્પના પોતાની મુંબાઈ રહેતી બહેનપણી કલ્યાણીને ઘેર એના મામાના દીકરા ભાઈ વિપ્ર સાથે જાય છે અને ત્યાં બાગમાં પરિચય થતાં મિલમાલિક શેઠના દીકરા ચિરંજીવ સાથે પ્રેમમાં પડી પરણી જાય છે. કલ્પના સાથે પરણવા માગતો વિપ્ર નિરાશા અનુભવતાં માંદો પડી જાય છે અને અંતે પોતાની ફોઈની દીકરી બહેન કલ્યાણી સાથે પરણી જાય છે, એવું સુખાંત આનું કથાવસ્તુ છે.

અપ્રતીતિકર ને તદ્દન ઢંગધડા વિનાના પ્રસંગોથી પૂર્ણ, અસંગતિથી ભરેલા પાત્રાલેખનવાળી અને સાવ ગંદા ને એથી સુરુચિનો ભંગ કરે એવા તદ્દન સામાન્ય કક્ષાના સંવાદોવાળી આ કથામાં, જાતીય આકર્ષણને પરિણામે ઉત્પન્ન થતાં કામવિલાસનાં દશ્યો આલેખી સામાન્ય વાચકવર્ગની વાસનાને ગલગલિયાં કરાવવા સિવાય લેખકનો બીજો કોઈ હેતુ દેખાતો નથી. (પ્ર૦ ગાંડીવ સાહિત્ય મંદિર-સૂરત; પૃ૦ ૩૧૯, રૂ. ૮-૦૦)

મહાસાગરની મુસાફરી (ભા. ૧-૨): વૈજ્ઞાનિક સંશોધનો પર અવલંબિત સાહસકથાઓના જગવિખ્યાત ફ્રેન્ચ લેખક જુલે વર્નના 'ટ્વેન્ટી થાઉઝન્ડ લીગ અન્ડર ધ સી' નામના પુસ્તકનો આ સંક્ષિપ્ત અને સરળ અનુવાદ આપણા કિશોરસાહિત્યમાં નોંધપાત્ર ઉમેરારૂપ ગણાવા લાયક છે. સબમરીન શોધાઇ એ પૂર્વે એની કલ્પના કરી લખાએલા આ પુસ્તકમાં દરિયાની ભીતરમાં રહેલાં અનેક પ્રાણીઓ, પદાર્થો ને વનસ્પતિઓ વિષે ઉપયોગી માહિતી આપવા ઉપરાંત લેખકે એમાં અનેક અદ્ભુત પ્રસંગોનું આકર્ષક આલેખન કર્યું છે. અનુવાદક શ્રી રશ્મિન મહેતાએ વાર્તારસ જાળવવા માટે મૂળ પુસ્તકની કરેલી કાટછાંટ, બાળકોને સમજાય એવી રાખેલી ભાષા અને સંખ્યાબંધ ચિત્રોનો કરેલો ઉપયોગ પુસ્તકની સરસતા વધારે છે. શરૂઆતમાં 'જુલે વર્ન'ના જીવનનો સંક્ષિપ્ત પરિચય છે. (પ્ર૦ બાલગોવિંદ-અમદાવાદ-૧, પૃ૦ ૧૫૧ અને ૧૨૨, રૂ. ૨-૫૦ અને ૨.)

નમૂનેદાર મોજણી

વસતિ-ગણતરી એટલે માત્ર 'સૂકા આંકડાઓનો સમૂહ' એ માન્યતામાં સુધારો કરાવી એ વિષય પ્રતિ રસ જગાડે એવાં કેટલાંક વધારાનાં રસમય પુસ્તકો ગુજરાત રાજ્યની વસતિ-ગણતરી કચેરીએ પોતાના કાર્યના અનુસંધાનમાં બહાર પાડયાં છે. એ પૈકી 'ગુજરાતના અકીકઉદ્યોગ'નો પરિચય તો અમે અગાઉ આપી ગયા છીએ.

૧૯૬૧ની ભારતની વસતિ-ગણતરીની માહિતી દર્શાવતા પાંચમા ગ્રંથના છઠ્ઠા ભાગના બે નંબરના આ પુસ્તકમાં, ૧૭૫ ઘર અને માત્ર ૯૫૬ માણસોની વસતિ ધરાવતા, સૂરતથી પાંચ માઈલ દૂર, ચોરાસી તાલુકામાં આવેલા 'મગદલ્લા' ગામનો અહેવાલ એટલો સંપૂર્ણ, માહિતીસભર ને વ્યવસ્થિત છે કે એનું એક જ વાચન એ ગામડામાં પ્રત્યક્ષ રહી આવ્યાનો અનુભવ કરાવી દે છે.

આરંભમાં ગામની ભૌગોલિક સ્થિતિનો, એના ઇતિહાસ, ઘર, જાહેર સ્થળો અને બજાર વગેરેનો ખયાલ છે; તે પછી લોકો, એમના પોશાક, ધંધા, ઘરેણાં, રિવાજો, લગ્નપ્રથા વગેરેનો ચિતાર છે; ત્રીજા ચોથા પ્રકરણમાં અનુક્રમે લોકોની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિનો વિગતપૂર્ણ અને આંકડા સાથેનો અહેવાલ છે; અને એ ચારે પ્રકરણોમાંની માહિતી પરથી કાઢેલી તારવણી પાંચમા પ્રકરણમાં આપેલી છે, જે પુસ્તકનો સૌથી અગત્યનો અને વધારે રસાત્મક ભાગ છે. પરિશિષ્ટોમાં સમાવિષ્ટ લોકગીતો, જરૂરી કોઠા, ગ્રામપ્રદેશની મોજણી કરતાં એના પર પાસેના શહેરે કરેલી અસર માપવા પૂછવા જેવા લાગતા પ્રશ્નોની યાદી વગેરે પણ પુસ્તકની એક અગત્યની પૂરવણી બની રહે છે. મગદલ્લાનાં જુદાજુદા પ્રકારનાં ઘરો, પુરુષો, વિશિષ્ટ વેશભૂષાવાળી સ્ત્રીઓ વગેરેનાં ચિત્રો તેમજ વસતિ, આવક, ખેતીનું ઉત્પાદન વગેરે દર્શાવતાં માનચિત્રો આ પુસ્તકનો હેતુ સિદ્ધ કરવામાં અત્યંત ઉપયોગી થઇ પડે એવાં છે. એકંદરે આખું પુસ્તક ભવિષ્યની મોજણી માટે માર્ગદર્શક થઈ પડે એવું અને એ જાતના અહેવાલોમાં નમૂનારૂપ ગણાય એવું બન્યું છે. અંગ્રેજીમાં લખાએલા આ પુસ્તકની ભાષા સરળ, પ્રૌઢ ને વિષયને અનુરૂપ છે. (વસતિ-ગણતરી કચેરી, ગાંધીબાગ, અમદાવાદ-૬ પૃ. ૧૦૦, રૂ. ૪-૮૫.) એ કચેરીનાં બીજાં બે રસમય પુસ્તકો 'ગુજરાતના મેળા અને ઉત્સવો' તથા 'ગુજરાતની કાષ્ઠકોતર કલા' વિષે હવે પછી.

અચરે અચરે રામ

શિલ્પ, ચિત્ર, સાહિત્ય વગેરેમાં યુરોપમાં જે ફૅશન પડે છે તે ધીમેધીમે અહીં આવી પહોંચે છે. ત્યા 'ઍબસ્ટ્રૅક્ટ' કલાએ પ્રવેશ કર્યો, તો આપણા કલાકારો પણ તે માર્ગે વળ્યા. અમુક એક સાહિત્યકૃતિનાં વખાણ યુરોપમાં થાય, એટલે આપણે પણ એને વખાણવી જ રહી! થોડાં વર્ષ પછી ત્યાં વિચાર બદલાય કે તરત આપણે પણ આપણા વિચાર બદલવાના જ રહ્યા! એક દાખલો આપું: મૅક્સિમ ગૉર્કીએ 'મધર' નામની નવલકથા લખી. યુરોપમાં થોડાંક છાપાં તેના પર ઓવરાઈ-પોવરાઈ ગયાં. ઝવેરચંદ મેઘાણીએ 'જન્મભૂમિ'ના 'કલમ-કિતાબ'માં એને સાતમે આસમાને ચડાવી. તે જ વખતે મારે મેઘાણી જોડે આ બાબતમાં વાત થઇ હતી, પણ એ પોતાના વખાણમાં દૃઢ રહ્યા.

ગૉર્કી મૃત્યુ પામ્યો અને કેટલાંક આગેવાન પત્રો અને વિવેચકોએ એની બધી કૃતિઓનું અવલોકન કરતાં લખ્યું કે 'મધર' એની નબળી કૃતિ હતી! તરત મેઘાણીએ 'કલમ-કિતાબ'માં એનો પડઘો પાડયો. મેઘાણીભાઈ અત્યંત પ્રામાણિક હતા. પણ એમનું માનસ પશ્ચિમના પડઘા ઝીલવા ટેવાએલું હતું.

'ઝિવાગો'ની નવલને 'નોબેલ' ઇનામ મળ્યું કે એ પુસ્તકની સેંકડો નકલો આપણે ત્યાં ખપી ગઈ. જેમણે વાંચી તેમણે 'વાહવાહ, ખૂબ કરી!' ના ઉદ્ગારોથી એને વધાવી લીધી. ખરેખર એ 'ઝિવાગો' એટલી સરસ નવલ છે ખરી? હમણાંની 'લોલિતા'નો જ દાખલો લો. વાંચતાંવાંચતાં મને નવ નેજાં પાણી આવ્યું. પણ પશ્ચિમે એને ઉચકી એટલે આપણે પણ એને ઉચકવાની જ રહી!

'લેડી ચૅટર્લીઝ લવર' આજ વર્ષોથી યુવકો અને ખાસ કરીને યુરોપ જઈ આવેલા અને પારી(સ)થી 'અનઍક્સ્પર્ગેટેડ' આવૃત્તિ લાવનારાઓએ તે વાંચી અને ગલગલિયાં માણ્યાં. પણ જે ક્ષણે ત્યાં-પશ્ચિમમાં એને કાયદેસર 'નિર્દોષ' કલાકૃતિ તરીકે ઠરાવી પાડવાની ઝુંબેશ ચાલી કે આપણે ત્યાં જોઈ લો મજા! સોમાંથી નેવું સાહિત્યકારો એને નિર્દોષ ઠેરવવા મચી પડયા! લૉરેન્સ લગભગ નપુંસક હતો અને તેની પ્રક્રિયામાં તેણે આવું લખી નાખ્યું એવું ત્યાંના એકબે વિવેચકોએ ભાર મૂકી કહ્યુ તે પણ આપણા પશ્ચિમના 'લાઉડ સ્પીકર' સાહિત્યકારોએ માન્ય ન રાખ્યું. આ વર્ગને મારી ભલામણ છે કે એડિથ સિટવેલે લખેલી આત્મકથામાં એને વિષે જે લખ્યું છે તે વાંચી જવું. એણે સાફ સાફ લખ્યું છે કે 'કોઈ પણ ગેઈમકીપર' આવી ખુલ્લી ભાષા વાપરતો મેં સાંભળ્યો નથી. એમાંનું લખાણ બીભત્સ છે એટલું જ નહિ, પણ સાથે ગંદું છે!'

મારા નમ્ર મતાનુસાર તો વર્ષો પહેલાં 'ગુજરાતી'ની ભેટ તરીકે અપાએલી 'હમીર હઠ યાને રણથંભોરનો ઘેરો' 'લેડી ચેટર્લી' કરતાં વધારે કલાયુક્ત છે. પણ પશ્ચિમનાં ચશ્માંએ જોવાની ટેવ પડી ગએલી હોય તેમને આ વાત ગળે ન ઊતરે. વચમાં 'ડેથ ઑવ એ સેલ્સમૅન' અને 'ધ સ્ટ્રીટકાર નેઇમ્ડ ડિઝાયર' એ બે નાટકોએ અમેરિકામાં તેમ જ અહીં બહુ ધ્યાન ખેંચ્યુ હતું. આમાંનું બીજું નાટક જાતીય તત્ત્વથી ઉભરાતું હતું એટલે આપણા શિષ્ટ સાહિત્યકારોએ તો તેનાં વધારે પડતાં વખાણ કરવા માંડયાં હતાં. મેં તો એ બંને વાંચ્યાં અને મને થએલું કે 'સેલ્સમૅન' ઉત્તમ પ્રકારનું નાટક છે, જ્યારે પેલું ભલે 'ટેકનિક'માં સરસ હોય છતાં ગંદુ છે. ગટર ઉલેચવાના યત્ન કરવા જેવું છે. પણ બજારમાં આપણા ભાવ કેટલા! એટલે આપણે તો એ બાબતમાં મૌન જ પાળ્યું હતું.

તે જ અરસામાં યુનાઇટેડ સ્ટેટસની એક યુનિવર્સિટી તરફથી બિન-ધંધાર્થી અભિનયકારોની એક ટુકડી અહીં આવેલી, તેને અમારા ગુજરાતી નાટ્યમંડળે ચા માટે નિમંત્રેલી. વાત કરતાંકરતાં મેં એમને સીધો જ સવાલ પૂછેલો કે આ બે નાટકમાંથી તમે કયું પસંદ કરો છો? જવાબમાં તેમણે કહ્યુ કે 'સેલ્સમૅન' અમારુ પણ પ્રિય નાટક છે. 'સ્ટ્રીટકાર'નું નામ દેતાં પણ અમને ઠીક નથી લાગતું!

(સુકાની) —ધનસુખલાલ મહેતા

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર: **ચંપકલાલ મહેતા**



અદી મર્ઝબાન

૧) આપે કેટલા રેડિયો-સ્ક્રિપ્ટ રચ્યા છે?

અંગ્રેજીમાં બે હજારથી વધુ; ગુજરાતીમાં પાંચસોથી વધુ.

૨) બધા સ્ક્રિપ્ટમાં આપે પોતે ભાગ ભજવ્યો છે?

ગુજરાતીમાં તો બધામાં જ.

૩) જગતભરમાં શ્રેષ્ઠ હાસ્યકાર કોને કહો છો?

પ્રભુને. એ માનવજાત સામે સદા ય સ્મિત વેર્યા કરે છે.

૪) તમે હસાહસમાં માનો છો કે સાહસમાં?

બેમાંથી એકે ય ફારસમાં માનતો નથી.

૫) તમે સૌપ્રથમ હાસ્યરસ ક્યારે રજૂ કરેલો?


૧૯૩૮માં.—૧૯ ટુ ૩૮; બરાબરને?

૬) જિંદગી તમને તો મીઠી જ લાગતી હશે.

અરે બાવા જિંદગીની વાત જ જવા દો! જ્યાં-ત્યાંથી એક દહાડો પસાર થયો કે બસ.

૭) એમ નિરાશાવાદી ન થાઓ. મને લાગે છે કે તમે કરુણરસ પણ આબાદ ભજવી શકો.

એ તો નાટિકા પર આ ટીકાનો આધાર છે.



ઉપયોગી વાચન

જવાહરલાલ નેહરુનો વિચાર-વારસો: પંડિત જવાહરલાલ નેહરુનાં 'ઇન્દુને પત્રો', 'જગતના ઈતિહાસનું રેખાદર્શન', 'મારી જીવનકથા', 'મારુ હિન્દનું દર્શન' વગેરે જાણીતાં પુસ્તકોમાંથી તથા એમના કેટલાક જૂના પત્રો અને પ્રવચનોમાંથી એમના વિવિધ વિષયો ઉપરના વિચારો અને ચિંતન દર્શાવતા લેખોનો આ સંગ્રહ પ્રગટ કરી શ્રી મહેન્દ્ર મેઘાણીએ આપણી ઊગતી પેઢી માટે અમૂલ્ય ભાથું તૈયાર કર્યું છે. સંપાદકે સરળ અને પ્રેરણાત્મક અંશોની પસંદગી કરવામાં બતાવેલો વિવેક નોંધપાત્ર છે. આવા સંગ્રહો મૂળ પુસ્તકો વાંચવાની પ્રેરણા તો આપે જ છે. પણ તે ઉપરાંત જવાહર જેવા યુગપુરુષનો સરસ પરિચય વાચકોને કરાવવામાં પણ તેનું સાર્થક્ય મણાય એવું આ પુસ્તક છે. (પ્ર. લોકમિલાપ કાર્યાલય, ભાવનગર. પૃ. ૧૫૨, રૂ ૨.)

સર્વોદય સમાજનાં લક્ષણો : સ્વતંત્ર ચિંતન અને મૌલિક પ્રયોગો દ્વારા સર્વોદય સમાજરચના વિષેના પોતાના વિચારો દૃઢ કરી ચૂકેલા, મહાત્મા ગાંધીજીના એક નિકટના અંતેવાસી શ્રી ઝવેરભાઈએ, પોતાનાં નિરીક્ષણ અને પ્રયોગોનો સાર આપતા આ પુસ્તકમાં સમાજનાં દુઃખો કેવી રીતે દૂર થાય, વર્ગવિગ્રહ કેવી રીતે ટળી શકે, સૌને રોજી-રોટી માટે સમાન તકો કેવી રીતે મળે ને આખો સમાજ સહકારી જીવન દ્વારા એક વિશાળ કુટુંબરૂપ કેવી રીતે બની શકે એ માટેની એક સુંદર અને વહેવારુ યોજના દર્શાવી છે. પશ્ચિમનું અનુકરણ કર્યા સિવાય વિજ્ઞાનનો લાભ લઈ કેવી રીતે સર્વોદય સમાજ રચી શકાય એ અંગેની સ્વતંત્ર ને સ્પષ્ટ કલ્પના આ પુસ્તકમાં વિગતે આપવામાં આવી છે. પરિશિષ્ટમાં ઈઝરાયલ જેવા નાનકડા દેશે નવજીવન નિર્માણ કરવા કરેલા પ્રયોગોનું વર્ણન આપી પ્રેરણાત્મક ઉદાહરણ પણ આપ્યું છે. શ્રમને ઉન્નત સ્થાન આપવાની, સંગઠન સાધવાની અને ગામડાંમાં પંચવર્ષીય યોજનાઓને કામયાબ બનાવવાની લેખકે બતાવેલી પદ્ધતિઓ પ્રેરણાત્મક ને અનુકરણીય છે. (પ્ર૦ નવજીવન પ્રકાશન મંદિર-અમદાવાદ, પૃ. ૧૨૦, રૂ. ૧-૨૫)

ભારતીય સંસ્કૃતિ : એ જ નામના સ્વ. રમણલાલ વસંતલાલ દેસાઈના બૃહદ્ ગ્રંથનો કિશોરકાન્ત યાજ્ઞિકે કરેલો આ સંક્ષેપ મૂળ ગ્રંથના તમામ અગત્યના અંશોને અને લેખકની શૈલીને ટકાવી રાખવામાં સફળ નીવડે છે. ભારતના પ્રાગૈતિહાસિક કાળથી બ્રિટિશ સામ્રાજ્ય સુધીના ઇતિહાસને આવરી લઈ સંસ્કૃતિના તમામ ઘટક અંશોની વિસ્તૃત છણાવટ કરતું આ પુસ્તક અભ્યાસીઓને ઘણું ઉપયોગી થઇ પડશે. (પ્ર૦ પ્રાચ્યવિદ્યા મંદિર–વડોદરા, પૃ. ૨૫૬, રૂ. ૩.)

નિરાંતની વેળાએ : બાળકોને ગમી જાય એવી વિવિધ પ્રકારની રમતો, રમકડાં બનાવવાની રીતો, ચિત્રો દોરવાની પદ્ધતિઓ વગેરે આ નાનકડા પુસ્તકમાં સરળ ને રોચક શૈલીમાં ચિત્રો સહિત આપીને યશવંત મહેતાએ બાળકો માટે આનંદ સાથે જ્ઞાન ને બુદ્ધિવર્ધક વાચન પૂરું પાડ્યું છે.

આગેકૂચનો અવસર : અમેરિકાના પ્રમુખ લિન્ડન બી. જૉન્સનનાં ૧૯૫૩થી '૬૪ના ગાળાનાં અગત્યનાં પ્રવચનો અને લેખોના સંગ્રહનો વાસુદેવ મહેતાએ કરેલો સરળ અનુવાદ. (પૃ. ૧૬૦, રૂ. ૨)

લોકસેવક હજપતરાય : શ્રી ઈશ્વરભાઇ પટેલે લખેલું કિશોરો અને વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવું એ દેશસેવકનું સંક્ષિપ્ત ચરિત્ર. (પૃ. ૭૫, રૂ. ૧-૨૫)

અમેરિકાની સહકારી પ્રવૃત્તિ : જનતાના રોજિંદા જીવનમાં સહકારના વિચારને અમલી બનાવવાની રીતથી માંડી એ દ્વારા શાંતિની સ્થાપના કેમ થાય એવી સમજ આપતી જેરી વૂરહીસની પુસ્તિકાનો મંજુ ઝવેરીએ કરેલો અનુવાદ (પૃ. ૧૬૮ રૂ.૨-૫૦, ત્રણેના પ્ર. વોરા ઍન્ડ કં. પ્રા. લિ., મુંબાઈ ૨)

પુનર્જન્મ : ભારતીય તત્ત્વચિંતનના એ લોકપ્રિય સિદ્ધાંતને પુરવાર કરતા પચાસેક કરતાં વધુ કિસ્સાઓનું શ્રી જયપદ્મવિજયજી મહારાજે કરેલું સંકલન. (પ્ર. અમીધારા કાર્યાલય, ડીસા–ઉ. ગુ., પૃ. ૧૧૬, રૂ. ૧)

સ્વમૂત્ર ચિકિત્સાપદ્ધતિ : માહિતી અંગે માર્ગદર્શન આપતી પુસ્તિકા. (પ્ર. ભારતસેવક સમાજ, પાનકોર નાકા, અમદાવાદ)

લોકશાહીનું સ્વરૂપ : જ્ઞાન-કૌશલ્ય-પ્રચાર શ્રેણીની ૨૩-૨૪ના ક્રમમાં પ્રગટ થએલી પુસ્તિકામાં એના લેખક શ્રી પુ. ગ. માવળંકરે લોકશાહીનું સ્વરૂપ, ઐતિહાસિક પાર્શ્વભૂમિકા, એના પ્રસારક દેશો, એનાં ભયસ્થાનો અને ભારતમાં એનાં પગરણ તથા ભાવિ વગેરેની વિશદ ચર્ચા કરવામાં આવી છે. (જ્ઞાન-વિજ્ઞાન પ્રકાશન, ૧૩, સહિકુંજ, આંબાવાડી, અમદાવાદ-૬ પૃ. ૭૨, કિં. ૦ ૮૦ પૈસા)

ખેડા જિલ્લા માધ્યમિક શિક્ષણ રજત જયંતી સ્મૃતિગ્રંથ : ગુજરાતના શિક્ષણક્ષેત્રના સંગ્રાહકોને ઉપયોગી નીવડે એવા વિષયો—જેવા કે, કલાશિક્ષણ, બાળકની આળસ, શિક્ષક-સંગઠન, માધ્યમિક શાળાના પાયાના પ્રશ્નો, શિક્ષકોનું હક્કપત્ર વગેરેને સમાવતો દળદાર ગ્રં। (પ્ર. ભૂપેન્દ્ર એન. પટેલ, નાની તલાવડી પાસે, નડિયાદ. પૃ. ૧૬૮)

જૂનાગઢ : એ શહેર વિષે ઐતિહાસિક, ભૌગોલિક અને પ્રવાસીને ઉપયોગી મબલખ માહિતી આપતું કરણસિંહ લાલસિંહજી હાકોરે લખેલું પુસ્તક. (પ્ર. પુસ્તક પ્રકાશક પરિવાર, જૂનાગઢ પૃ. ૨૪૦, રૂ. ૩)

એકેશ્વરવાદ : આધ્યાત્મિક પ્રગતિ માટે સનાતનધર્મના આ ગૂઢ રહસ્યને સમજાવતી પુસ્તિકા. લેખક : યોગાચાર્ય શ્રી કૃપાલુ (પ્ર૦ શ્રી કાયાવરોહણતીર્થ સેવાસમાજ, વલ્લભ-વિદ્યાનગર)

વ્યવહારશુદ્ધિ અને તકેદારી : સમાજમાં વધી ગએલા ભ્રષ્ટાચારોને દૂર કરવા દેશવ્યાપી ચાલી રહેલા પ્રયાસોમાં ગુજરાત રાજ્યે કેવી રીતે કાર્ય કર્યું છે એની માહિતી આપતી, ગુજરાત રાજ્યના માહિતી ખાતાએ બહાર પાડેલી આ પુસ્તિકામાં તકેદારી પંચ, સદાચાર સમિતિ, લાંચરુશવત વિરોધી ખાતું વગેરે વિષે તેમજ સદાચાર માટે કેવી રીતે કાર્ય થવું જોઈએ એનું સરળ બયાન છે. (પૃ. ૨૬)

બેવડાં બહુવચન

ગુજરાતી ભાષામાં નામને **'ઓ'** પ્રત્યય લગાડીને બહુવચનો કરવામાં આવે છે. પરંતુ કેટલાક શબ્દો જે **ઓકારાન્ત** અગર તો ઉકારાન્ત હોય છે તેનું બહુવચન 'ઉ' ને બદલે **'આં'** કરીને કરવામાં આવે છે. આવો સામાન્ય નિયમ હોવા છતાં આપણાં વર્તમાનપત્રો, સામયિકો, પુસ્તકો તેમ સારા સાહિત્યકારોનાં લખાણોમાં પણ **બેવડાં** બહુવચન અનેક વાર જોવામાં આવે છે. થોડા દાખલા :

એકવચન	બહુવચન	બેવડાં બહુવચન
છોકરો	છોકરા	છોકરાઓ
ટોળું	ટોળાં	ટોળાંઓ
લાકડું	લાકડાં	લાકડાંઓ
લૂગડું	લૂગડાં	લૂગડાંઓ
રસ્તો	રસ્તા	રસ્તાઓ
ગામડું	ગામડાં	ગામડાંઓ
ઘોડો	ઘોડા	ઘોડાઓ વગેરે.

('જ્યોતિર્ધર') —ગ.

જોકે ક્યાંક વિભક્તિના પ્રત્યય લગાડતી વેળા બેવડું બહુવચન કરવું અનિવાર્ય બને છે. દા. ત. 'છોકરાને', એમાં એક જ 'છોકરા'ને સમજાય, વધારે માટે 'છોકરાઓને' કરવું રહ્યું. આવા અપવાદ સિવાય આ જ રીતે કેટલીક વાર બહુવચનનો પ્રત્યય લગાડવા જતાં અર્થનો અનર્થ પણ થઈ જાય છે : 'હાથ'નું બહુવચન 'હાથ' જ રાખવું જોઇએ. 'હાથો' કરવાથી બીજો જ અર્થ નીપજે. એ જ રીતે 'ઝાડ'નું બહુવચન કરવામાં 'ઓ' પ્રત્યય લગાડવાથી નર્યો અનર્થ જ થઈ જાય!

મહાસાગરનો માલિક : જુલે વર્નના ઉપરના જ પુસ્તકનો શ્રીકાન્ત ત્રિવેદીએ કરેલો એકંદરે સરળ અને સુવાચ્ય એવો આ અનુવાદ પણ સચિત્ર છે. (પ્ર. વોરા ઍન્ડ કં., કાલબાદેવી રોડ, મુંબાઇ; પૃ. ૧૨૭ રૂ. ૨.)

લિપિકા શ્રી રવીન્દ્રનાથની જીવનખેડના પાછલા ભાગના પરિપાક રૂપ આ કથનિકાઓમાં સૌ કોઇને સ્પર્શે તેવો કવિતાનો રણકો છે. રૂ. ૨

એક ભવ્ય ઓપેરા-હાઉસ
એક ભવ્ય યુદ્ધ-સ્મારક

રંગગડરિયાં-૭૦

લેખક · ચન્દ્રવદન ચી. મહેતા



જર્મનીમાં શેક્સપીઅરના નાટકનું એક દૃશ્ય

રોસ્ટોકથી નાસ્તાબાદ અમે ઊપડ્યાં ત્યારે ત્રીસચાળીસ કિલોમીટર દૂર ગયાં ત્યાં સુધી મિસ ફિકલર એક અક્ષર સરખો બોલી નહિ. વચ્ચે એક દૂરથી દેખાતો સુંદર કારીગરીવાળો દુર્ગ પસાર થઈ ગયો, તો પણ એણે મારા ઊર્મિતંત્રને છંછેડ્યું નહિ. અમે ઊપડ્યાં હતાં મારતી ગાડીએ. સાંજ પહેલાં અમારે બર્લિનને ડાબી કોર અળગું રાખી નીચે દક્ષિણે લાઈપઝિક પહોંચવું હતું. રસ્તે એક પછી એક આવતાં સરોવરોને ન્યાળવાં, હામ્બુર્ગ પાસે ઢળતી ને માતબર થતી બર્લિનથી આવેલી એલ્બ નદીને રેલપાટાની અડોઅડના એક જ પૂલ ઉપર ઓળંગવી, સ્ટેન્ડાલ ગામમાં થોડુંક ખાઈ પાછા દોડવું, ને માગ્ડેબર્ગના પાદરે થઈ હાલે શહેરમાંથી સોંસરવા નીકળી લાઈપઝિક પહોંચી રાતે ઓપેરામાં હાજર રહેવું હતું. ને એ જ પ્રમાણે વખતસર પહોંચ્યાં. 'ગયાનાહ્'ની ઓપેરા જોઇ, છતાં રાતે રજભર થાક નહોતો લાગ્યો, કપડે ધૂળ નહોતી ચડી. રસ્તે રળિયામણાં ખેતરો ઉપર આંખ ઠરી હતી, ઓપેરામાં મન પ્રફુલ્લ થઈ થનગની ગયું હતું. કેમ?

એક તો એમાં એક એશિયા ખંડની વાત. આર્મીનિયાના એક ડુંગરાળ પ્રદેશમાં ગયાના નામની છોકરીની પ્રેમકથા આર્મીનિયા એટલે ઘણાંના મતે આર્યો પહેલાં જ્યાં આવીને વસ્યા હતા તે પ્રદેશ. ઉપરાંત આનું સંગીત આરામ સસ્તાકુરિયાને લખેલું એમને હું આર્મીનિયામાં મળેલો, ઇરેવાન શહેરમાં, ને એના કેટલાક સંગીતમાં બાંધેલા બંધ સાંભળ્યા હતા. એમાં ક્યાંક આપણા હળવા રાગોનું સારા પ્રમાણમાં મિશ્રણ સાંભળવા મળે. એના સસ્કાર પુનઃ જાગ્રત થયા. નાયક-નાયિકાના વચ્ચે આવતાં નૃત્યોના તાલ આપણા તાલનો ખયાલ આપે ને બીજું કારણ આ ઓપેરા હાઉસ. અંદર દાખલ થઇએ ત્યાંથી બહાર નીકળીએ ત્યાં સુધી કોઈ રમ્ય ભવ્ય અનુપમ બાંધણીની ઈમારતમાં આપણે બેઠા છીએ એવો અનુભવ થાય.



બેટલ ઑવ નેશન્સનું ભવ્ય યુદ્ધસ્મારક

બીજે જ દિવસે પહેલું કામ સવારના આ ઓપેરા જોવાનું ને ત્યાંના સંચાલકોને મળવાનું હતું. અત્યંત દેખાવડા એવા કાર્લ કૈસરે અમારું સ્વાગત કર્યું, અને પછી આ તદ્દન નવી બંધાએલી ઓપેરાની બાંધણીની સમજ આરંભના નકશાથી શરૂ કરી તે એના દરેક મજલે અંતરસૃષ્ટિમાં ફેરવી, બહારનાં પગથિયાં સુધીની સફર કરાવી જે સમજ આપી એમાં ખાસ્સા ચાર કલાક નીકળી ગયા. આ લાઈપઝિક ઓપેરાએ પણ ફ્રેંકફુટ ઓપેરાની માફક થીએટર દ નેશન્સ પારી(સ)માં દર સાલ ઊજવાતા જલસામાં ૧૯૫૮માં પહેલું ઇનામ જીતી લીધું હતું. બસો ઉપરાંત આર્ટ ગ્લેઝ્ડ કાગળમાં છપાએલું, ૧૯૪૩માં બૉંબમારાથી તૂટ્યા પછી શરૂઆતના નકશાથી માંડી કરોડો માર્કથી ૧૯૬૦માં ફરીથી ખડી થએલી આ આલીશાન ઓપેરાનાં અનેક પડખાં તથા એમાં કામ કરનારાં નટનટીઓ, દફતરદારો, આર્કિટેક્ટો આદિની સફાઇબંધ છપાએલી છબિઓથી સુશોભિત, ત્રણથી ચાર રંગમાં દોરાએલા વિવિધ ઓપેરાના સ્કેચો સહિતનું આ દળદાર પુસ્તક મને કૈસર સાહેબે ભેટ કર્યું. એનો તરજુમો જ અહીં છાપું તો એક મસ મોટો ગ્રંથ થાય, અને છાપખર્ચમાં એ રંગીન ફોટા છબિઓ સાથે એકેક નકલની પડતર કિંમત આપણે ત્યાં બસોથી અઢીસો રૂપિયાની પડે.

એવું તે એમાં શું છે? પુસ્તકમાં નહિ, ઓપેરા હાઉસમાં! ટૂંકમાં, એમાં બારસો પ્રેક્ષકોને ગમે તે બેઠક પરથી, બરાબર સરખી રીતે, આસાનીથી, આરામથી બેસી બાલે કે ઓપેરા જોવાય અને માઇક્રોફોન વિના સંભળાય એવી એની બાંધણી છે. એ પ્રેક્ષકોની જગ્યા થકી સવા ગણી ભજવવાની રંગભૂમિ છે, અને એને જમણે અને ડાબે પડખે અને પાછળ એમ ત્રણ એ જ માપની અંતર-રંગભૂમિઓ છે. વળી પાછળની એ જ માપની રંગભૂમિ ઉપર ફરતી રંગભૂમિ છે, જેને ધારીએ તે વખતે આગળ લાવી શકાય. જમણા-ડાબા પડખાંની રંગભૂમિને પણ ચાંપ દબાવી યંત્ર વડે મધ્યની વપરાતી રંગભૂમિ ઉપર લાવી શકાય. અને વળી એ ઉપર દૃશ્યોની સજાવટ ચાલુ ઓપેરામાં થયાં કરે. ઠોકાઠોક થાય, તો પણ એનો અવાજ બહાર કે વચલી વપરાતી રંગભૂમિ

ઉપર ન નડે. પ્રેક્ષકો બેઠા છે ત્યાં એકૉસ્ટિક માટે પ્રેક્ષાગૃહનાં દીવાલ ઉપર ચારેકોર મુલાયમ એવું કાક લેધર ચોડયું છે! આસપાસ એ જ મકાનમાં પ્રેક્ષાગૃહની બહાર ચાર રેસ્ટોરાં છે. અને એની ઉપર ત્રણ મજલામાં—એટલે કે પ્રેક્ષાગૃહ ને રંગભૂમિની ઉપર અને આસપાસ, સંગીતની તાલીમ લેવા, નૃત્યની તાલીમ લેવા, રીહર્સલો કરવા—અવાજ બહાર ન જાય એ રીતે એકીવખતે ત્રણ પ્રકારનાં રીહર્સલો થઈ શકે એવી વ્યવસ્થા છે. અને બસો ઉપરાંત નટનટીઓ માટે મેકઅપ રૂમો છે; વળી, દફતરદારો માટે દફતરખંડો છે. હજારેક કર્મચારીઓ આ ઈમારતની રોજિંદી માવજતમાં રહે છે. નટનટીઓ તે તો જુદાં.

અને ભાઈ! આ આલિશાન ઈમારતમાં વિવિધ પ્રકારની ઓપેરા ભજવાય એમાં ત્રણત્રણ માળના મહાલયો, ઊંચી અટારીઓવાળા રાજ્યપ્રાસાદો, વિશાળ ઉદ્યાનો, મોહોલ્લાઓ, શેરીઓ, નદી સરોવરો વગેરે બતાવવાં હોય તો તે માટેનાં પરદા સેટિંગ્સો, ઝાલરો, બાંધણી-નો સરસામાન, એટલા ઓરારી થાંભલાઓ, અને તખ્તા ઉપર એકી-સામટાં સો ઉપરાંત નટનટીઓ ઊતરી પોતાના વિવિધ પાઠ ભજવે. એમના મજૂર કારીગર કામદાર પડીદાર સિપાઈ સોલ્જરથી માંડી રાજવંશી નરનારીઓના પાઠ માટેના ગણ્યાગણાય નહિ એટલા પોશાક, એમનાં ભાલા-ખંજર, તલવાર-બખ્તર ને એવું એવું, તે બધું તાબડતોબ તૈયાર કરવા, ચીતરવા-સીવવા અને ધડીબંધ રાખવા આવડું જ મોટું બીજું મકાન બાંધવામાં આવ્યું છે, તે જગ્યાને અભાવે અહીંથી માઇલેક છેટું છે. પણ ત્યાંથી અડીખમ ટ્રકો એ બધો સરંજામ આ ઓ-પેરાના પાછલા ભાગમાં ભોંયતળીએ સરિયામ રસ્તામાં પ્રસી આરપાર જઈ, વચગાળેથી લિફ્ટ દ્વારા ઉંચકાવી, હાજર કરે છે અને નાટક પતતાં પાછાં લઈ જવાની વ્યવસ્થા પણ કરે છે. એવા એ બીજા મકાનમાં ત્રણસોચારસો સીવવાના સંચાથી માંડી, દરજી, ધોબી, મોચી, સુથાર, લુહાર, સોની, તારકસ, બાંધણીઆ એવા કંઈક કારીગર અને ડાક્ટરો બેઠા કામ કરે છે. જાતજાતના ઓરડાઓ છે, કયાંક માથાની વિગો બને છે, તો કયાંક પ્લાસ્ટિકનો ત્યાં ને ત્યાં જ માગો એવો સરંજામ સંચાકામ થકી બનાવી આપે છે, ટૂંકમાં આ વિશાળ વર્કશૉપ તે વિવિધ કારીગરોનું બનેલું એક નાનું ગામ, અને ઓપેરા હાઉસ તે સરજન-હારની સૃષ્ટિ;-જેમાં કલાકાર કલમબાજ માગે અને ધારે એવી સર્જત ખડી કરી શકે; નટનટીઓને ફીડનંકોની જેમ, એટલે કે રમકડાંની માફક ત્યાંનો સરજનહાર રમાડી શકે.

બાંધણીમાં કયાંક આરસ, કયાંક રંગીન પથ્થર, કયાંક કોતરામણ, કયાંક ફરતા દાદર ઉપર મખમલનાં પાથરણ. જૂના જમાનાના રાજ-પ્રાસાદો હવે નીકળી ગયા, હવે જૂના રાજમહેલોને પણ ટપી જાય એવાં નાટકશાળાઓ રૂપી કલાક્ષેત્રો રચાવા માંડયાં. અહીં કેવળ નાટકનું ક્ષેત્ર નથી. નૃત્ય છે, સંગીત છે, શિલ્પ છે, ચિત્રસજાવટ છે, કારીગરી છે, આવી નાટકશાળાઓમાં રસની રેલમછેલ થતી રહે એમાં શી નવાઇ?

લાઈપઝિકમાં બેટલ ઑફ નેશન્સનું એક જોવાલાયક, તોતિંગ સ્મારક છે. કહે છે કે અહીં ૧૮૧૩માં યુરોપનું ભવિષ્ય ઘડાયું. ત્યાં એક વિશાળ લંબચોરસ સ્થાન ઉપર જબરદસ્ત ઊંચું, ભવ્ય, છાતી ધડકાવી દે એવું આ સ્મારક. અહીં બ્લુચરે નેપોલિયનને ૧૮૧૩માં હરાવ્યો, ભગાડયો એમ આલેખતું એ ઊભું છે. લંડનનો નેલ્સન કૉલમ ૧૮૫ ફીટ ઊંચો, રોમનું સેંટ પોલ દેવળ ૩૬૭ ફીટ ઊંચું, આ ૨૯૮ ફીટ ઊંચું. કુતુબમિનાર ૨૩૮ ફીટ ઊંચો. આ ઈમારતમાં વચગાળે એક હૉલ છે, તે ૨૨૩ ફીટ ઊંચો છે. એમાં ૩,૦૦,૦૦૦ ત્રણ લખ ટનના પથ્થરો વાપરવામાં આવ્યા છે. અંદરબહાર પથ્થરમાં કોતરેલા સૈનિકો ખડા છે. અહીં ૩૦૦ સ્વિડનના, ૧૨,૦૦૦ ઑસ્ટ્રિયાના, ૧૬,૦૦૦ પ્રુશિયાના અને ૨૩,૦૦૦ રશિયાના લડવૈયા મરાયા, કપાયા, ભોંય સૂતા. જર્મન રશિયનોએ અહીં ખભેખભા મિલાવી ૧૮૧૩માં અથાગ શૂરવીરતાથી લડી અણનમ નેપોલિયનને હરાવ્યો.

આ સ્મારકમાં વીરતા શ્રદ્ધા આત્મસમર્પણ અને સંપ જેવા ગુણને મૂર્તિમંત કરતા સ્થાપત્ય અને સ્થંભો જોવા જેવા છે. અંદર ઘુમ્મટમાં ઉપર કોતર્યા–ચીતર્યા દોડતા ઘોડાઓ દિલમાં નવા જ પ્રકારનો રોમાંચ પેદા કરે છે. ચાલો, આપણે આ લડાઈના ક્ષેત્રમાં કયાં ભટકાયા, પણ એની યાત્રા કર્યા વિના છૂટકો પણ નથી. આ બધો જ પ્રદેશ સમરાં-ગણનો. ૧૮૧૩ તો ૧૯૧૬ ને ૧૯૪૦ એમ આ બાજુ યુદ્ધો ખેલાયાં જ–ચાલ્યાં છે. આપણે બર્લિનથી બહાર જતા પહેલાં એનું એક પડખું જોઇને તો સમસમી જઈશું. લાઈપઝિગની નજીકમાં ડ્રેસડન ને વાઇમર શહેરો પણ જોયાં, ત્યાંની નાટકશાળામાં શેક્સપિયરનાં નાટકો જોયાં. વાઇમરના ગ્યટે શિલરનાં નિવાસસ્થાન, એનાં લખાણ, એના પ્રેમ-પત્રો, એનું સાહિત્ય, એનાં પુસ્તકો, એનાં ચિત્રો, એ બધું બરોબર સંઘરી જે રીતે એને પ્રદર્શનમાં ગોઠવવામાં આવ્યું છે તે સૌ કોઇને ચકિત કરી નાખે, એટલું બુદ્ધિપૂર્વક યોજાયું છે. અહીં બાજુના એક કોઈ કાઉન્ટ એટલે ઠાકોર, ઉમરાવ, જાગીરદારના મકાનમાં એક બારી જોઇને હું છક થઈ ગયો. બારીની બનાવટ અંદરથી એવી કે ભીંતમાં કાચ પરોવી આસપાસ લીલા સુંદર પથ્થરની ઊપસેલી કોઈ ચિત્રની ફ્રેઇમ હોય એવી ફ્રેઈમ બનાવેલી; અને એ કાચ સામે ઊભા રહો તો તમને એક સુંદર ચિત્ર નજરે પડે. હવે એ ચિત્ર તે પાછળના નાનકડા બાગ-માંનું એક અતિસુંદર લીલુંછમ વૃક્ષ, અને એની ઉપરનાં થોડાંક ફૂલો. આ બારી ઊઘડે નહિ, પણ ત્યાં ઊભા રહીને આજના નવા જમાનામાં નીકળેલા ફોર્થ ડાયમેન્સન્સની ઢબે આ રચના સો વર્ષ પહેલાં કોઈ કલારસિકે કરેલી. તે રચના આપણે વિચારી અમલમાં મૂકવા જેવી તો લાગી, પણ મારી પાસે વળી કિયા વાડી વજીફા અને બંગલા મહેલો બધાવવાનાં સાધનો બળ્યાં છે તે એવું હું કંઈ બાંધું? અને જેમની પાસે એવાં સાધનો છે, તેમને કહેવા જાઉં તો એમના ટૂટબંડોળિયા પૈસાખાઉ સલાહકારો મારી સલાહને દાદ તો ન આપે પણ હસી કાઢે તે જુદું. ફરી પાછા લાઈપઝિગ, ત્યાં ત્રણ દિવસ યુનિવર્સિટીમાં નાટ્ય-સાહિત્ય ઉપર ભાષણો કરતાં બેપાંચ વિદ્યાર્થી મિત્રો સાથે ને શિક્ષકો સાથે દોસ્તી બાંધી ઈબ્સનનું પિયરમન્ટ, વર્દીની ઓપેરા ને બૂકો, જોઈ, ત્યાંની અત્યંત ઉપયોગી એવી લાયબ્રેરીમાં કલાકોના કલાકો ગાળી, અનેક સંસ્કૃત પુસ્તકોની યાદીઓ તપાસી લાઈપઝિગને સલામ કરી પાછાં ફર્યાં. દર સાલ લાઇપઝિગમાં મેળો ભરાય છે. ભારતમાંથી ઘણા વેપારીઓ ત્યાં જાય છે. અલબત્ત, સાંજને પહોરે લાઈપઝિગમાં એમાંના મોટાભાગના નાઈટ ક્લબોમાં કે રેસ્ટોરાંમાં જતા હશે, કોઈ અમસ્થા પણ ત્યાંની આ નવી બંધાએલી ઓપેરા હાઉસ જોવા નહિ જતા હોય, એમાં નૃત્ય બાલે કે ઓપેરા જોવા તો ભાગ્યે જ જતા હશે. અને એ બરાબર પણ છે, વેપાર ને આ રસના વ્યાપાર સાથે શો સંબંધ?

(ચાલુ)

આસ્વાદ, સંસ્કાર અને દીક્ષા પરીક્ષાઓ

ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી લેવાતી આસ્વાદ, સંસ્કાર અને દીક્ષા પરીક્ષાઓ ઑગસ્ટ માસમાં તા. ૧૩મી અને ૧૪મીએ લેવાશે. ફોર્મ ને બીજી વિગતો પરિષદ કાર્યાલય, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૯ને લખવાથી મળી રહેશે. ફોર્મ તા. ૩૧-૭-૬૬ સુધી સ્વીકારાશે.

આહાર: સગર્ભાવસ્થા અને તે પછી સ્તનપાન દરમિયાન

આહાર ને આરોગ્ય-૭૨

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

કૌમાર્યાવસ્થાની સંવેદનાઓની અને પોષણની સમસ્યાઓમાં લગ્ન પછી વધારો થાય છે. માતૃપિતૃત્વની વિશિષ્ટ જરૂરતો અદા કરવા તરુણ ને તરુણીએ પોષણની સારી સ્થિતિમાં રહેવું અગત્યનું બની રહે છે.

સર્વોત્તમ પોષણની આડે આવનારાં કેટલાંક કારણો છે. પહેલું તો ખાવાની ટેવ બદલવી અઘરી છે. ઘર અને સમાજના રિવાજ મુજબ ખોરાક તૈયાર થાય છે. જો કે ખાવાની બધી ય પ્રથા ખોટી હોઈ બદલવા જેવી છે એવું તો નથી જ, પણ કેટલીક તો બદલવા કે વધારવા જેવી છે જ. નાસ્તામાં બનતાં સુધી ઋતુનું ફળ લેવાનો અને અમુક શાક ન ખાવાની કે અનિયમિત ખાવાની ટેવ સુધારવી જરૂરી છે. વળી, અમુક ખોરાકથી થતા લાભ ગેરલાભનું જ્ઞાન હોવું પણ આવશ્યક છે.

કન્યા માટે શરીરનું વધારે વજન સારા પોષણની આડે આવનાર નીવડે છે. ક્વચિત તે વજન વધી ન જાય એ માટે અગર તો વજન ઉતારવા જાણી જોઈને ઓછું ખાય છે. ખોરાક ઘટાડવાનું વિચારપૂર્વક અગર તો દાક્તરની સલાહ મુજબ થવું જોઈએ. ખોરાકમાંથી પ્રોટીન, ખનિજ દ્રવ્યો ને વિટામિનો બિલકુલ ઘટાડવાનાં નથી. દૂધ, શાકપાન, ફળો, થોડાં શુકધાન્યો ને કઠોળ તથા ઈંડાં માંસ આહારમાંથી રદ કરવાનાં નથી. માત્ર ગોળ ખાંડ ઘી ને ગળ્યા પદાર્થો જેવા વધારે ઉષ્માંક આપનારા ખોરાક ઉપર અંકુશ મૂકવાનો છે.

વધુ પડતા વજન કરતાં શરીરનું ઓછું વજન વધારે વિચાર માગી લે છે. આ સ્થિતિમાં ભૂખ મંદ પડી જાય છે. ક્વચિત્ શરીરમાંનો કોઈ નહિ પકડાએલો ચેપ અગર બીજી કોઈ સ્થિતિના કારણે ખોરાક ગુણ ન દેતો હોય એવું બને. આ માટે દાક્તરની સલાહ લેવી જોઈએ.

વજન વધારવા માટે સતત જાગૃતિ રાખવી ઘટે છે. પ્રથમ તો જરૂરત કરતાં વધારે ખાવું. બીજું, ખાવાની નિયમિતતા જાળવવી. ત્રીજું, આચરકૂચર ખાવાની ટેવ પાડવી. પણ આ ખોરાક એવો જોઈએ કે જેથી વેળાનું ખાવાનું ન બગડે. કોઈ ફળ કે પ્યાલો દૂધ જલદી પચે છે. ખાતી વખતે દૂધ લેવાથી પેટ ભરાઈ જતાં ખોરાક ઓછો લેવાય છે. આ કારણે ટંકના ખાણાની વચમાં દૂધ લેવાથી ફાયદો થાય છે. ખાતી વખતે રોટલી માખણ થોડાં વધારે લેવાથી વજન વધ્યા વગર રહેતું નથી. વજન વધારવા વિટામિનોની ગોળીઓ લેવા કરતાં તેના ધારક ખોરાકો લેવામાં ઘણો ફાયદો છે, કારણ તેમાં વિટામિનો ઉપરાંત બીજાં ઘણાં અજાણ દ્રવ્યો હોય છે. દાખલા તરીકે વિટામિન 'સી'ની ગોળીઓ લેવા કરતાં નારંગી લિંબુ કે આંબળાં ખાવાં શાં ખોટાં? તેમાં વિ૦ સી ઉપરાંત બીજાં ઘણાં ખાદ્યપ્રાણો રહેલાં છે. ખુલ્લામાં રમતગમત કે કસરત અને ખાતાં અગાઉ આરામ લેવાથી ભૂખ ઊઘડે છે. ભૂખ લાગવામાં મનની શાંતિ ને પ્રસન્નતા પણ મોટો ભાગ ભજવે છે.

આપણા દેશમાં મોટા ભાગની સ્ત્રીઓ વીસ વર્ષની ઉમર સુધીમાં માતા બને છે. આ વખતે શરીરની વૃદ્ધિના બોજ ઉપરાંત શારીરિક, માનસિક ને પોષણનો બોજ વધે છે. સગર્ભાવસ્થાના બીજા અરધા ભાગમાં ગર્ભની વૃદ્ધિની ને નવી પેશીઓની રચનાની ક્રિયાઓ આગળ પડતી હોઈ સ્ત્રીની :જીવનક્રિયા(મેટાબૉલિઝમ)એ એને અનુકૂળ થવા પોષણની વિશિષ્ટ જરૂરતો આહાર દ્વારા પૂરવાની છે ટૂંકામાં આ સમયે પોષણની જરૂરતો ઘણી વધે છે.

સગર્ભાવસ્થામાં પૂરતા ને સમતોલ આહારનું મોટું મૂલ્ય છે. આહારમાં સ્ત્રીએ ચરબી પ્રોટીન અને ખનિજ દ્રવ્યો વધારવાનાં છે. તેમાંય ખાસ કરીને વધારે પ્રમાણમાં પ્રોટીન, કૅલ્શ્યમ, લોહ ને બધાં વિટામિનોની અગત્ય છે. સગર્ભાવસ્થાની શરૂઆતમાં કાર્બોહાઇડ્રેટનું ઓછું અભિશોષણ થતું હોવાથી કાર્બોહાઇડ્રેટ સાથે ચરબી લેવી, પણ પાછલા મહિનાઓમાં જે આંસથી વધારે ચરબી ન લેતાં સહેલાઈથી પચે એવા કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ વધારવું. ખોરાકનાં વિટામિનો ઉપર મદાર ન રાખવો, પણ બધાં વિટામિનોયુક્ત ગોળી કે કૅપ્સ્યુલ લેવી.

પ્રસૂતિ પહેલાં માતા જે પ્રમાણ ને જાતનો ખોરાક લે છે તે મુજબ સગર્ભાવસ્થા દરમિયાન અને ત્યાર બાદ બાળકની તબિયત જળવાય છે. વળી, તે બાળકના જન્મસમયની સ્થિતિ ઉપર અસર ઉપજાવે છે. બાળકની પેશીઓના સારા બંધારણ માટે માતાના આહાર દ્વારા તેને બધાં પોષણદ્રવ્યો સારા પ્રમાણમાં મળવાં જોઈએ.

પરદેશોમાં થએલા પ્રયોગોમાં માતાના સારા આહારથી સગર્ભા સ્ત્રીઓનું અને બાળકોનું મૃત્યુપ્રમાણ ઘટ્યું હોવાની નોંધ છે. સગર્ભાવસ્થાના પાછલા ભાગમાં પશુને આપેલા ખોરાકનાં જાત ને પ્રમાણ પ્રમાણે દૂધનું ઉત્પાદન થતું હોવાનો જ નહિ, પણ તેનાં પ્રજનન, બસ્તિપ્રદેશનો ઘાટ, ગર્ભનાં કદ ને સુખેથી પ્રસવ અને પ્રસૂતિ બાદ ચેપની સ્થિતિ હોવાનો પશુપાલકોનો અનુભવ છે. પશુની જેમ આ બાબતો માનવને પણ લાગુ પડે છે.

ગર્ભાવસ્થાના છેલ્લા ત્રણ મહિનામાં ગર્ભસ્થ બાળકના કુલ વજનના ૭૦ ટકા વધારો થવા સાથે તેના શરીરમાં ⅔ ભાગનું કૅલ્શ્યમ, પ્રોટીનનો પોણો ભાગ, ⅘ ભાગનું લોહ ને સાત ટકા ચરબી જમા થાય છે. માતાના આહારમાંથી ગર્ભસ્થ બાળકને લોહ ને કૅલ્શ્યમ મળે છે. આવશ્યક એમાઈનો ઍસિડ ને વિટામિનો તેના વિકાસ માટે ખાસ અગત્યનાં છે. ચરબી-દ્રાવ્ય વિટામિનો મેળવવાનું એક માત્ર સાધન માતાનો આહાર છે. સગર્ભાવસ્થાના છેલ્લા ત્રણ મહિનાઓમાં આ પોષણદ્રવ્યો જો પૂરતા પ્રમાણમાં ન મળે તો માતા અને બાળક ઉપર અસર થતાં મોટા બગાડા થઈ આવે છે. માતાને ઓછી કૅલોરી ને બધાં વિટામિનોની ઊણપવાળો ખોરાક હોય તો કસુવાવડ, મૂઢગર્ભ ને જન્મ બાદ એકબે દિવસમાં બાળકનું મૃત્યુ આવી પડે છે, ધાવણ ઓછું આવે છે અને લાંબો સમય સ્તનપાન કરાવી શકાતું નથી.

માતા જો ગર્ભસ્થ બાળકને પૂરતું પોષણ ન આપે તો તે માતાના અનામત જથ્થામાંથી થોડું ખેંચીને મેળવે છે ને નબળી પેશીઓ, નબળી શારીરિક સંપત્તિ ને માંદલી તબિયતવાળું અવતરે છે. માતાના અનામત જથ્થામાંથી કૅલ્શ્યમ ખેંચવાથી માતાને ઓસ્ટીયો-મલેશિયા નામનો રોગ થાય છે. આ રોગથી પીડાતી માતાનું બીજું બાળક જન્મગત રિકેટ્સ (બાળશોષ) રોગના લક્ષણોવાળું અવતરે છે. રક્તક્ષય (ઍનિમિયા)થી પીડાતી માતા બાળકની શરૂઆતની જિંદગી માટે પૂરતા જથ્થામાં લોહ આપી શકતી નથી, ખાસ ખોરાક વિના તંદુરસ્ત સ્ત્રી પણ જોડકાં બાળકોને પૂરતું પોષણ આપી શકતી નથી. આથી માતાને લોહ ને લોહ બનાવનારાં બીજાં દ્રવ્યો જેવાં કે એસ્કોરબિક ઍસિડ (વિ૦-સી) મળવાં જોઈએ. આવી રીતે સગર્ભાવસ્થાનાં છેલ્લાં અઠવાડિયાંમાં ગર્ભસ્થ બાળકના શરીરમાં ચરબી પૂરાતી હોય ત્યારે

માતાના આહારમાં ચરબીદ્રાવ્ય વિટામિનો (વિ૰ એ અને વિ૰ ડી) પુષ્કળ ન હોય તો તે તેના સંઘરા વિના અવતરે છે. પરિણામે બાળકના દાંત ખોડવાળા નીપજે છે; અને આંખે અંધાપો આણનાર કેરોટોમલેરિયાવાળું જન્મે છે.

માતાના અપૂર્ણ પોષણના કારણે નવજાત શિશુના શરીરનાં વજન ને લંબાઈ ઓછાં હોય છે. વળી, જેવુંતેવું ખાવા પામતી ને માંદલી સ્ત્રીઓને સરાસરી વજનવાળાં ને દેખીતાં તંદુરસ્ત બાળકો અવતરતાં હોવાના અપવાદો પણ ઘણી વાર જોવા મળે છે.

સગર્ભાવસ્થાના પહેલા ત્રણ મહિના વજન થોડું વધે છે, કદાચ ઘટાડો પણ થાય. બીજા ને ત્રીજા મહિનાઓમાં વજન વધે છે. છેલ્લાં ચોવીસ અઠવાડિયાંમાં અડધાથી એક રતલ જેટલું વજન વધે છે. સગર્ભાવસ્થામાં કુલ્લે પંદરથી અઢાર શેર કરતાં વધારે વજન ન થાય તે ખસૂસ જાળવવું, જેથી ટોક્સેમિયા નિવારવા સાથે પ્રસૂતિ બાદ શરીરનાં અગાઉનાં કદ ને સુડોળતા પ્રાપ્ત થાય.

સગર્ભાવસ્થાનાં વીસથી ત્રીસ અઠવાડિયાં દરમિયાન આઠ રતલ કરતાં વધારે વજન વધે તો તે સગર્ભાવસ્થાની વિષમયતા (ટોક્સેમિયા કે એક્લમ્પસિયા) થવાનું સૂચક લેખાય છે. આ બેઉ સ્થિતિ માતા ને બાળક બંને માટે જોખમી છે. આવું ન થાય તે માટે સગર્ભાવસ્થાની શરૂઆતથી આહારની જાળવણી અને મધ્યમાં વજન ઉપર અંકુશ રાખવાનો છે. વજનમાં ઓચિંતો ને ઝડપી વધારો ટોક્સેમિયાની આગાહીરૂપ છે. આ માટે આહારની આયોજનામાં શુકધાન્યો ઉપર નિયમન રાખી, પ્રોટીન ખનિજ દ્રવ્યો ને વિટામિનો વધારે મળે એવો આહાર સ્વીકારવાનો છે. પ્રાણિજ પ્રોટીન મેળવવા રોજનું બશેર દૂધ લેવાનું છે. આમાંથી પ્રોટીન ઉપરાંત કૅલ્શ્યમ ને રિબોફ્લેવિન (વિ૰ બી-૨) પણ મળી રહે છે કૅલ્શ્યમના આ પચય માટે વિ૰ ડીની જરૂર છે. વળી આપણા આહારમાં વિ૰ એની ન્યૂનતા જાણીતી છે. એટલે સગર્ભાવસ્થા દરમિયાન વિ૰ એ અને વિ૰ ડીની ગોળીઓ લેવી હિતાવહ છે.

ભૂખની વિકૃતિ સાથે વધારે પડતાં શુકધાન્યો ને ચરબી ખાવાથી વજનનો અસામાન્ય વધારો થાય છે. વધારે વજન વધતું અટકાવવા મીઠાનું પ્રમાણ ઓછું કરવા સાથે ગોળ ને ખાંડ સદંતર બંધ કરવાનાં છે. સેપરેટ કે તર કાઢી લીધેલું દૂધ ખાવાનું છે; દૂધ વાટે કૅલ્શ્યમ મળી રહે. કૅલ્શ્યમનું બીજું ઓછું સાધન લીલોતરી શાકપાન છે. પણ જો રોજ એક લિટર દૂધ લેવું ન પરવડે તો કૅલ્શ્યમ, લોહ ને બધાં વિટામિનો ઔષધરૂપે લેવાં જરૂરી છે.

સગર્ભાવસ્થાના સમય જેવો જ સ્તનપાન દરમિયાન આહાર હોવો જોઈએ, તેમાં માત્ર કૅલ્શ્યમનું પ્રમાણ વધવું જોઇએ.

ધાવણના સ્રાવ માટે કોઈ વિશિષ્ટ ખોરાક નથી. રોજિંદા ખોરાકની વાનીઓમાંથી પસંદગી હોઈ શકે. જરૂર છે માત્ર ભાવતા ખોરાકની અને તેના સુપાચનની. વળી, ખાસ જરૂર છે પ્રવાહી ખોરાકની. ધાવણના પ્રમાણ (આસરે બે પિન્ટ) જેટલું વધારે પ્રવાહી લેવું જોઇએ. આ પ્રવાહી પાણી દૂધ ને ફળોના રસ વાટે લેવાનું છે. દૂધમાં ગાયનું દૂધ ઉત્તમ છે. તે માતાના શરીરમાં થોડી પુનર્રચના પામી ધાવણરૂપે સ્રવે છે. જો પૂરતા પ્રમાણમાં પ્રવાહી ન લેવાય તો ધાવણનું પ્રમાણ ઘટે છે. અગર તો આંતરડાંમાંથી પાણી શોષાય છે. આમ થતાં માતાને બંધકોષ અનુભવાય છે. તે માટે રેચની દવાઓ લેવાથી ઝાડા વાટે શરીરનું પાણી બહાર ફેંકાઈ જવાથી પણ ધાવણનું પ્રમાણ ઘટે છે. ફળોના રસથી ખનિજ દ્રવ્યો ઉપરાંત વિ૰ સી પણ મળે છે. કાર્બોહાઇડ્રેટ અને ચરબી યથારિવાજ લેવાનાં છે, પણ પ્રોટીનોનું પ્રમાણ વધારે મળે તે પણ જોતું જોઇએ. દૂધમાંથી પ્રોટીનો મળે છે. એનું બીજું શ્રેષ્ઠ સાધન પનીર (ચીઝ) છે. આ સિવાય અન્નાહારી માટે કઠોળ છે, માંસાહારી માટે ઈંડાં માંસ કે મચ્છી છે. ઘણાં કારણોસર ખોરાકના વિટામિનોના પ્રમાણમાં ફેર રહે છે ને ખોરાક રાંધવાની ને જાળવવાની રીત અનુસાર શરીરને તેનો લાભ મળે છે, આથી વિટામિનોના સાધનરૂપ ખોરાક ઉપર આધાર રાખવાને બદલે તેમને ગોળી કે કૅપસ્યુલ રૂપમાં લેવાનાં છે.

ચેપી રોગોના નવા જ્ઞાનથી લોકોનાં આરોગ્ય ને આયુમર્યાદા સુધર્યાં છે. એ જ રીતે પોષણના નવા જ્ઞાનનો આપણા જીવનમાં વિનિયોગ થવાથી શરીરનાં ઇષ્ટ કદ અને વજન, સૌષ્ઠવ અને દીર્ઘાયુત્વ પ્રાપ્ત થાય છે.

(હવે પછી 'ચાલીસ પછીનો ખોરાક')

લ ઘુ ક થા

રોહિતનો બાપ

મુકુલ બક્ષી

ધોબી તો અમારી હૉસ્ટેલમાં ત્રણચાર આવે છે. બધાના ભાવ અને ધોલાઇ પણ સરખાં જ છે. છતાં હું પરભુને જ કપડાં આપવાનું પસંદ કરું છું; કારણ કે એની સાથે આવતો નવ-દસ વર્ષનો એનો છોકરો, એના ભલાભોળા ચહેરા અને થોડીક કાલી ભાષાને લીધે મને ગમે છે.

પરભુએ આવીને કપડાં આપ્યાં. ચિઠ્ઠી પ્રમાણે મેં મેળવી લીધાં. બરાબર હતાં. છ કપડાંનો દોઢ રૂપિયો મેં એના હાથમાં મૂક્યો. એણે કહ્યું: 'સાહેબ, ગયા વખતે આપ ન હતા, એટલે કપડાં હું મૂકીને ગયો હતો. એના પૈસા બાકી...'

મને ગુસ્સો આવી ગયો. ગયે વખતે એ આવ્યો ત્યારે હું બહાર ગયો હતો. મેલાં કપડાં પરભુને આપવાનું હું મારા પાર્ટનરને કહીને ગયો હતો. ધોલાઈના પૈસા પણ મારા પાર્ટનરે તેને આપી દીધા હતા. પાછા આવીને પૈસા મેં મારા પાર્ટનરને ચૂકવી આપ્યા હતા. છતાં આ પરભુ થોડાક પૈસા માટે ખોટું બોલતો હતો. મેં કહ્યું: 'તું આવો હોઈશ એમ મેં નહોતું ધાર્યું. તને તો હું પ્રામાણિક માનતો હતો. છતાં થોડાક...'

પરભુએ રોહિતને કહ્યું: 'બેટા, તું બાજુમાંથી કપડાં લઈ આવ.'

રોહિત બહાર નીકળ્યો, પણ જરાક જઇને જ એનાં પગલાં અટકી ગયાં. મને લાગ્યું કે એ બહાર દીવાલને અડીને ઊભો હતો!

પરભુ મારી સામે દયામણા ચહેરે ઊભો હતો. મેં મારા ખાનામાંથી હિસાબની ચોપડી કાઢી અને પાનાં ઉથલાવીને કહ્યું: 'હાં, તો ગયા શનિવારે ૧૫મી તારીખ હતી ને? અરે પ્રભુ. મારી ભૂલ થઈ ગઈ. પૈસા તને આપવાના બાકી જ છે.' મેં પાકીટમાંથી પૈસા કાઢીને પરભુના હાથમાં મૂક્યા. પરભુએ કહ્યું: 'પણ સાહેબ...'

ત્યાં તો રોહિત અંદર આવ્યો. પરભુએ તેની તરફ ફરી કહ્યું: 'તું બાજુની રૂમમાંથી...'

કંઈ બોલ્યા વગર તેણે મારી સામે જોયું. પછી બોલ્યો: 'મને ખબર હતી. બાપુ આમ ન કરે. હું એમને રોજ વારતા વાંચી સંભળાવું છું. પેલી હરિશ્ચન્દર રાજાની વાત તો બાપાને ઘણી જ ગમે છે. નહિ બાપુ?' કહીને એ પરભુ તરફ ફર્યો.

રોહિત અને પરભુની આંખ મળી હશે. પણ રોહિતના બાપની સામે જોવાનું મેં ટાળ્યું.




પચ્ચીસ વર્ષ પહેલાં

જર્મનીના કૈસર ને રશિયાના સ્ટાલિનના, કલાકાર અબુલ કલામ અને નાટ્યકવિ હરિહર દીવાનાના તથા સમાજસેવાના સંત સાહિત્યકાર પઢિયારના પરિચયો, રમતોમાંથી રોજગાર શીખવતા અને કોલસાની કહાણી કહેતા લેખો, ગુજરાતની ધરતી અને ધર્મની અજબ વાતોને પગલે ભૂતકાળની શોધ, ચીની કુમારોની રાષ્ટ્રસેવા અને પંચતંત્રની વાર્તાઓ—આવી વૈવિધ્યભરી સામગ્રીથી ભરચક આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના 'કુમાર'ના ૨૧૧મા અંકમાંથી થોડું ચયન:

પ્રાકૃતિક ભૂગોળ અને ભૂસ્તરશાસ્ત્ર જણાવે છે કે ખારાં રણો એ પૂર્વકાળના સુકાઈ ગએલા સાગરોના અવશેષો છે. એટલે એમ માની શકાય કે કોઈ ભુલાઈ ગએલા ભૂતકાળમાં જ્યારે કચ્છના રણ ઉપર સાગરનાં મોજાં ગંજતાં હતાં ત્યારે તે સાગરની એક પટ્ટી તે સમયની મહાનદી પ્રાચી સરસ્વતી (કુંવારકા) અને રૂપા (રૂપેણ)ની ઉપત્યિકની વચ્ચોવચ આનર્ત રાષ્ટ્રના હાર્દને ચીરતી, મોઢેરોકપુર નગરના પાડોશમાં, રૂપા અને પુષ્પાવતીના સંગમક્ષેત્ર સુધી જઈ પહોંચતી હતી. (જુઓ સાથેના નકશામાં ત્રાંસી ઘેરી લીટીથી બતાવેલો ભાગ.) હેમચંદ્રાચાર્યના દ્વયાશ્રય કાવ્ય ઉપરથી જણાય છે કે બારમા સૈકામાં અનહિલપુર (પાટણ)ની સરસ્વતી નદી એટલી બધી વિશાળ હતી કે તેમાં વેપારીઓનાં નાનાં વહાણો અવરજવર કરતાં. આ સમયે કચ્છનો રણસાગર જોકે સુકાઈ ગયો હતો, તોપણ ચોમાસામાં તેમાં એટલું પાણી ભરાઈ રહેતું કે એ ઋતુમાં તેમાં નાનાં વેપારી વહાણો છૂટથી ચાલી શકતાં અને સરસ્વતીના પ્રવાહમાર્ગે ઠેઠ અનહિલવાડ સુધી આવજા કરતાં.

નિરાંત ને મોદથી રેલવે ટ્રેઈનમાં સફર કરી રહેલો કોઈ માણસ બારીમાંથી એન્જિનનો કાળો ધુમાડો જોઈ રહેલો હોય છે ત્યારે તેને ભાગ્યે જ ખયાલમાં હોય છે કે એની ટ્રેઈનને ચલાવનાર કોલસાના એ ધુમાડામાંના કાળા કણ, તેની આંગળી પરની વીંટીમાંનો



અતિ પ્રાચીન કાળમાં કચ્છ અને કાઠિયાવાડ બેટ હતા તથા ઉત્તર અરવલ્લીથી માંડીને આજના ગુજરાતના મોટા ભાગ પર સાગર ઘૂઘવતો હતો. જેમજેમ સૈકાઓ વીતતા ગયા તેમતેમ એ કેમ ઓછો થતો ગયો તે ક્રમસર, યુગવાર સમજાવતો નકશો: (૧) સૌ પહેલાં ગોળ ટપકાંવાળા ભાગ સુધી બધે સાગર હતો; (૨) ત્યાર પછી તે હઠીને કાળી લીટીથી દર્શાવેલી હદ સુધીના ત્રાંસી લીટીવાળા ભાગ સુધી આવ્યો; (૩) ત્યાર બાદ ખસીને ત્રાંસી સળંગ લીટીઓવાળા ઘેરા પ્રદેશ સુધી, અને (૪) તે પછી કાળા ભાગ સુધી, એમ ક્રમશઃ દરિયો ખસતો જઈ છેવટે આજની સ્થિતિએ આવ્યો, જેમાં કાઠિયાવાડ બેટ મટીને નળકંઠા આગળથી ગુજરાતને જોડાઇ દ્વિપકલ્પ બની ગયો. (આલેખક: અમૃતલાલ વ. પંડ્યા)



હીરો અને તેના ગજવામાંની પેન્સિલ. એ ત્રણેમાં એકજ મૂળ પદાર્થ રહેલો છે: કાર્બન.

ઝગાંઝળાં પ્રકાશે ચમકતો હીરો એ અત્યંત ઘન સ્વરૂપમાં બંધાએલો શુદ્ધ કાર્બન જ છે. પણ એનું એ બંધારણ એટલું સખત છે કે કાચ કાપવામાં ને પોલાદને ઓપ ચડાવવામાં તેની રજકણ વપરાય છે. છતાં તેના મામૂલી બિરાદર કોલસાની માફક તેને પણ આકરી ગરમીમાં નાખવાથી તે ઓગાળી શકાય છે.

ગ્રેફાઇટમાં પણ એ જ કાર્બન ઘન રૂપે રહેલો છે. પણ સ્વરૂપે, તે કાળો પોચો ને ચીકણો છે. આકરી ગરમી સામે ટકી રહેતી ધાતુ ગાળવાની કુલ્લીઓ તેની બને છે; પેન્સિલમાંનો પોચો કાળો પદાર્થ. સાંચાકામમાં ઊંજવાનાં તેલ અને સ્ટવ પૉલિશ પણ તેમાંથી બને છે.

કોલસાની શોધનો ઇતિહાસ મળતો નથી, જંગલી દશામાં જ માણસે કદાચ એની શોધ કરી હોય. એની કાળાશ હાથે ચોંટવા પરથી તેણે તેનો ધીમે ધીમે લખવા ચીતરવામાં યે ઉપયોગ કર્યો હશે, અને અગ્નિમાં નાખવાથી એ બળે છે એ જ્ઞાન થતાં તેણે તેને બળતણ તરીકે અપનાવ્યો હશે.

આ કોલસાની બે જુદીજુદી જાત થાય છે: એક તો ચળકતી પથ્થર જેવી પાકી, અને બીજી નિસ્તેજ તેમજ કાચી. એ પાકા અને કાચા કોલસાનું પિતૃતત્ત્વ (parent substane) એક જ છે, અને તે વનસ્પતિ. 'કુમાર'ના ૧૬૫મા અંકમાં આવેલા 'કાળા હીરા' નામના લેખમાં, પૃથ્વીના પડમાં રહેલા એના અસ્તિત્વનો આમૂલ વિકાસક્રમ આપેલો છે. પાકો કોલસો સેન્દ્રિય (organic) પદાર્થ છે એ વસ્તુ અનેક રાસાયણિક કસોટીઓથી પણ પુરવાર થઇ ચૂકેલી છે. ખાણોમાંથી ખોદાઇને આ પાકો કોલસો (coal) જ નીકળે છે; કાચો કોલસો (charcoal) તો મોટીમોટી ભઠ્ઠીઓમાં ઝાડને બાળીને તૈયાર કરવામાં આવે છે. એ ભઠ્ઠીની ક્રિયા દ્વારા કોલસા ઉપરાંત એના ધુમાડામાંથી વુડ સ્પિરિટ, ઍસિડ, ઍસેટોન વગેરે દ્રવ્યો પણ સારવી લેવામાં આવે છે.

કોલસો સામાન્ય બળતણ ઉપરાંત કાચી ધાતુમાંથી પાકી ધાતુ શોધવાના કામમાં પણ ખાસ ઉપયોગી છે. એની ભૂકી છાપવાની શાહી, કાળો વાર્નિશ વગેરે બનાવવામાં અને ક્યારેક ગળણીકામ (filteration)માં પણ ખપ લાગે છે. એ ગળણીકામ માટે રાસાયણિક ક્રિયાસિદ્ધિ વડે કોલસાની એક ખાસ જાત બનાવવામાં આવે છે, જે 'ઍક્ટિવેટેડ કાર્બન' કહેવાય છે. જુદાજુદા વાયુઓને ગાળવા માટે તે જબરો સહાયક નીવડ્યો છે.

કાળા ખરબચડા બેડોળ ને મામૂલી લાગતા

કોલસાની સમૃદ્ધિ

આજનું વિજ્ઞાન કોલસાનાં વિવિધ તત્ત્વોમાંથી આટલી વસ્તુઓ બનાવે છે:

પૅરેફીન	કેરોસીન
મીણબત્તી	આલ્કોહોલ
બાવળનું તેલ	જંતુનાશક સાધનો
ઍમોનિયા લિકર	જાતજાતની દવાઓ
સાંચામાં ઊંજવાનું તેલ	વાર્નિશમાં વપરાતો સ્પિરિટ
સાકરથી સોગણી મીઠી સૅકેરીન	લડાઈમાં વપરાતો દારૂ પદાર્થ
ચરબીવાળા ખોરાકો	ફોટોગ્રાફિક રસાયણો
ગૅસોલીન-પેટ્રોલ	વિવિધ ભભકના રંગો
ગ્રામોફોન રેકર્ડો	ફળદ્રુપ ખાતર
ક્રીઓસોટ	બુટપૉલિશ
રબર	સાબુ

અને આ તો પચ્ચીસ વર્ષ પહેલાંની યાદી છે.

અનુસંધાન] જીવનપટનાં સ્મૃતિચિત્રો [પૃ. ૨૨૬થી

દૂર કરવા, કારજવરા અટકાવવા, બાળલગ્નો અને કજોડાં બંધ કરવા, કન્યાવિક્રય દૂર કરવા ને વિધવાઓ તથા વિદ્યાર્થીઓને સહાય કરવાના ઉદ્દેશથી નિયમો ઘડવા એક સભા સ્થાપી તે 'ઔદિચ્ય-હિતેચ્છુ સભા' કહેવાઈ અને તેના એક મુખપત્ર દ્વારા ઉપરના આશયોથી કેટલાક સાચા દિલના જ્ઞાતિ-સેવકોએ 'અખિલ ભારતીય બ્રહ્મસમાજ' સ્થાપ્યો. જે વર્ષમાં 'ઇંડિયન નૅશનલ કૉંગ્રેસ'નો જન્મ થયો તે જ વર્ષમાં આ બ્રહ્મસમાજનું પહેલું સંમેલન થયું હતું, પણ તેમાં કોઇ પ્રકારની સદ્ધરતા આવી નહોતી. સંમેલન વખતે નાણાંભંડોળની યાદી થતી, પણ પછી તે ઉઘરાવનાર કોઈ સ્થાયી કચેરી અસ્તિત્વમાં નહોતી, એટલે સંમેલનો ત્રિણ દિવસનો મેળો બની સમાજ-કર્તવ્ય-શૂન્ય બની જતું. આમ છતાં ભણેલા, આગળ વધેલા વિવિધ તડ-સમાજના ધીર પુરુષોમાં એક પ્રકારનું સમદર્શી ભ્રાતૃમંડળ રચાયું હતું. તેમણે વર્ષ બે વર્ષના આંતરે સંમેલનો ચાલુ રાખ્યાં હતાં, જેમાં જ્ઞાતિ-સુધારાના ઠરાવો થયા કરતા હતા પણ તેનું પાલન કરવા કરાવવાની કોઈ સત્તા કે આણ જ્ઞાતિઓ પર નહોતી. તેઓ વખતોવખત નવી પેઢીના યુવાનો આગળ જ્ઞાતિનો આદર્શ પ્રકટ કરી શકતા, પણ એમની આ ભાવનામાં કોઈ ક્રાંતિનો તણખો દેખાતો નહોતો. શાસ્ત્રને કોઈ પડકારી શકતું નહિ બલકે તેમના વિચારો માટે શાસ્ત્રોની સંમતિ શોધવી પડતી.

૨૫૬ આનંદાશ્રમમાં ઔદીચ્ય બ્રહ્મસમાજ

અમદાવાદના આઠમા સંમેલનમાં શ્રી નથુરામ શર્માજીએ આ સમાજને વ્યવસ્થિત રજિસ્ટર્ડ સંસ્થા બનાવવા પોતાના બીલખા આશ્રમે નિમંત્રણ આપ્યું ત્યારથી સમાજે નવો વળાંક લીધો. શર્માજી તો ચાતુર્વર્ણ્યના ધર્મો પ્રમાણે ઉપદેશ આપતા. સાથે બ્રાહ્મણોમાં સુસંપ, સંગઠન અને વિદ્યાપરાયણતા તથા શાસ્ત્રાભ્યાસ વધે તેવી ભાવનાં રાખતા. એ કાળે બ્રાહ્મણોની અધોગતિ રોકવામાં કોઈ ધર્માચાર્યે કે શંકરાચાર્યે એમની પેઠે વ્યવસ્થિત પ્રયાસ કર્યો હોય એવું જાણવામાં નથી. ક્વચિત્ આચાર્યો મારફત જ્ઞાતિ-પટેલો પ્રગતિશાળીઓ પ્રતિ વિરોધ પ્રકટ કરતા અથવા તેમનું નામ લઈ બહિષ્કાર આદિ પ્રયોગો કરતા. એટલે આ નવા પ્રસ્થાનને કારણે ઔદીચ્ય જ્ઞાતિના સુજ્ઞજનો શ્રી નથુરામ શર્મા પ્રતિ ભાવ અને આદર દર્શાવતા થયા હતા.

ભાવનગરમાંથી કેટલાક જુવાન વિદ્યાર્થીઓએ આ સંમેલનમાં સ્વયંસેવક તરીકે જવાનો નિશ્ચય કર્યો તેમનામાં હું પણ જોડાયો અને ત્યારથી અ. ભા. ઔ. બ્રહ્મસમાજ સાથેનો મારો સંબંધ શરૂ થયો. ભાવનગરના વડીલ પ્રતિનિધિઓ સાથે અમારું એ જૂથ એક મોટા સંઘ રૂપે બીલખા પહોંચ્યું. આશ્રમના શિષ્યવર્ગમાંથી ગુરુશ્રીની આજ્ઞાથી ઘણા ઈતર બ્રાહ્મણ ગૃહસ્થો પણ સેવા આપવા આવ્યા હતા. બીલખાના આનંદાશ્રમની સુવ્યવસ્થા એ કાળે નમૂના રૂપ ગણાતી. સ્વચ્છતા, સમયપાલન અને દરેક વિભાગની સંભાળ રાખનાર તાલીમ પામેલું સેવાભાવી દળ શિક્ષણ રૂપ હતાં.


૨૫૭ સ્વયંસેવક તરીકે

શ્રી નાનાભાઈ ભટ્ટ જ્ઞાતિએ પ્રશ્નોરા, પણ બ્રાહ્મણોની ઉન્નતિ અને ગુરુશ્રીની ઈચ્છાને લક્ષમાં રાખી અહીં હાજર થઇ ગયા હતા. તેમણે સ્વયંસેવકોનાં મોં અને બાંધા જોઈ સ્નાનગૃહ, રસોડું, ભોજનાલય ને સભાગૃહનાં કામ વહેંચી આપ્યાં. પોતે રસોડાની જવાબદારી લીધી અને મને પોતાની સાથે રાખ્યો. તેમણે કહી દીધું કે 'ભાષણો અને સભાનો રંગ જોવાનો લોભ રાખશો તો તમારી ફરજ ચૂકશો; ભાષણો કરતાં કર્તવ્યની સિદ્ધિનું મૂલ્ય વિશેષ છે.' મેં એમના એ આદેશનું પૂરી નિષ્ઠાથી પાલન કર્યું હતું અને એકાદ વાર તો સભામંડપમાં થતી ગર્જનાઓ સાંભળી મારા સાથીઓ તે જોવા દોડી ગએલા ત્યારે રસોડામાં રસોયા પાસે હું એકલો જ હતો. નાનાભાઈ પાસેથી મેં એ વખતે એક બહુ સૂચક વચન સાંભળ્યું હતું: 'પહેલાં સારા માણસ બનો પછી જ બ્રાહ્મણ બની શકશો.'

બ્રહ્મસમાજના સંમેલનમાં શું શું બન્યું તેનો હું સાક્ષી ન થઈ શક્યો, પણ જાણ્યું કે બ્રહ્મસમાજે તેના બંધારણનો ખરડો રજિસ્ટર કરાવવાનો ઠરાવ પસાર કર્યો હતો. ઘણા માણસોએ તે વખતે બ્રહ્મસમાજના ઠરાવો પાળવાનાં પ્રતિજ્ઞાપત્રો સહી કરીને ગુરુશ્રીને ચરણે અર્પ્યાં હતાં. મારા પિતાશ્રીએ પણ એવું પત્રક ભરેલું અને મને પણ ભરી આપવા તેમણે આદેશ કરવાથી મેં તે વખતે તેમાં સહી કરી હતી. તેમાં મુખ્ય વાત એ હતી કે બારમાનું ભોજન ન લેવું, સીમંતની ન્યાત ન કરવી અને કુરૂઢિઓનો ત્યાગ કરવો. મારી યાદ પ્રમાણે તે સમયથી આ નિયમો વ્રત રૂપે પાળવા મેં પ્રયત્ન કર્યો છે અને તેમાં ઘણી વાર કૌટુંબિક વિરોધ પણ સહન કર્યો છે. ઇશ્વરકૃપાથી આજે તો સંસ્કારી જ્ઞાતિજનો, સરકારી કાયદા અને ઉચ્ચ શિક્ષણે ઘણાના વિરોધો દૂર કર્યા છે. (ચાલુ)

શતરંજનો કોયડો

A. W. DANIEL



સ્થિતિ: 8/K1k5/4R3/8/3p3p.6b1/16.

કોયડો: સફેદે રમવાનું અને ડ્રૉ મેળવવાનું.

આ કોયડામાં સફેદ પાસે કાળાના ઊંટ અને બે પ્યાદાંના બદલામાં એક હાથી છે એટલે મ્હોરાં લગભગ સરખાં કહેવાય, પણ પાંચમી હરોળે પહોંચેલાં બંને પ્યાદાંને રોકવાં પડે છે. **સુરેશ મોદી**

શતરંજના કોયડાનો ઉકેલ

ઉકેલ: 1 R–K4, P–R6. QP તો પડે તેમ છે એટલે RPને આગળ વધારે છે.

2R×P, B–B7. સફેદનો હાથી અણીઠ થઇ ગયો અને કાળો જીતી જશે એમ લાગે છે, પણ 3K–R8! કાળો 3...;B×R રમે તો Stalemate થાય.

3...,P–R7; 4 R–Q1, B–N1!

હવે તો જાણે સફેદ હારની અણી ઉપર જ છે, કારણ હવે કાળા પ્યાદાને વજીર થતાં અટકાવી શકાય તેમ નથી, પણ—5 R–Q5! 5..., P–R8 (=Q); પછી ફરી Stalemate થાય. 5..., P–R8(=R)! પણ કાળો પ્યાદાને વજીર ન બનાવતાં હાથી બનાવે છે અને 6...,R–R1 મહાતની ધમકી આપે છે.

6 R–KR5! ફરી હાથીનો ભોગ. પણ જો કાળો તે સ્વીકારે તો 6...,R×R અને (ત્રીજી વખત) Stalemate થાય.

6..., B–R7; 7 R–R7 ch ને હવે કાળા પાસે એક ઊંટ વધુ હોવા છતાં આ પરિસ્થિતિમાં તે જીતી શકે તેમ નથી એ દેખીતું છે.

પોલીસ-ડાયરી

લેખક · પુષ્કરભાઈ ગોકાણી

૨

તા. ૧૪ માર્ચ ૧૯૬૬

રાત્રે સાડા દસે એક સ્ત્રીનો ફોન આવ્યો. અવાજમાં ગભરાટ અને રુદન જણાતાં હતાં. એના પતિનું ખૂન થયું હોય એમ એને લાગતું હતું. એનું ઠેકાણું: મલબાર હિલ, ચોપાટી બૅન્ડ સ્ટૅન્ડની નજીકમાં, ગૌરીકુંજ બ્લૉક, નં. ૧૪.

ઇન્સ્પેક્ટર રાઠોડને જરૂરી માણસો લઈ આવી પહોંચવાની સૂચના આપી હું ગૌરીકુંજ પહોંચ્યો. ૧૦ ઉપર ૪૧ મિનિટ થઇ હતી. નીચે લોકોનું નાનકડું ટોળું એકઠું થયુ હતું. કોઇને ઉપર ન આવવા દેવાની સૂચના આપી, બે હવાલદારને નીચે રાખ્યા. કેલકરને એકઠા થએલા લોકોમાંથી માહિતી એકઠી કરવાની ને જરૂરી લાગે એવાઓને પોલીસ સ્ટેશને લઇ જવાની સૂચના આપી લિફ્ટમાં હું ઉપર ગયો.

એક મોટા ખંડમાં અમે પહોંચ્યા. માળ પરના પાંચે બ્લૉકનાં બારણાં આ ખંડમાં પડે છે. બ્લૉક નં. ૧૧, ૧૨ અને ૧૩નાં બારણાંમાં થોડાં માણસો ઊભાં હતાં. બ્લૉક નં. ૧૫નું બારણું બંધ હતું. બ્લૉક ૧૪માં અમારે તપાસ કરવાની હતી. અંદર જતાં જ જોયું કે થોડા માણસો એક ખંડની નજીક એકઠા થયા હતા. એ સૌને દીવાનખંડમાં બેસાડવાની ને એમાંના કોઇને રજા વિના જવા નહિ દેવાની હવાલદારને સૂચના આપી અને હું બનાવવાળા ખંડમાં દાખલ થયો.

ખંડ સૂવા માટે વપરાતો લાગ્યો. સામે જ એક પલંગ હતો. એની નજીક એક ખુરશી પર મરનાર પડ્યા હતા. એમના ખોળામાં માથું ઢાળી ગૃહિણી રડતાં હતાં. બાજુમાં એક નોકરાણી જેવી બાઈ એમને આશ્વાસન આપતી ઊભી હતી. સામે એક ઝરૂખો અને બારી હતાં. રૂમમાં પાથરેલી ટાઈલ્સ ગણતાં લાગ્યું કે એ ૧૬ × ૧૨ ફૂટ જેટલો હશે. ખુરશીની સામેની દીવાલમાં એક કબાટ જડેલું હતું. બાઇને મેં થોડું આશ્વાસન આપ્યું અને નોકરાણીને મેં એમને બહાર લઇ જવા કહ્યું.

એમના ગયા પછી તરત મેં મરનારની નાડી તપાસી. એ બંધ હતી. શરીર પર ક્યાં યે કોઈ ઘાનું નિશાન દેખાતું નહોતું. ગળામાં રેશમી ગલપટ્ટો હતો. કદાચ એના વડે ગૂંગળાવીને એનું ખૂન કરવામાં આવ્યું હશે. કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ અજમાવી જોવાનો મને વિચાર આવ્યો. ખુરશી પર પડેલા એમના શરીરની સ્થિતિ મેં મનમાં બરાબર નોંધી લીધી અને પછી મરનારને જમીન પર સૂવડાવી, મેં હવાલદારને ડૉ. વગેરેને બોલાવવાનું કહી, કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા પ્રયત્ન કર્યો, પણ કંઈ જ ફેર જણાયો નહિ. ૧૧ ને ૧૫ મિનિટે ડૉક્ટર આવ્યા. મરનારને તપાસીને ડોકું ધુણાવ્યું. કેસ ખલાસ જ હતો.

ડૉક્ટરે મરનારના શરીરનું ટેમ્પરેચર નોંધ્યું. ૧૧ ને ૨૭ મિનિટે એ ૯૦.૬° હતું. પોલીસ ચોકીએથી નીકળતાં મેં ત્યાં રાખેલા થર્મોમીટરમાં ત્યારનું હવામાન ૮૫° જોએલું. અમે તપાસ આગળ ચલાવી. મરનારની ઊંચાઇ ૫'-૪'', વજન આશરે ૧૫૦ રતલ, શરીર સહેજ સ્થૂલ, વાળ કાળા, ઉંમર આશરે ૩૫ થી ૪૦ વચ્ચે. પોશાક: ટેરેલીનનું પીળું શર્ટ અને ટેરીકૉટનનું બ્રાઉન પાટલૂન. ખુરશી નજીક એનાં ચશ્માં પડ્યાં હતાં અને એમાંના જમણી તરફના કાચમાં તડ પડી હતી. રૂમનું માપ ૧૬'×૧૨'. ફર્નિચર: મચ્છરદાનીવાળો પલંગ, નજીક એક નેતરની ખુરશી જેના પર મરનાર પડ્યા હતા. ખુરશીની સામેની દીવાલમાં જડેલું એક કબાટ, ખૂણામાં એક નાનું ટેબલ, એના પર રેડિયો અને ટેબલ લૅમ્પ. ઉપર છતમાં બે ટ્યૂબ લાઇટ. અમે આવ્યા ત્યારે બંને ચાલુ હતી. રૂમમાં એક ઝરૂખો અને બાજુમાં બારી. બંને પર પરદા હતા ને તે બંધ હતા. રૂમની ફર્શ તદ્દન સાફ દેખાતી હતી.

મરનારને મેં ફરી ખુરશીમાં અગાઉ જેમ પડેલા હતા તેમ ગોઠવી દીધા. ખરી રીતે તો એમનો એ સ્થિતિમાં ફોટો ન લેવાઈ જાય ત્યાં સુધી ખસેડાય નહિ, પણ કૃત્રિમ શ્વાસોચ્છ્વાસથી કંઈ લાભ થાય એ આશયથી મેં એ છૂટ લીધી હતી. વળી શરીર પર કોઈ હથિયારનો ઘા હતો નહિ કે જેના સ્થાન પરથી મોત વિષે કંઈ જાણવા મળે, એટલે વાંધો નહોતો. ફોટોગ્રાફરે આવીને રૂમની સ્થિતિના જુદાજુદા ફોટો લીધા. ફિંગરપ્રિન્ટ એક્સ્પર્ટ મિ. પ્રભુએ પણ રૂમમાં શક્ય હોય એવાં સ્થાનોએ છાપો ઉપસાવવા માંડી. એના પણ ફોટો લેવાયા. મરનારના હાથનાં આંગળાંની છાપ લેવા પણ એણે ડૉક્ટરની રજા માગી પણ મેં એમને અટકાવ્યા. એક અજમાયશ ખાતર પણ મારી ઈચ્છા મરનારના હાથનો ડર્મેલ નાઇટ્રેટ ટેસ્ટ લેવાની હતી. એ પછી એનાં આંગળાંની છાપ લેવાની મેં સૂચના આપી.

કોરોનર આવી ગયા હતા અને બહાર બેસાડેલાં માણસોને પૂછપરછ કરતા હતા. મરનારનું પોસ્ટમૉર્ટમ કરાવવાની એમણે સૂચના આપી. પ્રભુએ બહાર બેસાડેલાં સૌની આંગળાંની છાપો પણ લીધી. રાઠોડ આવી ગયા હતા અને માણસોનાં નિવેદનો લઈ રહ્યા હતા.

મરનારના રૂમમાંથી મળી આવેલી સિગારેટ, ઍશ ટ્રે, દીવાસળીની સળીઓ, કબાટમાંથી મળેલા કાગળો, એક રૂમાલ વગેરે મેં કબજે લીધાં ને દરેકને કાગળની જુદી જુદી કોથળીમાં જાળવીને મૂકી, કોથળી બંધ કરી ઉપર સહી કરીને મેં ચોકીએ પહોંચાડવા વ્યવસ્થા કરી.

મરનારનું નામ વીરેન્દ્ર શુક્લ. કબાટમાંથી મળેલી વીમાની પોલિસી પ્રમાણે જન્મ તારીખ ૨-૮-૧૯૨૬. ગૌરીકુંજ એમના સાળાની માલિકીનું છે, પણ વીરેન્દ્ર એનો વહીવટ કરતા હતા. વીરેન્દ્રનો ધંધો આયાતનિકાસનો. ગ્રૅહામ રોડ, બૅલાર્ડ એસ્ટેટમાં સન હાઉસમાં ત્રીજે માળે એમની ઑફિસ. પત્નીનું નામ વિભાબેન.

વિભાબેન સાંજે એમની બેનપણી વિશાખા સાથે ઓપેરા હાઉસમાં સિનેમા જોવા ગયાં હતાં. ત્યાંથી વિશાખાને ત્યાં જ જમીને પાછાં ફર્યાં. ઘેર આવ્યાં ત્યારે બ્લૉક બંધ હતો. અંદર બહુ ઊંચે અવાજે રેડિયો વાગતો હતો. પોતાની ચાવી વડે એમણે બારણું ખોલ્યું. અંદર આવતાં એમણે વીરેન્દ્રને ખુરશીમાં નિશ્ચેત પડેલા જોયા. ગભરાઇ જઈ એમણે બ્લૉક નં. ૧૩માંથી જમનાદાસને બોલાવ્યા. એમણે પોલીસને બોલાવવા સલાહ આપી. વિભાબેનની કામવાળી નોકરી છોડી સવારે જ ચાલી ગએલી. જમનાદાસે પોતાને ત્યાંની કામવાળી બાઇને વિભાબેનની મદદમાં મોકલી આપી.

વીરેન્દ્રના બ્લૉકમાં એકઠાં થએલાં માણસો બ્લૉક નં. ૧૧, ૧૨ ને ૧૩નાં પડોશી હતાં. નીચેથી બ્લૉક નં. ૮ ને ૧૦નાં માણસો પણ ઉપર આવેલાં. રાઠોડે એ સૌનાં નામ અને ધંધાનાં સરનામાં નોંધ્યાં છે. રૂમ નં. ૧૫માં રમાકાન્ત દવે રહે છે. અત્યારે તે ઘેર હાજર નથી.

કેલકરે મેળવેલી માહિતી મુજબ વીરેન્દ્ર અને વિભાબેન વચ્ચે અવારનવાર કંકાસ થયા કરતો હતો. પત્નીની ચાલચલગત પર થોડા સમયથી એને શક રહેતો હતો એમ લાગતું હતું. પૈસેટકે તેઓ સુખી હતાં. ખર્ચમાં પત્નીનો હાથ છૂટો હતો. વીરેન્દ્ર વિષે ખાસ કંઈ

અયોગ્ય સંભળાતું નહોતું. લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી. રૂમ પર પહેરો મૂકી હું ચોકી પર પાછો આવ્યો.

રાઠોડે વીરેન્દ્રના કેસના કાગળો આપ્યા. એ મુજબ :

સાંજે સાડા પાંચ વાગ્યે વિભાબેન પિક્ચર જોવા ઘેરથી નીકળી ગયાં હતાં. એમની સખી વિશાખા એમને લેવા ગૌરીકુંજ આવી હતી. વીરેન્દ્ર સાંજે ઘેર જમવાના નહોતા એટલે વિભાબેન વિશાખાને ત્યાં જ જમેલાં જે નેપીઅન્સી રોડ પર સાગરવિલામાં રહે છે. કેલકરે વિશાખાને ત્યાં પૂછપરછ કરી હતી. વિભાબેનની વાત ખરી હતી. વિશાખાને વીરેન્દ્રના મોતની ખબર કેલકર દ્વારા જ પડી અને એ તુરત વિભાબેન પાસે આવવા નીકળી.

મારી ડાયરી પરથી રીપોર્ટ તૈયાર કરી મેં ફાઈલમાં આપ્યો.

તા. ૧૫ માર્ચ ૧૯૬૬

વીરેન્દ્રના મોતના ખબર કમિશનર સાહેબને આપ્યા. આ કેસની તપાસ એમણે મને સોંપી છે. વીરેન્દ્રના ડર્મલ નાઇટ્રેટ ટેસ્ટનું પરિણામ તો અણધાર્યું જ આવ્યું. એના હાથ પર દારૂના સૂક્ષ્મ કણો હતા. એણે પિસ્તોલ ફોડી હતી. એનું મૃત્યુ ગૂંગળાવાથી થયું જણાતું નહોતું. મૃત્યુનો સમય ચારથી સાડા છ દરમિયાનનો લાગતો હતો. હોજરીમાંનો ખોરાક અને પદાર્થો રાસાયનિક તપાસ માટે મોકલ્યા છે.

તપાસનો દૃષ્ટિકોણ બદલાઈ ગયો. મરનારે પિસ્તોલ ફોડી હતી તો તેની ગોળી મળવી જોઈએ. એણે કોની સામે પિસ્તોલ તાકી હશે? મેં ફરી ગૌરીકુંજનો બ્લૉક તપાસ્યો. આખરે ભીંતમાં જડેલા કબાટની કિનારમાં ભરાએલી ગોળી મળી આવી. પહેલી નજરે એ ખીલીના માથા જેવી જણાતી હતી. એનો ફોટો લેવડાવ્યો અને પછી આસપાસના લાકડા સાથે તેને કોરી કાઢીને તપાસ માટે લઈ લીધી. પિસ્તોલનો હજી પત્તો નથી.

પોલીસ સ્ટેશને આવી ટેલિફોનથી હથિયાર વેચનારાઓને ત્યાં પૂછપરછ કરી. કાવસજી બંદૂકવાલાને ત્યાંથી હજી પહેલી માર્ચે જ વીરેન્દ્રે ૦.૩૨ કૅલિબરની પિસ્તોલ અને ૨૦ કારતુસ ખરીદ્યાં હતાં. ત્યાંના રજિસ્ટરની એ અંગેની નોંધની ફોટોકૉપી મંગાવવાની વ્યવસ્થા કરી.

વીરેન્દ્રની ઑફિસેથી જાણવા મળ્યું કે ત્યાંથી એ સાંજે સાડા ચાર વાગ્યે ઘેર જવા નીકળી ગયા હતા. ઑફિસેથી ઘેર પહોંચતાં અરધો કલાક થાય એમ ગણીએ તો એ પાંચેક વાગ્યે ગૌરીકુંજ પહોંચવા જોઈએ. વિભાબેન વિશાખા સાથે સાડા પાંચે ઘેરથી નીકળેલાં અને તેઓ વીરેન્દ્રને સાંજે મળ્યાં નથી એમ કહે છે. તો વીરેન્દ્ર ઘેર ક્યારે આવ્યા?

ગૌરીકુંજના ચોકીદાર ગુરખાને મેં બોલાવ્યો. એના કહેવા પ્રમાણે વિશાખાના આવ્યા પછી થોડી વારે વીરેન્દ્ર ઘેર આવ્યા અને પછી તુરત નિશાળેથી છૂટેલા વિદ્યાર્થીઓ આવવા માંડેલા એટલે તેઓ પાંચેક વાગ્યે આવી ગયા હતા. એ પછી થોડી વાર ગુરખો દરવાજા પર હાજર નહોતો એટલે વિભાબેન ક્યારે બહાર ગયાં એની એને માહિતી નહોતી. રાત્રે સવા દસથી સાડા દસ વચ્ચે વિભાબેનને ઘેર આવતાં એણે જોયાં હતાં. વિભાબેન અને વિશાખાની વધુ તપાસ કરવી પડશે.

કેલકરની પિસ્તોલની તપાસ હજી ચાલુ છે.

તા. ૧૬–૩–'૬૬

સવારે સાગરવિલામાં વિશાખાની તપાસ માટે ગયો. એ ઘેર નહોતી. પડોશીઓએ કહ્યા પ્રમાણે તે અપરિણીત છે. નર્સ તરીકે... હૉસ્પિટલમાં કામ કરે છે. ચાલચલગત વિષે કોઈએ સારો અભિપ્રાય આપ્યો નહિ, પણ કોર્ટે આવી તેઓ આ કહેવા તૈયાર નથી. એક જણે કહ્યું કે વિશાખા વહેલી સવારે જ બહારગામ ગઈ છે. હું ચમક્યો. વિશાખાને મેં જોઈ નથી. કેલકર એને મળ્યા હતા. સવારે વિશાખાને જતી જોનાર પાસેથી એના પોશાકનું વર્ણન મેળવ્યું અને કેલકરને બાકીનું વર્ણન તેમાં ઉમેરીને તુરત તેનો પત્તો મેળવવા સૂચના આપી. ઍરપોર્ટ, વિક્ટોરિયા ટર્મિનસ અને સેન્ટ્રલ સ્ટેશને વિશાખાનું વર્ણન આપી તુરત માણસો રવાના કર્યા.

વિશાખાને સ્ટેશને કે ઍરપોર્ટ લઈ જનાર ટૅક્સીનો પત્તો મળે તો એ મેળવવા આજે સવારે એ વિસ્તારમાં જે કોઈ ટૅક્સીઓ હતી તેની તપાસ કરવા માંડી. છેક પોણા દસે પત્તો ખાધો. જોગીન્દરસિંગ (ટૅક્સી નં. ૩૯૪૧) મળ્યો. વિશાખાના વર્ણનને મળતી એક સ્ત્રીને નેપીઅન્સી રોડ પરથી લઈને એ પોણાઆઠે વી.ટી. મૂકી આવ્યો હતો. સવારે આઠ વાગ્યે વી.ટી.થી એક ગાડી પૂના તરફ જાય છે. લગભગ ૧૧ ને ૫૭ મિનિટે એ પૂના પહોંચે છે. તુરત જ વાયરલેસથી પૂના પોલીસને વિશાખાનું વર્ણન આપી એ ગાડી તપાસવા કહેવડાવ્યું અને જો પૂના ઊતરે તો તેની હીલચાલ પર નજર રાખવા તથા જો આગળ મુસાફરી કરે તો પાછળ જવા જણાવ્યું. એ પછી જીપ લઈ અમે પૂનાના માર્ગે ઊપડયા. કદાચ આ ઉતાવળ યોગ્ય ન પણ નીવડે, પણ વિશાખાની મુલાકાત જરૂરી તો હતી જ. નીકળતાં પહેલાં કેલકરને વિભાની હીલચાલ પર નજર રાખવાનું કહી દીધું.

બપોરે એક વાગ્યે પૂના પહોંચ્યા. જાણવા મળ્યું કે વિશાખાના વર્ણનને મળતી એક સ્ત્રી એક માણસ સાથે સવારની ગાડીમાં આવી છે. સિંધિયા લૉજમાં રૂમ નં. ૧૦માં તેઓ ઊતર્યા છે. ત્યાં એમના પર નજર રાખવાની વ્યવસ્થા પણ થઈ ગઈ હતી. તુરત મને રમાકાન્ત યાદ આવ્યો. વીરેન્દ્રની બાજુમાં જ બ્લૉક નં. ૧૫માં એ રહે છે. હજી સુધી અમે એને જોયો નહોતો. મને થયું કે વિશાખા સાથેનો માણસ રમાકાન્ત તો ન હોય? એટલામાં ખબર આવી કે સિંધિયા લૉજમાં પેલી સ્ત્રીનો સાથીદાર હમણાં જ એક ડૉક્ટરને બોલાવી આવ્યો છે. ડૉક્ટર સાથે ઈમર્જન્સી બૅગ છે. આવતાં જ એણે રૂમમાં ગરમ પાણી મંગાવ્યું છે. ત્યાં કંઈક બની રહ્યું હોય એમ લાગે છે.

તુરત અમે મૅજિસ્ટ્રેટનો સંપર્ક સાધી પરવાનગી મેળવી લીધી અને વીસેક મિનિટમાં લૉજ પર પહોંચી ગયા. રૂમ નં. ૧૦ છેક છેવાડા પર છે. એની આગળ રૂમ નં. ૭, ૮, ૯ ખાલી જ છે. નજીકના એ ત્રણે રૂમ છોડી તેઓએ છેક છેવાડે શા માટે રૂમ રાખી હશે? મારી શંકા દૃઢ થતી ગઈ. અમે રૂમનું બારણું ઠોક્યું. જવાબ ન મળ્યો. ફરી જોરથી ખખડાવી અમે કડક શબ્દોમાં બારણું ખોલવા જણાવ્યું. આખરે બારણું ખૂલ્યું. સામે પલંગ પર એક સ્ત્રી સૂતી હતી. એનો ડાબો પગ ખુલ્લો હતો. પાસે ટેબલ પરનાં સાધનો જોતાં લાગ્યું કે ડૉક્ટરે સાથળ પર કાપ મૂક્યો હતો.

કડક શબ્દોમાં અમે ખુલાસા માગવા માંડ્યા. એ સ્ત્રી વિશાખા જ હતી. સાથેનો માણસ રમાકાન્ત હતો. ડૉક્ટરે વિશાખાના સાથળમાંથી પિસ્તોલની ગોળી કાઢી હતી. વિશાખાએ અગાઉ એ ડૉક્ટરને ત્યાં કામ કર્યું હોઈ એનાથી પરિચિત હતી. રમાકાન્તને પોતાના પતિ તરીકે ઓળખાવી એણે ડૉક્ટરને જણાવ્યું હતું કે બંને પતિપત્ની ઝગડેલાં ને આવેશમાં આવી જઈ પતિએ પિસ્તોલ ફોડી હતી, પણ હવે એ પસ્તાતો હતો. ડૉક્ટરને વિશેષ કંઈ ખબર નહોતી. મને એ નિર્દોષ લાગ્યો. પંચક્યાસ કરી એણે કાઢેલી ગોળી મેં કબજે લીધી. લૉજના મૅનેજરને પણ બોલાવ્યો. સૌનાં નિવેદનો લીધાં. વીરેન્દ્રના ખૂનના આરોપસર મેં વિશાખા અને રમાકાન્તને ગિરફતાર કર્યાં.

મુંબઈ આવી પૂનાથી લાવેલી ગોળીની પણ તપાસ કરાવી. ૦.૩૨

ફાધર વાલેસ સંચાલિત

નેતૃત્વ-ઘડતરનો શિબિર

ઊગતા યુવાનોમાં નેતૃત્વના ગુણ વિકસાવવાના એક સફળ પ્રયોગનો આ અહેવાલ છે. કૉલેજના પંદરેક વિદ્યાર્થીઓએ આબુ ખાતે થોડા દિવસ સુધી સાથે રહીને અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ, શિસ્તબદ્ધ વાતાવરણમાં, પ્રખ્યાત નેતાઓનાં લખાણો ને જીવનચરિત્રોનો અભ્યાસ, જાહેરમાં બોલવા-લખવાની તાલીમ, ચર્ચા-અવલોકન-યોજના સ્વતંત્રરીતે કરવાની શક્તિનો વિકાસ, અને લોકોને દોરવા માનસશાસ્ત્રીય સિદ્ધાંતો ને યુક્તિઓનો પરિચય—એવો ઘનિષ્ઠ કાર્યક્રમ ચલાવ્યો. એવા પ્રથમ શિબિરનો અહેવાલ ૪૯૨મા અંકમાં આવ્યો હતો. તાજેતરમાં મળેલા એવા બીજા શિબિરના અનુભવોનું વર્ણન એમાં ભાગ લેનાર બી.એ.ના એક વિદ્યાર્થીની કલમે આ લેખમાં કરવામાં આવ્યું છે.

"ચલો ખલાસી, પ્રાણ પિયાસી, નવા સમુંદર જોવા; નવાં બંદરો જોવા."

નવું જાણવાની, નવું માણવાની, નવું શોધવાની ઇચ્છા તરવરતા યુવાનમાં હોવાની જ! એને ઊંચાં શિખરો સર કરવાં ગમે, વેરાન જંગલોમાં રખડવું રુચે, અણદીઠું જોવાનો ઉમંગ થાય! જીવનમાં આગળ વધવાની ઇચ્છા સહુને હશે. પણ બીજાનો હાથ પકડી તેમને દોરવાની અભિલાષા તો નવલોહિયા યુવાનોને જ થવાની.

નેતૃત્વની તાલીમ માત્ર રાજકારણની દૃષ્ટિએ જ નહિ. સાહિત્ય, સંસ્કાર અને સદાચારની દૃષ્ટિએ પણ જીવનના ઘડતરરૂપ છે. રાષ્ટ્રની શાસનધુરાનું વહન કરતો શાસક, સંશોધનો અને પ્રયોગોમાં મશગૂલ રહેતો વૈજ્ઞાનિક, પ્રજાને આરોગ્ય બક્ષતો ડૉક્ટર, ભાવિ નાગરિકોને શિક્ષણ આપતો શિક્ષક, બંધો અને ઇસ્પિતાલો બાંધતો ઈજનેર—એ સહુ સમાજને કલ્યાણની કેડીએ દોરી જાય છે, અને તેમાં અમીસિંચન કરે છે નેતાગીરીની ભાવના.

'આપણા ઘડવૈયા, બાંધવ, આપણે!' નું સૂત્ર જવાનથી માંડીને કિસાન સુધી સૌને નેતૃત્વની દિશા સૂચવે છે.

વિજ્ઞાન, સાહિત્ય, વાણિજ્ય કે શિલ્પ-સ્થાપત્ય-પ્રત્યેક ક્ષેત્રમાં પોતે આગળ આવવા અને બીજાને આગળ લાવવા માટે તલસ્પર્શી જ્ઞાનની પહેલી જરૂરત છે. હાથ નીચેના લોકોમાં અસંતોષ પ્રગટે કે વિચિત્ર સમસ્યા ખડી થઈ જાય ત્યારે દૃઢ મનોબળ હોવું એ નેતા માટે જરૂરી છે. પ્રજાને વિશ્વાસમાં લેવા અને પોતાનું દૃષ્ટિબિન્દુ સમજાવવા લોકનાયકપાસે સ્પષ્ટ અને સરળ પ્રવચન કરવાની આવડત હોવી જોઈએ. સૌનો સહકાર લઈ, સૌનો મત મેળવી નેતા ધારે તો પૃથ્વી ઉપર ગંગા ઉતારી શકે છે. અર્વાચીન કેળવણીનું બંધારણ તેજસ્વી ઇજનેરો કે ડૉકટરો પેદા કરી શકે છે, પણ આદર્શ નેતા જન્માવવા માટે તો આવી 'નેતૃત્વશિબિર' જેવી પ્રવૃત્તિઓ જ તેમાં ક્રાંતિ લાવી શકે.

'ડુંગરે ડુંગરે ભમવું છે, કિનારે કિનારે ફરવું છે, પાંદડે પાંદડું નિહાળવું છે' એ ઇચ્છા તો કોઇ પણ હિલસ્ટેશન પણ પૂરી કરી શકત; પણ 'શાંત વાતાવરણ હોય, જ્ઞાનનું ભાથું મળતું હોય, નેતૃત્વના પાઠ સાંપડતા હોય' એતમન્ના તો આબુ જેવા નજીકના છતાં સુરમ્ય સ્થળમાં 'નેતૃત્વશિબિર' જ પૂરી કરી શકે.

આબુનો એ પ્રવાસ નેતાગીરીની એક વિદ્યાયાત્રા સમો હતો. ટ્રેઈનમાં અમે નેતૃત્વના એ જ સિદ્ધાન્તો, મહાપુરુષોના એ જ જીવન-પ્રસંગો, જીવનને ઉપયોગી એ જ વાતો ચર્ચતા. કોઈક ભક્તિ, શ્રદ્ધા અને વિશ્વાસ ઉપર ભાર મૂકતું, કોઇકને મન શક્તિ, હિંમત અને દૃઢતા મહત્ત્વનાં હતાં, ગાંધીજીનું દૃષ્ટાંત આપી કોઈ 'સત્ય એ જ પરમેશ્વર' દ્વારા સત્યવક્તૃત્વનું સમર્થન કરતું, 'હિંમતે મર્દા'ના પુરસ્કર્તા કેનેડીને સંભારી કોઇ નીડરતાની આવશ્યક્તા સમજાવતું, તો 'સિદ્ધિ ન સાંપડે ત્યાં સુધી મંડયા રહો' એમ કહેતા વિવેકાનંદનાં પ્રજ્ઞા અને પૌરુષને કોઈ અંજલિ આપતું. સરદાર, નેહરુ અને શાસ્ત્રીજી; બુદ્ધ, શંકર અને ક્રાઈસ્ટ; હૅમરશૂલ્ડ, નેપોલિયન અને વૉશિંગ્ટન જેવા કર્મે શૂરા મહાપુરુષોને સૌ એકી અવાજે 'આદર્શ લોકનાયક' તરીકે મૂલવતા. એમની જન્મભૂમિ જુદી હતી, એમનાં કાર્યક્ષેત્રો ભિન્ન હતાં. પણ જનસમાજને સન્માર્ગે દોરવાની ભાવના તો સરખી હતી.

માઉન્ટ આબુના પ્રસન્ન મધુર વાતાવરણમાં આવેલા 'સાધના ભવન'માં અમે પ્રવેશ્યા કે તરત ત્યાંના સંચાલક મહોદયે સસ્મિત વદને અમને સત્કાર્યા. શાંત અને એકાંત વાતાવરણ મળે તે માટે દરેક શિબિરાર્થીને અલગ ઓરડી આપવામાં આવી. પહેલે જ દિવસે અમારા હાથમાં રોજિંદુ સમયપત્રક મુકાયું અને તે પ્રમાણે વર્તવાની સૂચના અપાઈ

દિવસભરનો કાર્યક્રમ પણ કેવો રસપ્રદ! સવારે પાંચેક વાગ્યે ઊઠીને નિત્યક્રમ પતાવી લેવાનાં. એકાદ કલાક ઓરડીમાં મહાપુરુષોના જીવનનું વાચન અને ખપજોગી ડાયરીમાં નોંધ. સાતેક વાગ્યે મકાનના પ્રાર્થનાખંડમાં સૌએ એકઠા થવાનું: કો'ક મધુર કંઠે ભજન લલકારે, કો'ક મહાપુરુષોના વિચારો વાંચે અને અંતે ઇશ્વરની પ્રાર્થના કરી સૌ છૂટા પડે. હા, દસેક વાગ્યે યોજાનારી ચર્ચાસભાના અધ્યક્ષની ચૂંટણી કરવાનું ન ભુલાય.

એટલામાં આઠ વાગ્યે અને સમયસર સૌ 'ચહાપાન એ જ મહાદાન'ની રમૂજ કરતા કરતા ટેબલ ઉપર ગોઠવાય. ચાહ-નાસ્તાના

કૅલિબરની પિસ્તોલની એ ગોળી હતી. કદાચ વીરેન્દ્રની પિસ્તોલમાંથી જ એ છૂટી હોય. પિસ્તોલ હજી મળી નથી. વીરેન્દ્રના કબાટમાંથી મળેલી ગોળી અને પૂનાથી આવેલી ગોળી એક જ પિસ્તોલમાંથી ફૂટેલી હતી એવો રિપોર્ટ મળ્યો છે. આના આધારે અમે વિશાખાને ધમકાવી. પ્રથમ નામુક્કર ગયા પછી એ ફસકી પડી. એણે વકીલની સહાય લેવા ઇચ્છા દર્શાવી. અમે એને એની વિરુદ્ધના પુરાવા મજબૂત હોઈ તથા ખરી વાત જણાવી દે તો એને હળવી સજા થશે એ જણાવી કબૂલાત આપવા સમજાવી.

તા. ૧૭ માર્ચ ૧૯૬૬

વિશાખાએ આજે સવારે કબૂલાત આપી.

રમાકાન્તની પત્ની પિયર ગઇ છે. ધનવાન સસરાનો એ એકમાત્ર જમાઈ છે. વિશાખા સાથે એને બે વર્ષથી સંબંધ છે. વીરેન્દ્રને આની ગંધ આવી ગઈ હતી અને એણે રમાકાન્ત અને વિશાખા વિરુદ્ધ કેટલાક પુરાવા પણ એકઠા કર્યા હતા. એના જોર પર એ રમાકાન્તને દબડાવતો એટલું જ નહિ, પણ પૈસા પણ પડાવતો હતો. વેર વાળવા રમાકાન્તે વીરેન્દ્ર અને એની પત્ની વચ્ચેના કંકાસનો લાભ લઈ, વિભાને ભોળવી પોતાની ચાલમાં ફસાવી હતી. વીરેન્દ્રને આ વિષે પણ શંકા ગઇ હતી અને એણે રમાકાન્તને ઉઘાડો પાડી દેવાની ધમકી આપી હતી. રમાકાન્તે આખરે વીરેન્દ્રનું કાસળ કાઢવાની યોજના ઘડી. વિભાને એણે વીરેન્દ્રના વીમાની મોટી રકમની લાલચ તથા રોજિંદા કંકાસમાંથી છુટકારો મેળવવાની લાલચ આપી પોતાના પક્ષમાં લીધી. તા. ૧૪મીએ વિભાને પોતાના ઘરમાં રાખી તે અને વિશાખા વીરેન્દ્રના

આનંદભર્યા સ્વીકાર વખતે કોઈ ટીખળી વિદ્યાર્થી ચૂંટાએલા ચેરમૅનની હળવી મજાક પણ કરી લે. પણ એમ કટાક્ષનો શિકાર બનતા ચેરમૅનને બાકીના તરફથી 'ગુડ લક'ની શુભેચ્છા પણ સાંપડી રહે.

નવ અને દસ વચ્ચેનો ગાળો ક્યાં વીતી જાય, એની તો ખબર જ પડે નહિ, નેહરુ અને નેપોલિયન જેવા નેતાના વિશિષ્ટ ગુણો પુસ્તકમાંથી ટપકાવતા હોઇએ, શિસ્ત અને શ્રદ્ધા જેવી શક્તિનું મહત્ત્વ લખતા હોઇએ કે ભારતના ભાવિ નેતા તરીકે વિદ્યાર્થીનું સ્થાન ચર્ચતા હોઇએ, પુસ્તકોમાંથી પ્રસંગો લખતાં, પ્રવચનનો મુસદ્દો તૈયાર કરતાં અને વિરોધ કરનારની દલીલોનો યોગ્ય જવાબ ઘડતાંઘડતાં તો ઘડિયાળનો કાંટો દસ ઉપર આવી જાય.

પછી, એકબીજાના ખબરઅંતર પૂછવામાં, વિદ્યાલયમાં ભણતા અન્યને ખલેલ ન પહોંચે, એનું ધ્યાન રાખી અમે ચર્ચાસભામાં પ્રવેશ કરીએ. પુસ્તકોથી ભરચક ટેબલ પર નજર પડતાં એકાદ ચોપડી ફેંદી લાવી જવાની લાલચ શેં રોકી શકાય? ત્યારે મનમાં ને મનમાં એમાંના ઉપયોગી ગ્રંથોની યાદી કરી લેતા. સૌ પોતપોતાને સ્થાને લેખનસામગ્રી સાથે ગોઠવાઈ જાય કે તરત અધ્યક્ષ સભાસદોનું સ્વાગત કરે અને કાર્યવાહી શરૂ થાય.

તે દિવસના વિષયની તૈયારી કરીને આવેલા વિદ્યાર્થીભાઈ સભાના કેન્દ્રસ્થાને આવી, સૌને વંદન કરી પ્રવચનની શરૂઆત કરે. આવશ્યક એવાં તમામ પુસ્તકોનું વાચન હોય અને તે પરથી મુદ્દાસરનું નિવેદન એક વખત લખાઈ ગયું હોય, એટલે તો ક્ષોભ કે સંકોચ વગરની રજૂઆત થાય જ ને? હા, કો'ક કો'કને ક્યારેક વિરોધીઓનો સામનો કરવો પડે, વળતો ઉત્તર શો આપવો એની મૂંઝવણ પણ કોઈવાર થઇ જાય; છતાં અભ્યાસ અને મૌલિક વિચારણાને કારણે અંતે સંતોષકારક સમાધાન થઇ જાય.

બે અઢી કલાકમાં ચારેક વિષયોને ચર્ચામાં સમાવી લેવા, થઇ ગએલા પ્રવચનને નીરક્ષીર વિવેકવૃત્તિથી મૂલવવા અને છેવટે ચર્ચાને 'મધુરેણ સમાપયેત' મુજબ સમેટી લેવી, એમાં અધ્યક્ષનો ગુણ પરખાઈ આવે. સભાપણમાં કોઈ વાર નિરર્થક વિષયાંતર આવે કે અસંબદ્ધ વિગતો પ્રવેશે ત્યારે અન્ય સભાસદો સહેજ અકળાય, પણ ત્યાં તો અધ્યક્ષનું મધુર સ્મિત વાતાવરણમાં પ્રસન્નતા લાવી મૂકે. આ સમગ્ર ચર્ચા તો વિદ્યાર્થીઓ કરે જ પણ તેનું સંચાલન પણ એમાંના જ એકના હાથમાં રહે એ આ સભાની વિશેષતા રહેતી. જનતા સમક્ષ ખુલ્લે હૃદયે બોલવું, મુક્તપણે પોતાના વિચારો દર્શાવવા અને વસ્તુનું હાર્દ પકડવું—એ સિદ્ધાન્તો અહીં આપમેળે પળાઈ જતા.

બારેક વાગ્યે ભોજનવિધિ પતાવી, સૌ પોતપોતાના કમરામાં પહોંચી જાય, અને થોડોક આરામ લઈ, વળી પાછું—'સ્વાધ્યાય પ્રવચનાભ્યાં ન પ્રમદિતવ્યમ્'નું અનુસરણ: હાથમાં એકાદ ચોપડી હોય, પેન્સિલથી મુદ્દાઓ પર નિશાની અંકાતી હોય અને મનમાં આગામી પ્રવચનનું બંધારણ ઘડાતું હોય. એટલામાં તો ઘડિયાળનો કાંટો બે ઉપર આવી જાય. હાથમાં નોટ-પેન્સિલ લઈ સૌ બહાર નીકળી પડે. ફા. વાલેસની રાહબરી નીચે આબુનાં ગિરિગહવરો ખૂંદી વળવા.

શીતળ પવન, પ્રસન્ન વાતાવરણ અને લીલી હરિયાળી ધ્યાનમાં રાખી અમે એકાદ ટેકરી ઉપર જમાવીએ અને બપોરની અમારી ચર્ચાવિચારણાનું આયોજન કુદરતની ગોદમાં શરૂ થાય. સભાના ઔપચારિક વિધિ પછી મુખ્ય કામકાજ આરંભાય. વિષયનું તલસ્પર્શી અધ્યયન અને તેની રસપ્રદ રજૂઆત, એ ગુણ તો ઘણાંખરાં પ્રવચનોમાં હોય જ. ક્યારેક વિવેકાનંદ, સોક્રેટિસ કે સરદાર જેવા મહાપુરુષોના નેતૃત્વ-ગુણોની આલોચના થાય; ક્યારેક શ્રદ્ધા, શિસ્ત, સંયમ જેવી શક્તિનાં મૂલ્ય અંકાય; તો ક્યારેક શાળા-કૉલેજના જીવનમાં પુસ્તકાલય, દંડપ્રથા, હાજરીની ગણતરી, જેવાં ધારાધોરણોનું ઔચિત્ય તપાસવામાં આવે. છેવટે, વિષયને આવરી લેતા અને ગુણ-દોષની ચર્ચા કરતા, સભાપતિના પ્રવચન સાથે સભા પૂરી થાય. સાતેક વાગ્યે સૌ મુકામ પર આવી હાથમોં ધોઇ સાંજનું વાળુ કરે અને ફરી ચિંતન-મનનમાં ગૂંથાઈ જાય.

રાતના નવેક વાગતાં ફરી સૌ પ્રાર્થના ખંડમાં પહોંચી જાય. ત્યાં ફા. વાલેસ નેતાગીરીને ચર્ચતું, આવશ્યક સદ્ગુણોને વર્ણવતું અને જીવનને પ્રેરણાનું ભાથું બંધાવતું પ્રવચન કરે. તેમના વાર્તાલાપમાં સત્પુરુષોના જીવન-પ્રસંગો અને વિશિષ્ટ લેખકોની વિચારકંડિકાઓ સોનામાં સુગંધની ગરજ સારે, ત્યાર બાદ સૌ ઈશ્વરને ખોળે બેત્રણ મિનિટનું મૌન પાળે, આતમરામની ખોજ કરે અને સારાં-નરસાં કામોનો રોજિંદો હિસાબ તપાસી જાય. મનુષ્યનો મોંઘો અવતાર આપવા માટે પ્રભુનો પાડ માને અને સારાં કાર્ય કરવાની પ્રેરણા આપવા પ્રાર્થે.

પાંચેક દિવસ સુધી અમે આ 'નેતૃત્વશિબિર'નો લાભ ઉઠાવ્યો. એમાં જીવનજીવવાની કલા શીખ્યા અને નેતા બનવાના પાઠ લીધા. 'બીજાને દોરતાં પહેલાં પોતાની જાતને દોરે, એ જ સાચો નેતા' એ સૂત્ર પણ કંઈક સમજ્યા અને વર્તનમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો.

આવી અભ્યાસેતર પ્રવૃત્તિઓનાં નિરીક્ષણ માટે હિંદ આવેલા અમેરિકન નિષ્ણાત ડૉ. નેલ્સન ત્યાં પધાર્યા હતા અને 'નેતૃત્વ શિબિર'ની કામગીરી વિષે સંતોષ વ્યક્ત કરતાં તેમણે કહ્યું હતું કે, 'નેતૃત્વની તાલીમ માટે આટલો સારો પ્રયોગ મેં મારા દેશમાં જોયો નથી.' આવાં નેતૃત્વશિબિરોનું આયોજન અન્ય નવયુવાનોના હૃદયમાં પણ અમી રેડે એવી શુભેચ્છા વ્યક્ત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

હરીશ પંડિત

ઘરમાં પેઠાં. વીરેન્દ્ર ચેતી ગયો. રમાકાન્ત સાથે એને ઝપાઝપી ચાલી. વિશાખાએ એનો અવાજ ઢંકાઇ જાય એટલા સારુ ત્યાં વાગી રહેલા રેડિયોનો અવાજ વધારી દીધો. વીરેન્દ્રે પિસ્તોલ કાઢી બે બાર કર્યા. તેમાંથી દૂર ઊભેલી વિશાખાને એક ગોળી વાગી. આખરે રમાકાન્તે વીરેન્દ્ર પર કાબૂ મેળવી એને ખુરશીમાં જકડી રાખ્યો અને એણે આપેલી દવાનું વિશાખાએ વીરેન્દ્રને ઇન્જેક્શન આપી દીધું.''

આ એક પોલીસ અધિકારીની (કલ્પિત) નોંધ છે. જો કે બધા અધિકારી આ રીતે ચીવટથી અંગત ડાયરી લખતા નથી. પણ જો લખે તો પોતાની તપાસનો રીપોર્ટ તૈયાર કરવામાં એ અત્યંત મૂલ્યવાન સાબિત થઈ શકે. સામાન્યતઃ કોઇ પણ બનાવની જાણ થતાં તાબડતોબ પોલીસ અધિકારી કામે લાગી જાય છે. એમની તપાસ પદ્ધતિસર ચાલે છે, પણ એનો રિપોર્ટ તો પછી જ્યારે કામમાંથી અવકાશ મળે ત્યારે લખાય છે. સમયનો ગાળો વીતવા સાથે, સંભવ છે કે, કોઈ ઝીણી બાબત વિસરાઇ પણ જાય, ને એ એક જ મુદ્દા પર આરોપીનો હોશિયાર વકીલ કેસ જીતી પણ જાય. ખાસ કરીને સમય અને તારીખોની વિગતોમાં તો બહુ જ ચોકસાઈ રાખવી જોઇએ. ગમેતેમ વખત કાઢીને પણ તપાસ ચલાવતા અધિકારીએ નોંધ ટપકાવી લેવી જોઇએ. ક્યારેક આરંભમાં એનામાં જે તાટસ્થ્ય હોય છે તે તપાસ આગળ ચાલતાં ફેરવાઈ પણ જાય, અને એ પછી લખેલા રિપોર્ટમાં એની અસર અચૂક પડવાની. એટલે જ પોતાને સમજાઈ રહે એવા ટૂંકાણમાં પણ ચોક્કસ ને સ્પષ્ટ મુદ્દાઓ ટપકાવી લેવાની એ ટેવ પાડે તો એ એના કામમાં અને ન્યાયના પક્ષે ઘણી સહાયરૂપ સાબિત થઈ શકે.

અમેરિકા અને આપણે

☆ ડૉ. પ્રહ્લાદ ચુ. વૈદ્ય

૧૮

૧૮ એપ્રિલ ૧૯૬૫

વહાલાં બાળકો,

આ કાગળ મળશે ત્યાં તો તમારી બધાંની પરીક્ષાઓ પૂરી થઈ ગઈ હશે ને અમદાવાદના માળામાંથી પંખીઓ ઊડી જવાની તૈયારીમાં હશો. વૅકેશનનો તમારો સૌનો વસવાટ-કાર્યક્રમ વિગતવાર મોકલશો.

એપ્રિલની ૩૦મી અને મેની ૧લીએ અહીં યુનિવર્સિટીમાં માતૃદિન (મધર્સ ડે) ઊજવાશે. પહેલા સત્રમાં ઑક્ટોબરમાં પિતૃદિન (ડૅડસ ડે) ઊજવાયો હતો. અહીં બાપને ડૅડ (Dad) કહે છે, ને માને મૉમ(Mom). બાપ દીકરો ક્યાંક સામસામા મળે તો કહે–'હાઈ ડૅડ!' 'હાઈ સન!' ('Hi dad!' Hi son!') 'હાઇ' એટલે 'કેમ છો?'

ડૅડસ ડેને દિવસે યુનિવર્સિટીમાં ભણતા વિદ્યાર્થીઓના બાપ યુનિવર્સિટીમાં આવે અને છોકરા સાથે રહે. સાથે રહે એટલે હોસ્ટેલમાં છોકરાની રૂમમાં રહે એમ નહિ; ઊતરે તો હોટેલ કે મોટેલમાં, પણ આખો દિવસ પોતાના છોકરા કે છોકરી સાથે યુનિવર્સિટીમાં બધે ફરે. તે દિવસના દીકરાની દોડવા-કૂદવાની શરતોમાં બાપ ભાગ લે. સાંજે નૃત્યનો ખાસ કાર્યક્રમ હોય. તે જ પ્રમાણે આ ૩૦મી એપ્રિલનો 'મૉમ્સ ડે'નો કાર્યક્રમ પણ ગોઠવાશે. તે દિવસે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓની માતાઓ યુનિવર્સિટીમાં આવશે. તે અંગે અત્યારથી પુલમનનાં છાપાંમાં જાહેરખબરો આવવા માંડી છે. સિનેમાવાળા લખે છે કે તમારી માને આ સિનેમા દેખાડો વગેરે વગેરે. મધર્સ ડેને દિવસે પુલમનની બધી જ હોટેલો અને મોટેલો ભરાઇ જશે અને કેટલીક માતાઓને ઊતરવાની જગ્યા પણ નહિ મળે. તેથી પુલમનના વેપારીમંડળે તેવી માતાઓ માટે ખાસ વ્યવસ્થા ઊભી કરી છે; પણ એક વાર હોટેલો અને મોટેલો ભરાઇ જાય પછી જ તે વ્યવસ્થાનો લાભ લઈ શકાય! (વેપારી મંડળ ખરું ને?!)

પિતૃદિન અને માતૃદિન જેવો જ એક ત્રીજો દિન યુનિવર્સિટીમાં ઊજવાય છે. તે જૂના વિદ્યાર્થી-દિન: ઓલ્ડ ઍલ્યુમ્ની ડે (Old Allumni Day) કહેવાય છે. તે દિવસે યુનિવર્સિટીના જૂના વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં એકઠા થાય છે. ૬૦, ૭૦ વર્ષના ડોસા-ડોસીઓથી માંડી ગયે વર્ષે જ યુનિવર્સિટી છોડી સંસારમાં પ્રવેશેલા જુવાનિયા બધા જ તે દિવસે યુનિવર્સિટીમાં એકઠા થાય છે. તે દિવસે તો ખૂબ ઠાઠમાઠથી કાર્યક્રમ થાય છે, કારણ કે આ ઓલ્ડ ઍલ્યુમ્ની (જૂના વિદ્યાર્થીઓ) પાસેથી તો ઘણા પૈસા ઉઘરાવી શકાય. તે દિવસે યુનિવર્સિટીની રાણીનો રાજ્યાભિષેક થાય છે.

યુનિવર્સિટીની રાણી તે યુનિવર્સિટીની વિદ્યાર્થિનીઓમાં સૌથી સુન્દર છોકરી વર્ષની રાણી તરીકે ચૂંટણીથી નક્કી થાય છે. સામાન્ય રીતે ૬ થી ૮ છોકરીઓ રાણીની ચૂંટણીમાં હરીફાઈ કરે છે. શાળામાં પણ આવી રાણી પસંદ થતી હોય છે, તેથી શાળાની સુન્દરી-હરીફાઇની વિજેતાઓ જ આમાં હરીફાઈ કરે છે. હરીફાઈમાં ઊભી રહેલી છોકરીઓ પછી પોતપોતાનો પ્રચાર કરે. મત આપવાના છોકરાઓએ. જૂના વિદ્યાર્થીદિનને આગલે દિવસે રીતસર મતદાન થાય. જે સુન્દરીને યુનિવર્સિટીના છોકરાઓ સૌથી સુન્દર છોકરી તરીકે બહુમતી આપે તે આખા વર્ષ માટે રાણી તરીકે ચૂંટાય. અને ઓલ્ડ ઍલ્યુમ્ની ડેને દિવસે યુનિવર્સિટી વિસ્તારમાં વિદ્યાર્થીઓનું બૅન્ડવાજાં સાથે સરઘસ નીકળે અને સરઘસને અંતે સૌથી જૂના વિદ્યાર્થીને હાથે સુન્દરીનો ૧૯૬૪-'૬૫ના વર્ષની રાણી તરીકે રાજ્યાભિષેક થાય. રાત્રે યુનિવર્સિટીમાં રોશની થાય અને નૃત્યનો મોટો કાર્યક્રમ ગોઠવાય.

આ રાણીની બે સખીઓ પણ ચૂંટાય છે. તે માટે યુનિવર્સિટીની બધી છોકરીઓ બે વિભાગમાં વહેંચાય છે. એક વિભાગ તે મેં પહેલા કાગળમાં લખેલી 'નાતની બોર્ડિંગ' જેવી બોર્ડિંગોમાં વસતી છોકરીઓનો. આ છોકરીઓની બોર્ડિંગો સોરોરિટી કહેવાય છે. અને બીજો વિભાગ યુનિવર્સિટીની હોસ્ટેલોમાં તથા ખાનગી ઘરોમાં વસતી છોકરીઓનો. આ બન્ને વિભાગોની પણ રૂપસુન્દરી હરીફાઈ યોજાય છે. અલબત્ત, જે યુનિવર્સિટીની રાણી તરીકે ચૂંટાઈ ગઈ હોય તે આ હરીફાઈમાં ઊભી રહેતી નથી. આમ બીજી બે રાણી, સોરોરિટી-રાણી તથા સ્વતંત્ર રાણીની પણ ચૂંટણી થાય છે. સોરોરિટી રાણી માટેના મતદાનમાં એવી 'નાતની બોર્ડિંગ' ફ્રૅટર્નિટીમાં વસતા છોકરાઓ જ ભાગ લે છે. અને સ્વતંત્ર રાણી માટેનું મતદાન યુનિવર્સિટી હોસ્ટેલોમાં રહેતા છોકરાઓ કરે છે.

આમ યુનિવર્સિટીની રાણી અને તેની બે સખીઓ મળીને યુનિવર્સિટીની રૂપસુન્દરીઓનું પ્રધાનમંડળ રચાય છે અને યુનિ.ના સઘળા કાર્યક્રમોમાં તેઓ રાણીની અદાથી 'રાજ' કરતી હોય તેમ ભાગ લે છે.

આમાંની સ્વતંત્ર રાણીની ચૂંટણી આવતા શુક્રવારે થવાની છે. ફાઇનલ ચૂંટણીમાં છ સુન્દરીઓ આવી છે. આ છ સુન્દરીઓ એક અઠવાડિયું પ્રચાર કરશે અને આવતે અઠવાડિયે આ છ છોકરીઓમાંથી કઈ છોકરી તેમને સૌથી વધુ સુન્દર લાગે છે તે વિષે મતદાન થશે.

જીવનની વાસ્તવિકતાને વાસ્તવિક રીતે જોવાનો, યુવા-યુવતીઓની કુદરતી જાતીય લાગણીઓને તન્દુરસ્ત રીતે વાળવાનો કેવો પ્રયત્ન છે? છોકરીઓ પોતાને રૂપસુન્દરી તરીકે મત આપવા છોકરાઓમાં પ્રચાર કરે અને છોકરાઓ પોતાને કઈ છોકરી વધુ રૂપાળી લાગે છે તે વિષે ખુલંખુલા મત આપે તે આપણા વાતાવરણથી કેટલું બધું નિરાળું લાગે છે! અને છતાં યે ઊંડેઊંડે ક્યાંક મનમાં એમ પણ થાય છે કે એવું થાય તેમાં ખોટું પણ શું છે? છાનું છાનું કેટલું યે અજુગતું આપણે ત્યાં થાય છે. કદાચ આવું થોડું ખુલંખુલા કરવાથી છાનુંછપનું થતું કેટલુંક અટકે પણ ખરું. કે પછી આ બધું પ્રયોગો કરીને-પછી જ નક્કી કરવા જેવું છે?

લિ. કાકાના આશિષ



આજુબાજુ

કામ કરે ઈ જીતે, માલમ! કામ કરે ઈ જીતે.
આવડો મોટો મલક આપણો જીતે કેવી રીતે?
ખેતર ખેડીને કરો સીમને સોહામણી
બાંધો રે નદિયુંનાં નીર;
માગે છે દેશ આજ મહેનત મજિયારી
હૈયાનાં માગે ખમીર રે માલમ!—કામ૦

—નાથાલાલ દવે

ભારતીય ભૂમિદળના નવા સેનાપતિ લેફ. જનરલ કુમારમંગલમ્

જનરલ જે. એન. ચૌધરી ભારતીય ભૂમિદળના સેનાપતિપદેથી નિવૃત્ત થઈ કૅનૅડામાં ભારતના હાઈ-કમિશનર તરીકે જતાં એમને સ્થાને સ્વાતંત્ર્ય પછીના છઠ્ઠા સેનાપતિ તરીકે ગઈ ૮મી જૂનથી પોતાનો હોદ્દો સંભાળનાર લેફ. જનરલ પી. પી. કુમારમંગલમ્ પ્રથમ તોપચી સેનાપતિ અને ઇંગ્લંડમાં તાલીમ લઈ કે.સી.આઈ.ઓ. થએલા, લશ્કરના છેલ્લા અમલદાર છે.

પરમશિવ પ્રભાકર કુમારમંગલમ્ એ એમનું પૂરું નામ. જન્મ ઈ. ૧૯૧૩ની ૧લી જુલાઈએ થએલો. પિતા ડૉ. પી. સુબ્બારાયન સ્વાધીનતાના સંગ્રામમાં ગાંધીજીના એક નિકટવર્તી સાથીદાર, કેન્દ્રના પ્રધાન અને છેલ્લે મહારાષ્ટ્રના રાજ્યપાલ હતા. ક્રિકેટના પણ તેઓ ખૂબ શોખીન હોઈ 'ક્રિકેટ બોર્ડ ઑવ કંટ્રોલ'માં અધ્યક્ષ તરીકે પણ એમણે કામ કરેલું. જૂની લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીમાં સભ્ય તરીકે પણ તેઓ રહી ચૂકેલા. આ પિતા જ્યારે બ્રિટિશ રાજ સામે લડતા હતા ત્યારે પુત્ર કુમારમંગલમ્ બ્રિટિશ સૈન્યમાં નોકરી કરતા હતા. એમના એક ભાઈ કે. કુમારમંગલમ્ સર્વોચ્ચ અદાલતના ધારાશાસ્ત્રી અને સામ્યવાદી આગેવાન છે.. એમનાં બહેન પાર્વતી પણ રાજકારણમાં એ ભાઇને સાથ આપે છે.


કુમારમંગલમે પ્રથમ મદ્રાસમાં ને પછી ઇંગ્લંડમાં ઇટન ખાતે અભ્યાસ કર્યો. ૧૯૩૧માં વુલવિચની રૉયલ મિલિટરી અકાદમીમાં જોડાયા અને ૧૯૩૩માં સેકન્ડ લેફ્ટેનન્ટ તરીકે એમને કમિશન મળ્યું. બ્રિટિશ લશ્કરના હિન્દીકરણના આરંભમાં તોપદળ સુધી એ કાર્ય વિસ્તારવામાં આવ્યું ત્યારે એમાં યુવાન કુમારમંગલમને પણ સ્થાન મળ્યું.

બીજા વિશ્વયુદ્ધમાં એમના તોપ-દળને મધ્ય એશિયામાં લઈ જવામાં આવ્યું. ત્યાં રોમેલના ઓચિંતા ભારે હુમલા સામે બ્રિટિશ અને હિંદી સેનાને પીછેહઠ કરવી પડી. એમાં કેટલીક તોપો છોડીને એમને પાછા ફરવું પડેલું, પણ એ છોડતાં કુમારમંગલમને ચેન પડ્યું નહિ. અંધકારમાં જીવસટોસટનું સાહસ કરી તેઓ જર્મન સૈનિકોની હરોળ પાછળ જઇને એ તોપો લઇ આવ્યા. એમની એ બહાદુરી માટે ડી.એસ.ઓ.ના પદકથી એમને નવાજવામાં આવ્યા હતા. ત્યાર પછી પશ્ચિમી રેગિસ્તાનના યુદ્ધમાં તેઓ કેદ પકડાયા અને એમને ઇટાલી મોકલી આપેલા. ત્યાંથી તેઓ નાસી છૂટયા પણ ફરી પકડાયા અને એમને જર્મનીમાં યુદ્ધકેદીઓની છાવણીમાં મોકલી આપવામાં આવ્યા. ત્યાં સિનિયર અફસર તરીકે મેજર કુમારમંગલમે યુદ્ધકેદીઓના જુસ્સા ને શિસ્તને છેક સુધી ટકાવી રાખેલા.



ઈ.૧૯૪૫માં એ કેદમાંથી છૂટી તેઓ હિંદ પાછા ફર્યા. એ જ વર્ષે જુલાઇમાં લેફ. કર્નલના દરજ્જામાં તેઓ બ્રિગેડીઅરોની કમિટીમાં સભ્ય બન્યા. ૧૯૪૫ થી ૧૯૪૭ દરમિયાન

તારા-પરિચય-૭



સ્વાતિ પછી હવે પૂર્વમાં થોડે દૂર સુધી મધ્યાકાશે કોઈ એટલો તેજસ્વી તારો નથી. અને નજીકનાં તારામંડળો ઝાંખા તારાવાળાં તથા વધુ વિસ્તૃત હોઈ નકશાની મદદ વિના ઓળખવા કઠિન છે. નકશામાં શૌરિને નામે જે મંડળ ઓળખાવ્યું છે એને દક્ષિણાભિમુખ થઇને જોતાં એમાં પશ્ચિમમાં હર્ક્યુલસ(Hercules)ની આકૃતિ કલ્પે છે. એ જ રીતે જોતાં આપણે એમાં કાલીય નાગને નાથનાર કૃષ્ણ (શૌરિ)ની આકૃતિ બેસારીએ છીએ. આપણો સૂર્ય સપરિવાર એક સેકંડના બાર માઈલના વેગે આ શૌરિ તરફ જઈ રહ્યો છે. આ મંડળમાં 'મે-૧૩' (M–13) નામે એક તારાગુચ્છ છે. નરી આંખે એક ઝાંખા તારા જેવું લાગતું એ ગુચ્છ આપણાથી ૨૩,૦૦૦ પ્રકાશ વર્ષ દૂર છે અને એમાં ૫૦,૦૦૦થી યે વધુ તારાઓ છે.

શૌરિ અને ભૂતેશની વચ્ચે ઘોડાની નાળના આકારનું એક નાનું તારામંડળ છે. એ છે કિરીટ (Corona). એમાં મધ્યનો ચળકતો તારો 'કોહીનૂર' નામે ઓળખાય છે.

શૌરિની બીજી તરફ ચળકતા તારાઓનું એક સુંદર નાનકડું વીણા(Lyra) નામનું મંડળ છે. એમાં એક અત્યંત તેજસ્વી તારો છે. એનું નામ અભિજિત (Vega). આકાશમાં સૌથી વધુ ચળકતા ૨૦ તારાઓમાં એનો ચોથો ક્રમ આવે છે. સૂર્ય કરતાં એ ૬૩ ગણો તેજસ્વી છે ને આપણાથી ૨૬ પ્રકાશવર્ષ દૂર છે. વીણા-મંડળમાં એક કંકણાકાર નિહારિકા (Ring-Nebula) છે. મોટાં દૂરબીન વડે જ એ જોઈ શકાય. આપણાથી તે ૫૪૦૦ પ્રકાશવર્ષ દૂર છે. વીણા મંડળના બે ઝાંખા તારાઓમાં એક યુગ્મ તારો છે. એકબીજાની આસપાસ ફરતી એ તારાજોડ દર તેર દિવસે જ્યારે આપણી નજરથી એકબીજાને ઢાંકી દે છે ત્યારે એનું તેજ ઝાંખું પડી જતું જોઈ શકાય છે.

હાલ આકાશગંગાના પટના બીજા અરધનો ભાગ જોવા મળે છે

એમણે ૯મી સ્વતંત્ર ફીલ્ડ રેજિમેન્ટનું સંચાલન કર્યું હતું. ૧૯૪૭માં મુંબાઈમાં એમણે સંયુક્ત યુદ્ધ-કવાયતોમાં પણ ભાગ લીધો હતો. ૧૯૪૮ના જુલાઈમાં તેઓને બ્રિગેડીઅરના દરજ્જામાં દેવલાલીની આર્ટિલરી શાળાના કમાન્ડન્ટ બનાવવામાં આવ્યા. જાન્યુઆરી ૧૯૪૮-માં લશ્કરી વડા મથકમાં આર્ટિલરીના નિયામક, '૪૯માં ફરી આર્ટિલરી શાળાના કમાન્ડન્ટ, ઑગસ્ટ ૧૯૫૦માં પશ્ચિમ કમાન્ડમાં આર્ટિલરી વડા મથકના બ્રિગેડીઅર અને ડિસેમ્બર ૧૯૫૦માં લશ્કરી વડા મથકમાં આર્ટિલરીના નિયામક બન્યા હતા. ૧૯૫૫માં તેઓ એક સ્વતંત્ર પારા બ્રિગેડના કમાન્ડર તરીકે પણ સેવા આપી.

સપ્ટેમ્બર ૧૯૫૬માં એમને મેજર જનરલ તરીકે બઢતી આપી એક ઇન્ફન્ટ્રી ડિવિઝનના કમાન્ડર બનાવાયા. ૧૯૫૯માં તેઓ વેલિંગ્ટન ખાતેની સંરક્ષણ સેવા સ્ટાફ કૉલેજના કમાન્ડર બન્યા હતા. આ સ્થાન ઘણું મહત્ત્વનું છે. કેમકે આ સંસ્થામાં ભવિષ્યના કમાન્ડરોને ઉચ્ચ કક્ષાની વ્યૂહરચનાઓ, વહીવટી તાલીમ અને યુદ્ધસંચાલનનું શિક્ષણ આપવામાં આવે છે. છેલ્લે પાકિસ્તાનના આક્રમણ સામે જે બટેલિયનો લડેલી એના કમાન્ડરો કુમારમંગલમ્ પાસે તાલીમ પામેલા હતા. ઑક્ટોબર ૧૯૫૯માં તેઓ લશ્કરી વડા મથકમાં એડજ્યુટન્ટ જનરલ તરીકે પાછા આવ્યા હતા. મે ૧૯૬૩માં પૂર્વ કમાન્ડના જનરલ ઑફિસર કમાન્ડિંગ-ચિફ-બનાવવામાં આવ્યા. નવેમ્બર ૧૯૬૪માં ભૂમિદળના નાયબ(ડેપ્યુટી) અને ૧૫મી જાન્યુઆરી ૧૯૬૫ના રોજ તેઓ ભૂમિદળના નાયબ (વાઈસ) વડા બન્યા હતા.

જનરલ કુમારમંગલમે ૧૯૪૭-'૪૮માં અમેરિકામાં ઑક્લોહામામાં ફિલ્ડ આર્ટિલરી શાળા ખાતેના અફસરો માટેના ઉચ્ચ તાલીમ કાર્યક્રમમાં અને ૧૯૫૮માં બ્રિટનમાં ઇમ્પિરીઅલ ડિફેન્સ કૉલેજ ખાતેના અભ્યાસક્રમમાં ભાગ લીધો હતો. ૧૯૩૦-'૩૪માં બ્રિટનમાં લાર્કહિલ ખાતેના એક અભ્યાસક્રમમાં, ૧૯૩૭માં પૂના ખાતેના 'ઇન્ટેલીજન્સ' અભ્યાસક્રમમાં અને ૧૯૪૭માં ચકલાલા ખાતેના 'પારા' અભ્યાસક્રમમાં પણ ભાગ લીધો હતો.

પાકિસ્તાન સામેની લશ્કરી વ્યૂહરચના ઘડવામાં તેમ જ તેના અમલમાં પણ એમનો મોટો ફાળો હતો. જનરલ ચૌધરીએ પોતાના અનુગામી તરીકે સરકારને એમનાં વિષે ખાસ ભલામણ કરી હતી ને સરકારે પહેલી ફેબ્રુઆરીએ એમની નિમણૂક જાહેર કરી.

જનરલ ચૌધરી લશ્કરી જીવનના ૩૫ વર્ષના અનુભવી અને દુનિયાના છ ટૅન્ક-યુદ્ધનિષ્ણાતોમાંના એક હતા તો કુમારમંગલમ્ પાસે ૩૩ વર્ષનો અનુભવ અને એક ઉસ્તાદ તોપચી તરીકેની કારકિર્દીનું ભાથું છે. એમનું મન એમના શરીર જેવું જ પહાડી ને ખડતલ છે. તેઓ વિનયી, મિતભાષી અને ખૂબ જ વિચારશીલ, મહેનતુ અને સ્વસ્થ છે. હાથ નીચેના માણસોનો પૂરતો ખયાલ રાખે છે અને જરૂર પડે એટલી જ સખતાઈ પણ દાખવી શકે છે. ચીની આક્રમણ સામે રકાસ પામેલી ભારતીય સેનાએ પાકિસ્તાન સામે જે ટૈવત બતાવી આપ્યું છે એને સજાગ કરવામાં કુમારમંગલમ્ જેવા અમલદારોનો ઘણો મોટો હિસ્સો છે. ભારતના ભૂમિદળમાં તેઓ અચૂક આગવી છાપ પાડશે એમ કહી શકાય.

લશ્કરી કામગીરી ઉપરાંત એમને પિતાની પેઠે ક્રિકેટનો પણ શોખ છે, પણ 'પોલો'ની રમતનો એમને વધુ ચાહ છે. ઘોડા અને કૂતરા એમને બહુ ગમે છે. એમ.સી.સી. અને રૉયલ હૉર્ટિકલ્ચર સોસાએટીના તેઓ સભ્ય છે. એમના વિચારો ચીલાચાલુ કે રૂઢિચુસ્ત નથી, અને કદાચ એટલે જ એમણે પત્નીની પસંદગી પારસી કોમમાંથી કરી છે.


'ગ્લાસ સ્નેઈક'



'ગ્લાસ સ્નેઈક' નામે ઓળખાતો સાપ જેવો જ એક જીવ અમેરિકામાં થાય છે. સાપની પેઠે જ શરીરના વળાંકા લઈને એ ચાલે છે. સાપની માફક જ એની જીભ સતત લબકારા મારે છે. પણ એ કરડતો નથી. એની મોંફાટ પણ સાંકડી હોઇ એ અળશિયાં વગેરે જેવાં કુમળા શરીરવાળાં નાનાં જીવ-જીવડાં ખાય છે. એની આંખો પર પોપચાં હોઈ એ એને ઉઘાડ-બંધ કરે છે અને વળી, એને કાનને સ્થાને કાણાં પણ હોય છે. એના શરીરના બે ટુકડા થઈ જાય છતાં એ મરતો નથી. કપાએલો ભાગ થોડા સમયે ફરી ઊગી નીકળે છે.

હકીકતે એ સાપ નથી, પણ આંખ પર પોપચાં, માંસલ જીભ, કાનનાં કાણાં અને કરોડવાળી ગરોળીની પગ વિનાની એક જાત છે. યુરોપમાં પણ એ જોવા મળે છે અને 'સ્લૉ-વૉર્મ' નામે ઓળખાય છે. એનો પૂછડીનો ભાગ અત્યંત નાજુક છે અને ગરોળીની પૂછડી પેઠે એ કપાઇ જાય છે ને ફરી ઊગી નીકળે છે.

બહુધા:એ કોઈ ઢેખાળા કે સાંગી પડેલા થડિયાની ઓથેથી મળી આવે છે. એનાં બચ્ચાં જન્મે ત્યારે શરીર પર કાળી-પીળી ઊભી લીટીઓ હોય છે. પુખ્ત જીવ બદામી રંગનો ને કયારેક આસમાની ટપકાંવાળો હોય છે. લંબાઇમાં ચૌદેક ઈંચના એના શરીરમાં લગભગ અરધો ભાગ તો પૂછડી જ રોકે છે. અમેરિકાના 'ગ્લાસ સ્નેઈક' આની જ એક જાત છે. દક્ષિણ-પશ્ચિમ યુરોપમાં એક, ઇન્ડો-ચાઈનાની સરહદ પર બે અને ઉત્તર અમેરિકામાં એક મળી એની ચારેક જાત થાય છે. તેઓ ગરોળી, નાના ઊંદર અને ક્વચિત નાના સાપ પણ ખાય છે.



ઉપર ડાબી બાજુ: પેન્સિલ નહિ, રેડિયો ટ્રાન્સમીટર છે. એમાં માખી જેવડો શંકુ આકાર ભાગ બંદૂકની ગોળી સાથે ફેંકાય છે ત્યારે એ દોડતી ગોળીનું ઉષ્ણતામાન જણાવે છે. અને (જમણી બાજુ) આંગળીના નખ પર મૂકેલો ટચૂકડો વીજળીનો દીવો મજ્જાતંતુ-સંશોધનોમાં ટચૂકડા પેંડાઓને અજવાળે છે.

કૅલિકૉથ-ડોમ



અમદાવાદની કલિકો મિલે એક વિશિષ્ટ પ્રકારના શો રૂમ બનાવ્યો છે. શરણાઈની સૌમ્ય સૂરાવલિ વચ્ચે વાયુ અનુકૂલિત વાતાવરણમાં ગ્રાહક પોતાનું મનપસંદ કાપડ આનંદથી ખરીદે એ જ એકમાત્ર તેનું ધ્યેય નથી. 'ઉત્પાદકનું કામ ફક્ત કાપડ પૂરું પાડવાનું જ નહિ, પણ એ કાપડની માંગ કેમ વધે એ જોવાનું પણ છે'–એવા ખયાલ સાથે કલિકો મિલ અદ્યતન ટેક્નૉલૉજી અને ફૅશનના પરિપાક રૂપ શોધાએલી કાપડની નવીનવી જાત ચાલુ કરવા અને તેને વધુ લોકપ્રિય બનાવવા સાથે એક 'બજાર-સંશોધન-કેન્દ્ર' તરીકે એનો ઉપયોગ કરે છે. ઑર્ગેન્ડી, વૉશ ઍન્ડ વેર, ક્રીઝ રેઝિસ્ટિંગ, કૅલિક્રટ અને કૅલિસિન્થ જેવી કાપડની પોતાની કેટલીક વિશિષ્ટ જાત સાથે એમણે નિષ્ણાત કટર પાસે ડિઝાઇન કરાવીને, સહેલાઈથી ધોઇ નાખી શકાય એવા રંગમાં એને છાપીને બુશ-શર્ટ માટેનું એક નવું કાપડ 'કૅલિકૉથ ઈ–ટાઈપ' પણ આ 'ડોમ'માંથી બજારમાં મૂક્યું છે. એ કાપડ પર દર્શાવેલી રેખાઓ પ્રમાણે કાપ મૂકીને પોણાચાર વાર કાપડમાંથી બે બુશ-શર્ટ બનાવી શકાય છે. સામાન્યતઃ એ માટે સાડાચારથી પાંચવાર કાપડ જોઇએ. એ રીતે કાપડમાં કરકસર તો થાય છે જ, ઉપરાંત ઘરઆંગણે પણ એ સીવી લઈ શકાય છે.

આ નવા શો-રૂમની બાંધણી વિશિષ્ટ છે. હળવા વજનની નળીઓ પર આધારિત ઘુમ્મટ આકારની એની બાંધણી આ પ્રકારની રચનામાં કદાચ વધુમાં વધુ કાર્યસાધક છે. પ્રો. બકમિન્સ્ટર ફુલરના જીઓડેસિક ડોમ (જેનો પરિચય અમે 'કુમાર'ના ૪૧૮મા અંકમાં આપી ગયા છીએ તે ઘુમ્મટ)ના ભૌમિતિક સિદ્ધાંત પર રચાએલા માળખા પરથી આની રચના વિકસાવવામાં આવી છે. આ જ પ્રકારે કૅલિકો મિલે અગાઉ પોતાના પ્રવાસી પ્રચાર કાર્ય માટે બે મોટા ઘુમ્મટ બનાવેલા. એ પહેલાં એને માટે નાના પ્રાયોગિક નમૂનાઓ તૈયાર કરેલા. સૌપ્રથમ, શરબત પીવા માટેની પોલી સળી-ડ્રિંકિંગ સ્ટ્રૉ-વડે ઈ. ૧૯૫૬માં બે ફૂટના વ્યાસનો એક નાનો નમૂનો તૈયાર કર્યો. એ પછી પોલાદી તારના ટુકડાઓ જોડી છએક ફૂટનો બીજો નમૂનો બનાવ્યો ને એના પરથી છેવટે ૧૯૫૬–'૫૭માં કૅલિકૉથના ફરતા પ્રદર્શન સારુ એક મોટો ઘુમ્મટ તૈયાર કરેલો. એમાં પણ થોડા વધુ સુધારા કરી એક સો ફૂટ જેટલા વ્યાસનો ને છત્રીસ ફૂટ ઊંચો એક બીજો ઘુમ્મટ પણ બનાવ્યો. એના માળખામાં પોણો ઇંચ ને બે ઇંચ પહોળી પોલાદી નળીઓ વાપરી હતી અને એના પર પાણીથી ન ભીંજાય એવા કૅનવાસનું આવરણ લગાડયું હતું. પહેલા ઘુમ્મટ કરતાં પણ કુલ અરધી લંબાઈની નળીઓ જ એમાં વાપરી હતી, એટલું જ નહિ આવરણના કાપડમાં પણ ત્રીસેક ટકાનો બચાવ કર્યો હતો. વળી એને ઊભો કરવામાં અને સંકેલી લેવામાં પણ પહેલા કરતાં અરધો જ સમય લાગતો હતો. અને એનો બધો અસબાબ એક મોટર ટ્રકમાં આવી રહે એટલો જ હતો. ગમે ત્યારે ઊભો કરાય કે પુનઃ સંકેલી લેવાય એવી એની રચના હોઈ હેરફેર ને વારંવારના વપરાશ સામે ટકી રહે એ માટે એની નળીઓ પોલાદની રાખી હતી દર ચોરસ ફૂટે માત્ર ૦·૬૫ રતલ જેટલું જ એનું વજન હતું અને છતાં કલાકે ૮૦ માઈલની ઝડપે ફુંકાતા પવન સામે પણ ટકી રહે એવી એની મજબૂતાઈ હતી.

અને હવે એ જ સિદ્ધાંત પર આ નવા શો-રૂમ માટે એક કાયમી ઘુમ્મટ બનાવાયો છે. જોડાણના સાંધાઓ ઉપર માત્ર એક એક બોલ્ટ વડે જોડાતી નળીઓના આધારે ટકી રહેલા, ૬૦'×૬૦'ના વિસ્તાર પર ફેલાએલા આ નવા ઘુમ્મટ પર બધા પ્રકારનાં હવામાન સામે ટકી રહે એવા પ્લાઈવૂડનું આવરણ છે. આમ, સરવાળે અત્યંત કરકસરભરી આવી રચના એની ઉપયોગિતાની સાક્ષી પૂરવા સાથે એના બીજા પણ અનેક પ્રકારના ઉપયોગો સુઝાડે છે.

'અમદાવાદના મિનારા કેમ હાલે છે?' 'કુમાર' અંક ૫૦૯—મે ૧૯૬૬માં માધુકરી વિભાગમાં પ્રકટ થએલી નોંધ મૂળ 'ગુજરાત સમાચાર'માં શ્રી કાન્તિલાલ સોમપુરાએ લખેલી છે.

એક માસની રજા આપવા વિનંતી કરતાં સૈનિકે પોતાના કમાન્ડિંગ અધિકારીને કહ્યું: 'ઘર રીપેર કરાવવા માટે મારી પત્નીને મારી મદદની ખૂબ જરૂર પડી છે.'

અફસરે કહ્યું: 'હું તમને રજા નહિ આપું, કેમ કે હમણાં જ મને તમારી પત્નીનો પત્ર મળ્યો છે જેમાં એણે ભારપૂર્વક તમને ઘેર નહિ આવવા દેવા મને વિનંતી કરી છે.'

સલામ કરી પાછા ફરતાં સૈનિકે કહ્યું: 'સર, આપણા યુનિટમાં બે જણા જુઠ્ઠા છે, જેમાંનો એક હું છું. કેમ કે હજી મેં લગ્ન જ કર્યાં નથી.'

વૈશ્વિક વિકિરણ


રેડિયમની શોધ પછી, વિકિરણ (રૅડીએશન) વિષેના સંશોધનોમાં વિજ્ઞાનીઓ મચી પડયા. એમણે જોયું કે જમીનની નજીક તેમાં વધારો તથા ઊંચે જતાં ઘટાડો થતો લાગે છે. સદીના આરંભમાં વાતાવરણીય ભૌતિકશાસ્ત્રના નિષ્ણાત એક જર્મન વિજ્ઞાની આલ્બર્ટ ગૉકેલે બલૂનમાં બેસી વધુ ઊંચાઈએ જઇ વિકિરણને લગતાં નિરીક્ષણો કર્યા. એણે તો માનેલું કે ઊંચાઈની સાથે ઘટતું જતું વિકિરણ અમુક ઊંચાઈએ તદ્દન ખલાસ થઈ જશે; પણ પછી જણાયું કે તદ્દન ઓછા વિકિરણવાળા વિસ્તારથી યે વધુ ઊંચે જતાં તો એ પાછું વધવા માંડે છે! એ પરથી એણે વિચાર્યું કે એ વિકિરણ અનંત વિશ્વમાંથી ક્યાંકથી પૃથ્વી પર આવે છે. એમના એ ખયાલને એ વખતના વિજ્ઞાનીઓએ સ્વીકાર્યો નહિ; પણ આગળ જતાં એના એક શિષ્યે વૈશ્વિક વિકિરણની શકયતાને પુરવાર કરી આપી.

જોકે 'વૈશ્વિક વિકિરણ'–કૉસ્મિક રૅડીએશન–એવું નામ અંશતઃ બંધબેસતું નથી. હકીકતે આ વિકિરણ પૃથ્વી પર થતું નથી પણ પૃથ્વી પર અણુરજનો સતત મારો થતો રહે છે. એની સંપૂર્ણ માહિતી હજી કદાચ નથી મળી, પણ મનાય છે કે તેમાં ૮૦ ટકા પ્રોટોન, અને ૨૦ ટકા બે પ્રોટોન અને બે ન્યૂટ્રોનના સંયોજન મિશ્રણ છે. પ્રકાશના વેગ કરતાં એનો વેગ પોણા ભાગનો છે; અને પડતા પદાર્થની શક્તિ એના પ્રવેગના વર્ગ જેટલી વધે છે એ રીતે જોતાં આ વૈશ્વિક રજની શક્તિ ગજબનાક જેને છે. વિજ્ઞાનીઓની ગણતરી મુજબ વૈશ્વિક રજ (પાર્ટિકલ)ની શક્તિ $૧૦^{૧૯}$ ઈલેક્ટ્રોન વૉલ્ટ જેટલી થાય છે. (એક ઇલેક્ટ્રોન વૉલ્ટ એટલે એક વૉલ્ટની બૅટરીમાં ઋણધ્રુવ તરફથી ધનધ્રુવ તરફ જતા ઈલેક્ટ્રોન (વીજાણુ)ને જોઈએ એટલી શક્તિ.) એ રીતે તો આ વૈશ્વિક મારામાં ઈલેક્ટ્રોન વૉલ્ટ કરતાં તો અબજોગણી શક્તિ થઈ.

આટલી પ્રચંડ શક્તિભર્યા પ્રક્ષેપ ફેંકી શકે એવા કોઇ આકાશીય સ્રોત આપણી જાણમાં નથી. સૂર્ય તો એ માટે તદ્દન ઠંડો ગણાય અને વધુમાં વધુ ગરમી ધરાવતો અન્ય એવો કોઇ તારો પણ જાણમાં નથી કે જે આટલી પ્રચંડ શક્તિવાળો મારો ચલાવી શકે. એક એવો સિદ્ધાંત પણ રચાયો કે વિશ્વના ઉત્પત્તિકાળે ફાટી પડેલા કોઈ આદિ કેન્દ્રિય તેજોમેઘના શેષભાગ રૂપ એ પ્રોતાણુ (પ્રોટોન્સ)નો પ્રક્ષેપ થતો હશે, અને આપણા વિશ્વ તરફ આવતો હશે.

આ પ્રોતાણુ, હવાના અણુના ગર્ભને વિચ્છિન્ન કરી નાખે છે ને એ રીતે આ સાથેની આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે એ વિચ્છેદનક્રિયાની આખી હારમાળા સર્જાય છે. ભાંગેલો અણુગર્ભ મોટે ભાગે ઇલેક્ટ્રૉન, પોઝિટ્રોન અને મેસોનના રૂપમાં એક સેકંડનાયે અબજોમા ભાગમાં વિખાઈ જાય છે અને પરિણામે એક અત્યંત ઝડપી કંપ-લહરી (હાઈ ફ્રીક્વન્સી-એક સેકંડમાં $૨{\cdot}૪૭\times૧૦^{૨૦}$) જેટલી ઉત્પન્ન થઈ વૈશ્વિક વિકિરણમાં પરિણમે છે. વિકિરણની આ અતિ તેજ કંપલહરીના પ્રકાશકણો (ફોટોન) પુનઃ વિવિધ વસ્તુભાર (માસ) અને વીજભાર (ચાર્જિઝ)વાળા મેસોન, ઇલેક્ટ્રોન અને પોઝિટ્રોનમાં ફેરવાય છે. મનાય છે કે આ રૂપબદલાની પ્રક્રિયામાં અમુક શક્તિનું 'ન્યૂટ્રિનો' નામે કણમાં પણ રૂપાંતર થાય છે.

વસ્તુભારમાંથી વિકિરણમાં ને વિકિરણમાંથી વસ્તુભારમાં થતા ફેરફારની આ પ્રક્રિયા પંદરેક વાર થાય છે અને એક પ્રોટોનમાંથી ૭૫ ટકા મેસોન અને ૨૫ ટકા ઇલેક્ટ્રોનનો એક સો ચોરસ મીટર જેટલા વિસ્તારમાં છંટકાવ (શાવર) થાય છે. દરમિયાન એમની ગતિના પ્રમાણમાં ગણનાપાત્ર ઘટ આવી ગયા પછી યે જમીન પર ફેંકાતા એ રજમાં હજી યે એટલી શક્તિ ભરી છે કે તે દરિયાની સપાટી પરસીસા-



વાતાવરણના અણુને અંતરીક્ષમાંથી આવતો પ્રોટોન (આકૃતિમાં ઉપર મધ્યમાં) અથડાતાં એમાં વૈશ્વિક વિકિરણની પ્રતિક્રિયાનો આરંભ થઇ એની હારમાળા શરૂ થઈ જાય છે, અને એ રીતે ઇલેક્ટ્રોન (ઇ), ફોટોન (ફો), મેસોન (મે), પોઝિટ્રોન (પો) તથા ન્યૂટ્રિનો (ન્યૂ) છૂટા પડે છે.

ના ૭ ઇંચ જાડા થરને ભેદી શકે છે. તમે આ લખાણ પૂરું વાંચી રહો એ દરમિયાન સેંકડો–બલ્કે હજારો મેસોન ને ઇલેક્ટ્રોન તમારી ખોપરીમાં દાખલ થઈ આખું શરીર વીંધી તમારા પગને તળિયેથી બહાર નીકળી ગયા હશે. અલબત્ત, આ પ્રક્ષેપ હાનિકારક નથી. નહિ તો તો તમે આ પાનું વાંચતા પણ શાના હો? આપણી પૃથ્વી પરના જીવનનો સમગ્ર વિકાસ વૈશ્વિક વિકિરણના આ અસ્ખલિત વર્ષાવમાં થતો રહ્યો છે.

આપણા શરીરમાં પણ આ ફેંકાઈ આવતો દરેક મેસોન અથડાય ત્યારે શરીરના અણુગર્ભને પણ એ વિછિન્ન કરી નાખે છે. એવી ગણતરી છે કે આ કૉસ્મિક રૅડીએશનને કારણે આપણા શરીરમાં એક સેકંડમાં લગભગ એક હજાર અણુવિસ્ફોટ થાય છે. એટલે કે આપણે સૌ એક સેકંડે ૧૦૦૦ વિખંડન (ફિઝન)ની શક્તિશાળી હાલતીચાલતી અણુભઠ્ઠી છીએ! પણ આપણું શરીર $૧૦^{૨૮}$ અણુનું બનેલું છે અને ઑક્સિજન તથા ખોરાકના સત્ત્વ દ્વારા તે સતત પોતાની અણુખોટ પૂરતું રહે છે. (એકાદ ચમચી ખોરાક બરાબર ૫,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦–પચાસ અબજ અબજ અણુઓ.) એટલે એક સેકંડે ૧૦૦૦ અણુવિસ્ફોટની કંઈ અસર આપણને જણાતી નથી.

માણસની જાણમાં વૈશ્વિક વિકરણ એ સૌથી વધુમાં વધુ શક્તિનો સ્રોત છે. આપણને મળતી સૂર્યશક્તિ તો એની પાસે તદ્દન નાચીઝ લાગે. વિજ્ઞાન જો પૂરતી પ્રગતિ સાધે તો આવતી સદીમાં કદાચ માણસ તેલ, વીજળી કે અણુશક્તિના બદલે પોતાનાં યંત્રો આ વૈશ્વિક કિરણોથી ચલાવતો હશે અને એ માટે કદાચ ઊંચે આકાશમાં કૃત્રિમ ચંદ્ર રૂપે તરતાં મૂકેલાં વીજોત્પાદકો વૈશ્વિક વિકિરણને માણસની સેવામાં શક્તિ રૂપે વરસાવતા હશે.

આ માસ (જુલાઇ) ઇતિહાસમાં·વ્યક્તિવિશેષ·દિનવિશેષ·પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૨ હોમીઓપથીની ઉપચાર પદ્ધતિના શોધક સૅમ્યુઅલ હાનેમાનનું અવસાન, ૧૮૪૩.
તા. ૭ દાદાભાઈ નવરોજી બ્રિટિશ પાર્લામેન્ટની ચૂંટણીમાં જીતીને તેના સભ્ય બન્યા, ૧૮૯૧
તા. ૮ ત્રણ વહાણોમાં ૧૭૦ માણસો લઇને વાસ્કો-ડા-ગામા હિંદ શોધવા નીકળ્યો, ૧૪૯૭.
તા. ૧૧ ગુજરાતના જાણીતા પારસી સાક્ષર બહેરામજી મલબારીનું અવસાન, ૧૯૧૧.
તા. ૧૯ હિંદુસ્તાનમાં પહેલવહેલો ઈન્કમ ટૅક્સનો કાયદો અમલમાં આવ્યો, ૧૮૬૦.
તા. ૨૯ પહેલવહેલું ગુજરાતી દૈનિક પત્ર 'સમાચાર દર્પણ' શરૂ થયું, ૧૮૪૯.
તા. ૩૧ બૉય સ્કાઉટના સ્થાપક રૉબર્ટ બેડન-પોવેલે એ પદ્ધતિનો આરંભ કર્યો, ૧૯૦૮.

વ્યક્તિવિશેષ : જ્યૉર્જ ઇસ્ટમૅન

ફોટા-જગતમાં દુનિયાભરમાં જેનું નામ વિખ્યાત છે એ 'કોડાક' કંપનીના સ્થાપક અને એના દ્વારા ફોટોગ્રાફીમાં અનેક અવનવી દેણગી કરનાર જ્યૉર્જ ઇસ્ટમૅનનો જન્મ ઈ. ૧૮૫૪ની ૧૨મી જુલાઇએ થયો હતો. એની સાત વર્ષની વયે પિતાનું અવસાન થતાં વીશી ચલાવીને માતાએ ત્રણ બાળકોને ઉછેર્યાં. નાના જ્યૉર્જને કુટુંબની આર્થિક સ્થિતિનું પૂરું ભાન હતું અને એટલે ભણવા સાથે કામની જે કંઇ તક મળે તેમાંથી એ પૈસા પેદા કરી માને મદદ રૂપ બનતો.



ખપ જોગું ભણી લઇ એણે એક વીમા કંપનીમાં ચિઠ્ઠીચપાટી ફેરવવાની નોકરી આરંભી. નવરાશને સમયે ચોપડીઓ મૂકવાની છાજલી બનાવી ઘેરઘેર ફરીને એ વેચી થોડી પૂરક આવક પણ એ કરતો. પોતાનો માલ ખપાવવાની એની આવડત અને કરકસર કરવાની તથા પાઇએપાઇનો ચીવટપૂર્વક હિસાબ રાખવાની એની ખાંખતથી ઓગણીસ વર્ષની વયે એણે પોતાને નામે થોડી શી જમીન પણ લીધી હતી.

ઈ. ૧૮૭૪માં રૉચેસ્ટર સેવિંગ્સ બૅંકમાં એને વાર્ષિક ૮૦૦ ડૉલરની નોકરી મળી. રજાઓમાં એણે સાન્ટો ડોમિંગો ટાપુના પ્રવાસે જવાનું વિચાર્યું ને ત્યાં ફોટો પાડવા એણે ફોટોગ્રાફીની સામગ્રી ખરીદીને એ અંગે જ્ઞાન મેળવવા માંડ્યું. આમાં એને એટલો તો રસ પડયો કે એણે પોતાનો પ્રવાસ રદ કરી બધો સમય ફોટોગ્રાફી પાછળ જ ગાળી, એ સમયે એ વિષે જે કંઇ જ્ઞાત હતું તે બધું જાણી લીધું. એ કાળમાં ફોટોગ્રાફી કરવી હોય તો એનો બધો અસબાબ, કૅમેરા, કાચની પ્લેટો, દવાઓ, ડાર્કરૂમનો તંબૂ વગેરે બધું સાથે ફેરવવું પડતું. એ વખતે કાચ પર તાજી જ દવા ચોપડી ફોટો લેવાતો હતો એટલે એ 'વેટ પ્લેટ' પદ્ધતિ કહેવાતી. આને બદલે દવા ચોપડી અગાઉથી તૈયાર કરી રાખેલી પ્લેટો બનાવવાની દિશામાં કેટલાક પ્રયત્નો થયા હતા. એને 'ડ્રાય પ્લેટ' પદ્ધતિ કહેતા. ઈસ્ટમૅને એ માગે મહેનત કરી ઘરઆંગણે હેન્રી સ્ટ્રૉંગ નામે એક માણસનો સાથ લઈને 'ઇસ્ટમૅન ડ્રાય પ્લેટ કંપની'ને નામે એમણે કમાણી કરવા માંડી. માલની ખપત વિષે તો શંકા જ નહોતી. આમાં સારી કમાણી થઈ. વધુ ભાગીદારો ભેળવી એણે 'ઈસ્ટમૅન ડ્રાય પ્લેટ ઍન્ડ ફિલ્મ કંપની' નામે ધંધાને વધુ વિકસાવ્યો. અને 'નૅગેટિવ પેપર'ના રોલ બનાવવા માંડયા. એથી ફોટો પાડવાનું વધુ સરળ બન્યું. વળી, આ દરમિયાન, પોતાનાં ઉત્પાદનો માટે કોઇ પણ ભાષામાં ઉચ્ચારી શકાય એવું અને તદ્દન સરળ જોડણીવાળું એક નામ પણ એણે શોધી કાઢયું અને તે પછી 'કોડાક' નામ છેક આજ સુધી ફોટો જગતમાં અગ્ર રહ્યું છે.

એ પછી એણે 'કોડાક કૅમેરા નં. ૧' બજારમાં મૂકયો. પછી તો કોડાક કંપનીએ પારદર્શક ફિલ્મ પણ બનાવી. એડિસનની ચલચિત્રની શોધમાં એ ફિલ્મ જ ઉપયોગમાં લેવાઈ હતી. ને આમ, ઉત્તરોત્તર ઇસ્ટમૅને ફોટોગ્રાફીના ક્ષેત્રમાં જે અવનવી શોધો મૂકવા માંડી એ 'કોડાક'ના નામનીચે જગતભરમાં પ્રસિદ્ધ છે.

પણ ઈસ્ટમૅને ધંધા અને શોધખોળો ઉપરાંત પોતાની સાથે સંકળાએલા લોકોનો પણ પૂરતો ખયાલ રાખેલો. પોતાના માણસો માટે નિવૃત્તિ ભંડોળ, જિંદગીનો વીમો, સારી કામગીરી બદલ પુરસ્કાર ને નફામાંથી લાભ આપવાની પ્રથાનો પ્રારંભ એમણે કરેલો. જાતજાહેરાતથી એ સદા દૂર રહેતા. શિકાર અને સંગીત સાંભળવાનો એમને શૉખ હતો. જીવનભર એ અપરિણિત રહ્યા હતા. એમના મિત્રમંડળમાં અનેકવિધ ક્ષેત્રની નામાંકિત વ્યક્તિઓ હતી. શિક્ષણ સંસ્થાઓને એમણે કરોડો ડૉલરનું દાન આપ્યું હતું અને અનેક વિદ્યાર્થીઓને 'મિ૦ સ્મિથ'ને નામે ખાનગીમાં શિષ્યવૃત્તિઓ આપી ભણાવ્યા હતા. પણ હજી ગે પેલી હિસાબ લખવાની એમની ખાસિયત ગઈ નહોતી. પોતાની મરઘીઓએ કેટલાં ઈંડાં આપ્યાં ને બગીચામાં કેટલાં શાકભાજી ઊતર્યાં એની યે નોંધ એ એટલી જ ચીવટથી રાખતા.

ઈ. ૧૯૩૨માં થોડો સમય પથારીવશ રહી એ અવસાન પામ્યા.

પ્રસંગવિશેષ : સર કર્ઝન વાયલીનું ખૂન, ૧ જુલાઇ, ૧૯૦૯

સ્વાધીનતાની લડતોને માટે જુલાઇ માસ કંઈ વધુ ફળવંતો હશે ? અમેરિકા આ જ માસમાં સ્વતંત્ર થયું; ફ્રાંસની ઇતિહાસ પ્રસિદ્ધ લોકક્રાન્તિ આ જ મહિને આરંભાઈ અને બંગાળના ભાગલા સામે હિંદુસ્તાનમાં લોકલડતનાં મંડાણ પણ આ જ મહિનામાં થએલાં. રાષ્ટ્રીય ક્રાંતિના એ જુવાળ દરમિયાન હિંદમાં દેશભક્તો પર જે અમર્યાદ જુલમો થવા લાગ્યા એનાથી પ્રેરાઇ ઈંગ્લંડમાં હિંદી ક્રાન્તિકારીઓએ હિંદમાંની બ્રિટિશ નીતિનું નિયમન કરતા સર કર્ઝન વાયલીનું ખૂન કરવાનું નક્કી કર્યું. ત્યાં 'ઇંડિયા હાઉસ'માં 'અભિનવ ભારત'ની અઠવાડિક સભાઓમાં ઇંગ્લંડ ભણવા ગએલા કેટલા યે હિંદીઓ દેશને સ્વાધીન કરવાની પ્રેરણા મેળવતા. મદનલાલ ધીંગરા પણ એવો જ એક વિદ્યાર્થી હતો. અમૃતસરના એક શ્રીમંત પંજાબી ક્ષત્રિય કુટુંબનો ધૈર્યશીલ, મસ્તીખોર કુશાગ્ર બુદ્ધિવાળો એ વિદ્યાર્થી ટૂંક સમયમાં જ એ ક્રાંતિના રંગે રંગાઇ ગયો અને વાયલીના ખૂનનું કાર્ય એને સોંપાયું. ઈ. ૧૯૦૯ની પહેલી જુલાઇએ ઇન્ડિયન નૅશનલ એસોસીએશનના વાર્ષિક સમારંભમાં એને નિમંત્રણ હતું. ત્યાં વાત-વિનોદમાં તદ્દન સ્વસ્થ ને શાંત દેખાતો મદનલાલ વાયલીને એક બાજુ લઈ ગયો ને ધડાધડ ગોળીઓ છોડી એને ઠાર કર્યો ને પછી શાંતિથી હસતાં હસતાં એ તાબે થઈ ગયો. કોર્ટમાં વાંચવા તૈયાર રાખેલું નિવેદન તો પોલીસે જપ્ત કરી લીધું હતું એટલે એણે પોતાના પર અંગ્રેજોને કામ ચલાવવાના કોઇ પણ અધિકારને નકારતાં પોતાને ફાંસીએ ચડાવવા માગણી કરી કે જેથી એના દેશબંધુઓની અંગ્રેજો સામેની વેરવૃત્તિ વધુ પ્રબળ બને. મોતની સજાને એણે આભાર વ્યક્ત કરી ગંભીર સ્વીકારી અને ૧૬મી ઑગસ્ટે એ દેશને માટે હસતે મોંએ શહીદ થઈ ગયો.

-અનુષ્ટુપ-

ઇચ્છા ઝાઝી નહિ મારે, મુદ્રા તારી થઉં હરિ;
મટી કાગળ કોરો હું હૂંડી તારી રહું બની!

-સ્નેહરશ્મિ-

એક અમેરિકન વૈજ્ઞાનિકના મતાનુસાર રોજ એક પૅકેટ સિગરેટ પીનાર માણસના આયુષ્યમાંથી ૮ વર્ષનો અને બે પૅકેટ પીનારના આયુષ્યમાંથી ૧૮ વર્ષનો ઘટાડો થાય છે.

જહાજ ઊપડવાની તૈયારીમાં હતું ત્યાં એક સૈનિકે હાંફળાફાંફળા આવીને કહ્યું કે 'મારે આ જ જહાજમાં ઊપડવું જોઇએ, કેમ કે મને વધુ સમય મળ્યો નથી, ને મારે મારી માને મળ્યા વિના ચાલે તેમ નથી.' જહાજમાં બેઠકને અભાવે તેની માગણી નકારાઇ, ત્યારે ત્યાં ઊભેલા રૂઝવેલ્ટે પોતાની બેઠક તેને આપતાં કહ્યું: 'આમાં તો હોદ્દાનો સવાલ છે. હું તો માત્ર બ્રિગેડિયર જનરલ છું, પણ એ તો 'પુત્ર' છે. એનો હક્ક પહેલો લાગે.'



કલાકણિકા: ઈરાનનું પ્રાચીન માટીકામ તેના પરનાં સુશોભનોની સપ્રમાણ માંડણી ને મધુર રંગમેળ માટે ખ્યાત છે. એવા ૧૫-૧૬મી સદીના પાત્રમાંનું સુશોભન: સફેદ ભોંય પર લાલ ફૂળ ને વાદળી તથા લીલી વેલપત્તીઓની ગૂંથણી.

એકાક્ષરી પણ અનેકાર્થી શબ્દ

પા=ચોથો ભાગ; પગ, પાયો; લત્તો કે મહોલ્લો (વાણિયા પા); બાજુ કે તરફ (આણી પા) તમાકુ સાથે મેળવવાનો ગોળનો રસ પાસ; રક્ષણ કે પાલન કરનાર.

ફૂલની સુવાસ પવનથી
અવળી દિશામાં જઈ શકતી નથી,
પણ સદ્ગુણોની સોરભ તો
ચારે દિશામાં ફેલાય છે.

૧ ટન ખનિજ કોલસામાંથી આ બધું મળે છે:
૧૦ હજાર ધનફૂટ દીવાબત્તીનો ગૅસ
૨૫ પાઉન્ડ ઍમોનિયા સલ્ફેટ
૩ ગૅલન બેન્ઝૉલ - ૬ પાઉન્ડ ઍમોનિયા
૫ ગૅલન ડામર અને ૧૫૦૦ પાઉન્ડ કોક
(જે ભઠ્ઠીઓમાં બળાય છે.)

કહેવતોના અર્થ: 'એંઠું ખાય તે ચોપડયાને ભરોસે.'=લાલચનો માર્યો માણસ કશુંક અણછાજતું કામ કરે, અનાદર સહન કરે, ખુશામત કરે, સ્વમાન ગુમાવે અથવા અણઘટતી મહેનત કરે એ હલકી વૃત્તિ સચોટપણે દર્શાવતી આ કહેવતને મળતી બીજી કહેવતો: 'લીલાને ભરોસે ભેંસ ળાળામાં મોં નાખે'; 'પેઘ્યો આવે પરોણો, ને લપકે આવે ઢોર'; 'બ્રાહ્મણ સો ગાઉની ખેપ કરે તે દક્ષિણાની લાલચે' વગેરે.



દક્ષિણ યુરોપ અને આફ્રિકામાં થતો આ કરોળિયો પોતાના દર પર, મિજાગરા પેઠે લાળ વડે જડેલાં, ઉઘાડવાસ થાય તેવાં અજબ ઢાંકણાં રચે છે ને તેના પર શેવાળ પણ ઉગાડે છે, જેથી તે છૂપાં રહી શકે! તે એટલાં મજબૂત હોય છે કે માણસ યા પ્રાણીના પગતળે ચંપાવા છતાં ભાંગતાં નથી.

આપણે!

અમેરિકામાં છ કરોડ નેવું લાખ માણસો વર્ષમાં ૫૦૦ અબજ ડૉલરની કિંમતનો માલ પેદા કરે છે; યુરોપમાં સાત કરોડ વીસ લાખ કારીગરો ૧૮૦ અબજ ડૉલરની કિંમતનો માલ પેદા કરે છે; જ્યારે વીસ કરોડ ભારતવાસીઓ ફક્ત ૨૦ અબજ ડૉલરની કિંમતનો માલ પેદા કરે છે. કેટલો મોટો તફાવત!

ખિસ્સાની ઘડિયાળ વર્ષભર એકસરખી ટિકટિક કરે તો એમાં ૧૬,૦૧,૪૪,૦૦૦ વાર ટિકટિક થાય છે.



પાછળ પડેલા શિકારીને થાપ આપીને જંગલની ભુલભુલામણીમાંથી આ લોંકડી કયે રસ્તે બહાર નીકળી ગઈ તે શોધીને તમે શિકારીને બતાવી શકશો? પ્રવેશ આગળથી પેન્સિલનો લીટો દોરતા જઇને એ પ્રયત્ન કરી જુઓ.

OUR FRIENDS ABROAD

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

નવા જર્મન પત્રમિત્રો

દરેક સરનામાને છેડે Germany ઉમેરવું. કૌંસમાં આપેલા આંકડા ઉંમરના છે અને F=Female અને M=Male એમ જાતિ દર્શાવી છે.

34. Reintrant Wien, 56 Wn.-Barmen, Gosenburg 103, (15), music, reading, coins, stamps, sports. 35. Susanne Pistorins, 56 Wappertal-Elberfeld, Metzmachersrath 26, (16), music, reading. 36. Johanna Bleg, 8858 Neuburg/Donau, Bahnhopbrape B 120 1/f, (F–15), knitting, sewing, reading, modern music. 37. Angelika Bleg, 8858, Neuburg/Donau, Bahnopbrape B 120 1/F, (F–13), drawing, reading, modern music, sports, correspondence. 38. Christina Glodschei, 8631 Weitramsdorf, Coburger Strabe 12, (F–14), swimming, painting, foreign countries. 39. 39. Ursula Bohler, 7631 Kutfeu, Hanptstr. 25, (F–15), reading, swimming, music. 40. Ursula Thrun, 46 Dortmund-Brackel, Bredowstr. 12, (F–15), postcards, dancing. 41. Dagmar Fickeis, 8153, Weyarn, Leh, (M–16) reading, stamps, postcards, animals & nature. 42. Horst-Dieter Postel, 79t7 Bad Baldsee, Amselweg 8, (15), stamps, sports and reading. 43. Sieglinde Reichstein, 403 Ratingen, Alter Kirchweg 44, (16), postcards, reading, swimming, bicycle. 44. Gisela Niggemann, 47 Hamm/West F, Ostenalleef, Deutschland, (F–15), reading, dancing, travelling, music. 45. Elisabeth Honig, 5112 Baesweiler, Wolfsweg 36, (F–15) reading, dancing, sports, music, movies, correspondence. (ચાલુ)

તાજેતરમાં ભારતના અનાજના ગંભીર પ્રશ્નમાં મદદ કરવા માટે હૉલૅન્ડનાં બાળકોએ બે દિવસ ખાવાનું જતું કર્યું હતું તે સમાચાર છાપામાં વાંચીને, મેં હૉલૅન્ડમાં એક પત્ર લખ્યો હતો. જેનો જવાબ આ સાથે મોકલું છું. એ વાંચશો એટલે આપોઆપ એમાં રહેલી ભાવના સમજી શકશો. ગુજરાતનાં બાળકોને એ ઉપયોગી થશે અને બે દેશનાં બાળકો વચ્ચે મૈત્રીનો સેતુ બાંધી શકાશે એ હેતુથી આપના પત્રમાં એ પ્રગટ કરશો એવી આશા રાખું છું. હું ગુજરાત લૉ સોસાયટીની અંગ્રેજી માધ્યમવાળી હાઈસ્કૂલની સાતમા વર્ગની વિદ્યાર્થિની છું, મારી ઉંમર ૧૩ વર્ષની છે. —મોના સંઘવી, અમદાવાદ

પત્ર

'આરંભમાં જ શું અમે તારા માયાળુ પત્ર બદલ આભાર માનીએ? ... તું જાણે છે તે મુજબ, અમે બે દિવસ ઉપવાસ કર્યા હતા અને એ ખૂબ જ સફળ થયા હતા. એ કાર્ય પણ જંગી હતું, એમાં ૨૦થી ૩૦ લાખ પૌંડની રકમ એકઠી થઈ હતી.

અરે હું તને મારી ઓળખ આપવી જ ભૂલી ગયો. માફ કરજે. મારું નામ ડીક ડીલીસી છે. ઉંમર ૧૫ વર્ષની છે અને હું નેધરલૅન્ડ્ઝમાં રહેડેન (જી. એલ. ડી.) ખાતે સેલ્સીન્જલમાં રહું છું.

હું રહેડેનની બર્ગોમાસ્ટરવૉડી બુઈન સ્કૂલમાં ત્રીજા વર્ગમાં અભ્યાસ કરું છું. મારા વર્ગશિક્ષકનું નામ શ્રી રોગેન છે. એમણે જ તારા દેશને મદદ કરવાનું સૂચન કર્યું હતું.

તું તારા વર્ગ અને અમારા વર્ગના વિદ્યાર્થીઓ વચ્ચે મૈત્રી સેતુ બાંધશે એ જાણીને મારા વર્ગના વિદ્યાર્થીઓ ખૂબ ખુશ થયા છે.

રહેડેન નગર નથી પરંતુ એક ગામડું છે. આ ગામમાં બે ઉત્પાદકો એક ઈજનેરી વર્ક્સ અને એક કૉન્ક્રિટનું કારખાનું છે. એટલે એ હું રહું છું તેવું ઔદ્યોગિક શહેર નથી.

હવે હું તને મારી શાળાના જે છોકરા-છોકરીઓ પત્રવ્યવહાર કરવા માગે છે તેમનાં નામ આપું છું. —તારો પરમ મિત્ર ડીક

પત્રમિત્ર થવા ઈચ્છતાં હૉલૅન્ડનાં આ વિદ્યાર્થીઓનાં નામસરનામાં નીચે આપ્યાં છે. એમાં છેલ્લા ખાનામાં પ્રથમ અક્ષર એમની જાતિ બતાવે છે. એટલે કે G=વિદ્યાર્થિની અને B=વિદ્યાર્થી એ પછીના આંકડા એમની ઉંમર દર્શાવે છે. અને છેલ્લે ફરી G કે B અથવા GB બંને તેઓ કોની સાથે–એટલે કે વિદ્યાર્થિની, વિદ્યાર્થી કે બંને સાથે પત્રવ્યવહાર કરવા ઇચ્છે છે તે સૂચવે છે.

નામ	સરનામું	જાતિ, ઉંમર અને પત્રમિત્રની ઇચ્છિત જાતિ
Clara Van der Zwan,	Doveneted St. 13 Rheden	G 14 BG
Bart Van Mourile,	Haverweg 75 Rheden	B 16 G
Wilma Van Hoogen,	Buurtweg 11 Rheden	G 15 G
Ria Bosveld,	Waardweg 46 Rheden	G 15 BG
Henk Van de Wearthof Pres,	Kennedylan 20 Velp (Gld)	B 17 G
Hanny Liet,	Arnhemseweg 20 Rheden	G 15 BG
Joop Brouwer,	Ambstjonjoher straat, 2 Rhenden	B 16 G
John Karssen,	Vorstrerstrat 20 Rheden	B 14 B
Pipi Melgert,	Havelandseweg 2 B Rheden	G 15 B
Ina Oonh,	Brochveldseweg 36 Rheden	G 16 BG
Atic Brouwer,	Oranjeweg 203 Rheden	G 15 BG
Herma Jansen,	Groene straat 34 Rheden	G 10 BG
Tilly Dorland,	Apollo straat 20 Rheden	G 17 BG
Iovert Van Lingen,	Parleweg 10 De Steeg (Gld)	B 16 G
Elly Oosterbrof,	Kerchstraat 19 Rheden	G 14 B
Marina Godeschalla,	Statonasweg 3 De Steeg (Gld)	G 15 B



રાધા - ગૌર ને પાતળા લંબગોળ ચહેરામાં લાંબું તીણું નાક, વળાંકદાર ઊંચી ધનુષ જેવી ભમ્મરો ને તેની નીચે લજ્જાથી નમેલી પોપચાંમાંથી ડોકાતી મોહક આંખ, મધુર હોઠ પર મરકતું સ્મિત ને એ ખધાની તીક્ષ્ણતા સાથે તાલ લેતી ચિબુક, એ સર્વમાંથી ટપકતું એક વિશિષ્ટ રૂપ-સર્જન એ કિશનગઢની રાજપૂત ચિત્રશૈલીએ કરેલા નારીરૂપના એક આગવા દર્શનનું ફળ છે. (પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમ-મુંબાઈના સૌજન્યથી)